૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 263 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 November 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૭ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



VEG JAIN

IATA

Velvet Vacations

By: NOVEX COMMUNICATIONS

# મંગલ શુભારંભ

તારીખ: 8th & 9th Nov. 2025

સમય: 11:30 am - થી - 5:30 pm

સંતોષકારક પ્રવાસોનુ સરનામુ એટલે
વેલ્વેટ વેકેશન્સ

બુક કરાવો
તમારા યાદગાર પ્રવાસો અને મેળવો ખરેખર આકર્ષક ઓફર



ભવ્ય ઉદ્ઘાટન સમારોહ :
૮ નવેમ્બર ૨૦૨૫ (શનિવાર) બપોરે ૧૨:૩૦ વાગે .... મુખ્ય અતિથિ
સુપ્રસિદ્ધ ગાયિકા લાલિત્ય મુન્શા
ના હસ્તે.

ઉદ્ઘાટન ની યાદગાર ક્ષણો નુ YOU TUBE LIVE પર પણ પ્રસારણ કરવા માં આવશે.

વેલ્વેટ વેકેશન્સ સહર્ષ પ્રસ્તુત કરે છે .... રાજસ્થાની મહારાજ સુવિધાઓ અને ૩૫ વર્ષો ના અનુભવી + મળતાવડા ગુજરાતી ટુર એક્સપર્ટ સંગાથે
"અમેરિકા ગ્રુપ ટુર્સ ૨૦૨૬"

૨૦૨૫ માં કિચન કેરેવાન સુવિધાઓ સાથે ૪૦૦ પ્રવાસીઓ માટે ખરેખર યાદગાર અને સફળતાપૂર્વક આયોજન કર્યા બાદ .... વેલ્વેટ વેકેશન્સ ફરી એક વાર સહર્ષ પ્રસ્તુત કરે છે
"યુરોપ ગ્રુપ ટુર્સ ૨૦૨૬"

આપની સુવિધા માટે પાર્કિંગ ઉપલબ્ધ છે.

## ઓપનિંગ સ્પેશિયલ ઓફર:

* શરતો લાગુ.

- માત્ર ₹8100/-* માં (પ્રતિ વ્યક્તિ) તમારી પસંદગીનો કોઈ પણ ટૂર બુક કરો!. સાથે મેળવો સરપ્રાઈઝ ભેટ.
- યુરોપ ટૂર પર સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹ 51,151/-
- મુંબઈ સાન્તાક્રુઝ ના જાણીતા "રામશ્યામ ચાટ ભંડાર વાળા" ની સ્વાદિષ્ટ ચાટ નો આનંદ માણો. 🙂

આ શુભપ્રસંગે આપની હાજરી અમારી માટે સન્માનરૂપ હશે.
આવો અને નવા પ્રવાસની નવી દિશા સાથે જોડાઈ જાવ!

ઉંડા અભ્યાસ અને વર્ષો ના અનુભવી ટીમ મેમ્બર્સ દ્વારા આયોજીત ...
રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે ની ખરેખર પૈસા વસુલ ટુરો એટલે કે
"વેલ્વેટ વેકેશન્સ"

VENUE
R-WING, (G2) ગ્રાઉન્ડ ફ્લોર, રેમી બિઝ કોર્ટ, પ્લોટ નં 9, શાહ ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ઓફ. વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - 400058.

CALL:
+91 8108012096
+91 8108013951

www.velvetvacations.in

Skyline Holidays

# ૨૦૦૨ના રમખાણ કેસમાં મોટો ચુકાદો, કોર્ટે ત્રણ આરોપીને નિર્દોષ જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં થયેલા ૨૦૦૨ના રમખાણો અંગે અત્યારે પણ ચર્ચા કરવામાં આવે છે. કોર્ટે ૨૦૦૨ના રમખાણ કેસમાં ત્રણ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતાં. આ ત્રણેયની સામે એક વીડિયોગ્રાફરે કરેલી ફરિયાદના આધારે કેસ નોંધાયો હતો, જેમાં રમખાણો દરમિયાન લીધેલા વીડિયો રેકોર્ડિંગમાં આરોપીઓ પાસે એકે-૪૭ રાઇફલ દેખાતી હોવાનું જણાયું હતું. પરંતુ તે વીડિયો ફૂટેજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા નહોતા અને વીડિયોગ્રાફર પોતે ફરી ગયો હતો.

આ કેસ ૧૪ એપ્રિલ, ૨૦૦૨ના રોજ થયેલા રમખાણોના સંબંધમાં દરિયાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી બે એફઆઈઆર સાથે સંબંધિત હતો. આ એફઆઈઆર ત્યારે નોંધવામાં આવી હતી ત્યારે સ્થાનિક વીડિયોગ્રાફર સતીશ દલવાડીએ એક વીએચએસ કેસેટ રજૂ કરી હતી. જેમાં કથિત રીતે આરોપીઓ આલમગીરી શેખ, હનીફ શેખ, ઇમ્તિયાઝ શેખ, રઉફમિયા સૈયદ અને અન્ય લોકોને હિંસામાં સામેલ બતાવવામાં આવ્યા હતા. દલવાડી સ્થાનિક શાંતિ સમિતિના સભ્ય હતા અને તત્કાલીન દરિયાપુર પોલીસ ઇન્સ્પેક્ટર, આર.એચ. રાઠોડે તેમને કોમી હિંસાની કોઈપણ ઘટનાઓ રેકોર્ડ કરવા માટે કહ્યું હતું.

આ કેસમાં અદાલતમાં કહ્યું હતું કે તેમણે કેમેરામાં શું શૂટ કર્યું હતું તે તેમને ખબર નથી. ત્યારના પોલીસ સબ-ઇન્સ્પેક્ટર એચ.એચ. ચૌહાણ પણ હોસ્ટાઇલ થયા હતાં.

અદાલતે જણાવ્યું કે આ કેસની કાર્યવાહી દરમિયાન અદાલત સમક્ષ વીડિયો કેસેટ રજૂ કરવામાં આવી નથી. આ કેસમાં કોઈ હથિયાર પણ મળી આવ્યું નથી, તેમજ એવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયો નથી કે આરોપીઓ પાસે ગુનાના સમયે હથિયાર હતા. જેથી ત્રણેય આરોપીને નિર્દોષ જાહેર કર્યા કરવામાં આવ્યાં હતાં. ■

# વડા પ્રધાન મોદી ૧૫મી નવેમ્બરે ફરી ગુજરાતમાં

## બુલેટ ટ્રેનના અંત્રોલી સ્ટેશનની મુલાકાત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ નવેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સમીક્ષા કરશે. પીએમ મોદી સુરત અને બીલીમોરા વચ્ચે શરૂ થનારી બુલેટ ટ્રેન કામગીરીની સમીક્ષા કરશે. તેઓ અંત્રોલી સ્ટેશનની મુલાકાત લેશે. બુલેટ ટ્રેન કામગીરીની સમીક્ષા બાદ અધિકારીઓ સાથે વડા પ્રધાન બેઠક કરશે અને અત્યાર સુધીની કામગીરીની માહિતી મેળવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પીએમ મોદી ૧૫ નવેમ્બરે ગુજરાતના ડેડિયાપાડાની મુલાકાત લેશે. રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ આદિવાસી ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે પીએમ મોદી ગુજરાત આવશે અને મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીમાં ભાગ લેશે. કેન્દ્ર સરકારે બિરસા મુંડાની જન્મજયંતીને આદિવાસી ગૌરવ દિવસ તરીકે જાહેર કરી છે.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી ૧૫ દિવસમાં બીજી વખત ગુજરાતની મુલાકાતે પધારશે. આ પહેલા ૩૦-૩૧ ઓક્ટોબરે કેવડિયામાં યોજાયેલી એકતા પરેડમાં સામેલ થયા હતા. ■

# ગર્લફ્રેન્ડને સંબંધી ગણી શકાય નહીંઃ ગુજરાત હાઈ કોર્ટનું મહત્ત્વનું તારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટે વધુ એક વખત મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. કોર્ટે ગર્લફ્રેન્ડને સંબંધી ગણવાની ના પાડી હતી. કોર્ટે એક આદેશમાં ફરિયાદ કરનારી મહિલાના પતિની કથિત ગર્લફ્રેન્ડ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરી હતી. ગર્લફ્રેન્ડ સંબંધીની વ્યાખ્યામાં આવતી ન હોવાનું કહ્યું હતું.

કોર્ટે અમદાવાદ શહેર પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ક્રૂરતા, વિશ્વાસઘાત અને ગુનાહિત ધમકી સહિતના ગુનાઓ માટે નોંધાયેલી એફઆઈઆરમાં નામ ધરાવતી મહિલાની અરજી પર સુનાવણી કરી રહી હતી.

આ મહિલાનો કથિત સંબંધ જે પુરુષ સાથે છે, તેની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે આ મહિલા પતિની ગર્લફ્રેન્ડ છે. જોકે, કોર્ટે નોંધ્યું કે, અરજદાર ફરિયાદ કરનારના પતિ સાથે સંબંધમાં હતી તેવા આક્ષેપો સિવાય, અરજદાર વિરુદ્ધ અન્ય કોઈ આક્ષેપો કરવામાં આવ્યા નથી.

આ કેસની અધ્યક્ષતા કરી રહેલા ન્યાયાધીશ જે.સી. દોશીએ કલમ ૪૯૮અ હેઠળના આરોપો અરજદારને લાગુ ન થઈ શકે તે નક્કી કરવા માટે સુપ્રીમ કોર્ટના સ્થાપિત ચુકાદાઓ ઉપર આધાર રાખ્યો હતો. કોર્ટે અન્ય કેસોમાં સુપ્રીમ કોર્ટે આપેલા નિર્ણયોને ટાંક્યા હતા.

સુપ્રીમ કોર્ટને ટાંકીને ન્યાયધીશ દોશીએ નોંધ્યું હતું કે કોઈ પણ સંજોગોમાં ગર્લફ્રેન્ડને સંબંધી ગણી શકાય નહીં. સંબંધી શબ્દ તેના કાર્યક્ષેત્રમાં એક ચોક્કસ દરજ્જો લાવે છે. આવો દરજ્જો કાં તો લોહી, લગ્ન અથવા દત્તક દ્વારા મળવો જોઈએ. આમ કહી હાઇ કોર્ટે જે સ્ત્રી સાથે પુરુષે લગ્નની બહાર રોમેન્ટિક કે જાતીય સંબંધ રાખ્યો હોય તેને સંબંધી તરીકે ગણી શકાય નહીં તે સિદ્ધાંતને સમર્થન આપ્યું હતું. ■

# કૉંગ્રેસે સોમનાથથી કિસાન આક્રોશ યાત્રાની કરી શરૂઆત, આઠ માગણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતોની વેદનાને વાચા આપવા માટે થઈને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ દ્વારા સોમનાથથી કિસાન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં વેરાવળ ખાતે સૌપ્રથમ કિસાન સભાનું આયોજન થયું હતું. ત્યારબાદ સૌ આગેવાનો અને યાત્રામાં જોડાનાર સૌએ સોમનાથ દાદાના દર્શન કરીને યાત્રાની શરૂઆત કરી હતી.

આ દરમિયાન અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્યમા કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે ત્યારે ખેડૂતો સરકાર પાસે સંતોષકારક સહાયની આશા રાખીને બેઠી છે બીજી તરફ વિપક્ષ પણ ખેડૂતોને સહાય અને પાકધિરાણ માફ કરવાના મુદ્દે આક્રમક વલણ દાખવી રહી છે. ચોમાસાની સિઝન લણવાના સમયે જ કમોસમી વરસાદ વરસ્યો હોવાથી ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમા નુકસાન થયું છે ખાસ કરીને મગફળી , સોયાબીન, કપાસ સહિતના પાકોને સંપૂર્ણ નુકસાન થયું છે અને વધીને અનેક વિસ્તારોમા શિયાળાની સિઝનના પાકો જેમ કે જીરુના પાકને કમોસમી વરસાદના લીધે નુકસાન થયું છે. જેથી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના આ તમામ પ્રકારની લાગણીને ધ્યાને લઈને ઉપરોક્ત હક્ક માટે કિસાન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું

આ યાત્રા ૬ નવેમ્બરે ભગવાન સોમનાથના આશીર્વાદથી શરૂ થઈ હતી. જે ૧૩ નવેમ્બરે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ નમાવી સમાપન થશે. આ યાત્રા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાંથી પસાર થશે અને ખેડૂતો, ખેત મજૂરો, સાગર ખેડૂઓ તથા પશુપાલકોની મુશ્કેલીઓ અને હકોની માગને સરકાર સુધી પહોંચાડશે. કમોસમી વરસાદને કારણે મગફળી, કપાસ, ડાંગર, સોયાબીન, ડુંગળી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે.

કૉંગ્રેસ પક્ષ દ્વારા આઠ મુખ્ય માગણીઓ રાખવામાં આવી છે. જેમાં ખેડૂતોનું દેવું માફ કરવા, પાકવીમા યોજના તાત્કાલિક શરૂ કરવા, ખેડૂતોને સીધી સહાય આપવી, ખોટી જમીન માપણી રદ કરવી, જમીન સંપાદન કાયદામાં સુધારણા, નકલી બિયારણ-દવા પર લગામ લગાવવા, પશુપાલકોને સહાય આપવા અને સાગર ખેડુઓ અને ખેતમજૂરો માટે વળતર આપવાની માગણી સામેલ છે. ■

# સુરતના અનેક વિસ્તારોમાં 'દાદા' બનનાર સલમાન લસ્સીને પોલીસે ફિલ્મી ઢબે દબોચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં આતંક મચાવનારા સલમાન લસ્સીને ક્રાઈમ બ્રાંચે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો હતો. આરોપી નવસારીના ડાભેલ ગામમાં છુપાયો હોવાની બાતમી મળ્યા બાદ પોલીસ ત્યાં પહોંચી હતી. આ સમયે ધરપકડથી બચવા સલમાન લસ્સીએ પીઆઈ સોઢા પર ચપ્પુથી હુમલો કર્યો હતો. જેના કારણે પીઆઈએ સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું. ગોળી વાગતા આરોપીને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ક્રાઇમ બ્રાંચના પીઆઇ કિરણ મોદી અને પીઆઇ પીકે સોઢાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, સુરતના ભેસ્તાનમાં ૨૧ ઓક્ટોબરના થયેલી હત્યા અને અન્ય ૧૫થી ૧૭ ગુનાનો વોન્ટેડ આરોપી સલમાન લસ્સી નવસારીના ડાભેલ ગામમાં છુપાઈને રહે છે.

બાતમી બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ડાભેલ ગામમાં પહોંચી હતી. ક્રાઈમ બ્રાંચે આરોપી માટે ભાગી છૂટવાનો કોઈ રસ્તો બાકી રાખ્યો નહોતો. સલમાન લસ્સી જે રૂમમાં છુપાયો હતો, તે રૂમ અંદરથી બંધ હતો, પરંતુ તેને ખબર પડી ગઈ કે પોલીસ તેને પકડવા આવી ગઈ છે.

ક્રાઈમ બ્રાંચે તેને આત્મસમર્પણ કરવા માટે કહ્યું, પરંતુ અંદર છુપાયેલો લસ્સી બહાર આવવા તૈયાર નહોતો. આ દરમિયાન આરોપી સલમાન લસ્સીએ ક્રાઈમ બ્રાંચના બંને પીઆઇને ચપ્પુ બતાવીને હુમલો કર્યો અને ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પીઆઈ પીકે સોઢાએ સ્વબચાવમાં પોતાની સર્વિસ રિવોલ્વરથી તેના જમણા પગ પર ગોળી મારી હતી.

સલમાન લસ્સી પર મારામારી સાથે સાથે હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી સહિતના કુલ ૧૫થી પણ વધારે ગંભીર ગુનાઓ દાખલ થયેલા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ભેસ્તાનમાં થયેલા શકીલ નામના યુવકની હત્યામાં સલમાન લસ્સીને મુખ્ય વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. સલમાન લસ્સીનો સુરત શહેરના ડિંડોલી, લિંબાયત અને ભેસ્તાન વિસ્તારમાં ખૂબ આતંક હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# સુરત દુષ્કર્મ કેસમાં આસારામને ગુજરાત હાઇ કોર્ટે છ મહિનાના જામીન આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત દુષ્કર્મ કેસમાં ગુજરાત હાઇ કોર્ટે આસારામને છ મહિનાના જામીન આપ્યા હતા. આસારામ વતી રજૂઆત કરવામાં આવી કે, જોધપુર કોર્ટે ૮૬ વર્ષના આસારામને છ મહિના માટે જામીન આપ્યા હતા. તે હૃદય સંબંધિત બીમારીથી પીડિત છે અને સારવાર મેળવવાનો હક્ક છે. કોર્ટે કહ્યું આસારામની મેડિકલ પરિસ્થિતિને આધારે તેને જોધપુર હાઇ કોર્ટે જામીન આપ્યા હોવાથી ગુજરાત હાઇ કોર્ટ તેમાં અલગ વલણ અપનાવી શકે તેમ નથી.

વર્ષ ૨૦૧૩ના દુષ્કર્મ કેસમાં દોષી ઠરેલા આસારામને જામીન ન આપવા બાબતે સરકાર પક્ષે કોર્ટમાં રજૂઆત કરી હતી કે જો જોધપુર જેલમાં મેડિકલ ફેસિલિટી પૂરતી ના હોય તો સાબરમતી જેલમાં ટ્રાન્સફર કરો. જ્યારે પીડિતાના વકીલ કહ્યું કે, આવી પરિસ્થિતિમાં આસારામ અમદાવાદ, જોધપુર, ઇન્દોર વગેરે જગ્યાએ ફર્યો, કોઈ હૉસ્પિટલમાં લાંબો સમય સારવાર લીધી નથી. સારવાર મળતી હોય તો જામીનની ક્યાં જરૂર છે. હાલમાં તેની મેડિકલ સેન્ટર જોધપુરમાં ડૉકટરોની દેખરેખ હેઠળ સારવાર ચાલુ છે. હંગામી જામીન આપવાની જરૂર નથી. ■

# અમદાવાદમાં સિક્યોરિટી ગાર્ડ્સ મર્સિડીઝ લઈને ફરાર, બીએમડબલ્યુમાં પણ કરી તોડફોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના જાણીતા એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા રહેણાંક વિસ્તારમાં ફરજ બજાવતા બે સિક્યોરિટી ગાર્ડ્સ રૂ. ૪૦ લાખ જેટલી કિંમતની બે મર્સિડીઝ-બેન્ઝ કાર લઈને ગાયબ થઈ ગયા હતા અને એક બીએમડબલ્યુ કારની તોડફોડ કરી હતી. રિયલ એસ્ટેટ સાથે જોડાયેલા કારના માલિકે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેમણે સોમવારે રાત્રે એપાર્ટમેન્ટના પાર્કિંગમાં બંને વાહન પાર્ક કર્યા હતા, અને રાત્રે ચાવી સિક્યોરિટીની કેબિનમાં છોડી હતી. મંગળવારે સવારે તેમના મોબાઈલ ફોન પર ટોલ ટેક્સ અંગેના બે મેસેજ આવ્યા હતા અને તેમની મર્સિડીઝ અમદાવાદ શહેરની બહાર છે, તેવું નોટિફિકેશન તેમને મળ્યું હતું. તેમણે જ્યારે પાર્કિંગમાં ચેક કર્યું ત્યારે ધ્યાનમાં આવ્યું કે મર્સિડીઝ ગાયબ છે અને બીએમડબલ્યુને ઘણું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. ત્યારબાદ તેમને ધ્યાનમાં આવ્યું હતું કે તેમની સોસાયટીમાં ફરજ બજાવતા બન્ને સિક્યોરિટી ગાર્ડ્સ ગાયબ થઈ ગયા છે.

નવરંગપુરા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. હાલમાં પોલીસ તપાસ ચાલી રહી છે, અધિકારીઓ આસપાસના વિસ્તારો અને ટોલ પ્લાઝામાંથી સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહ્યા છે જેથી આરોપીઓને શોધી શકાય અને ચોરાયેલાં વાહન પાછી મેળવી શકાય. ■

# અમદાવાદમાં પાળેલા શ્વાને બે બાળકને કરડી ખાધાઃ માલિક સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ન્યૂ મણિગનર વિસ્તારમાં એક જર્મન શેફર્ડ પાળતું શ્વાને બે બાળકને કરડી લીધાની ઘટના ઘટી હતી. અહીં આવેલા શરણમ્ એલિગન્સમાં બનેલી આ ઘટનામાં પાળતું શ્વાનના માલિક સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. બુધવારે બપોરના સમયે બનેલી આ ઘટનામાં સંગીતાબેન વાણિયાર નામની મહિલા પોતાના શ્વાનને સોસાયટીના પરિસરમાં ફરવા લઈ આવ્યાં હતાં ત્યારે ત્યાંથી પસાર થતા બે બાળકોને આ શ્વાન કરડી ગયો હતો. એક બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. બન્ને બાળકને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. એક બાળકના પિતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને મહિલાની બેદરકારીને લીધે આ ઘટના બની હોવાનું જણાવ્યું હતું.

હવે પોલીસે સંગીતાબેન સામે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૨૯૧ અને ૪૨૫(એ) હેઠળ ગુનો નોંધ્યો છે. સજામાં છ મહિના સુધીની જેલ, રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ અથવા બંનેનો સમાવેશ થઈ શકે છે. અગાઉ અહીંના હાથીજણ વિસ્તારમાં પાળતું શ્વાને ચાર મહિનાની બાળકીને ફાડી ખાધી હતી અને તેનું મોત નિપજ્યું હતું. ત્યારબાદ પાળતું શ્વાનના રજિસ્ટ્રેશન વગેરે મામલે મહાનગરપાલિકાએ સખત નિયમો બહાર પાડ્યા હતા. ■

# ગુજરાતમાં હવે વર્તાશે શિયાળોઃ કમોસમી વરસાદની શક્યતા નહીંવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કમોસમી વરસાદે તારાજી સર્જી છે અને ખેડૂતોને પારાવાર નુકસાન ગયું છે ત્યારે હવામાન ખાતાએ થોડી રાહત આપતા જણાવ્યું છે કે રાજ્યમાં હવે વરસાદની શક્યતા નહીવત્ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર લગભગ એકાદ અઠવાડિયા સુધી ગુજરાતભરમા ઠંડીનો અનુભવ થશે. આમ તો ઑક્ટોબર મહિનામાં ગરમી અનુભવાતી હોય છે અને નવેમ્બરથી ઠંડીની શરૂઆત થતી હોય છે, પરંતુ ચાલુ વર્ષે રાજ્યમાં ઠેર ઠેર માવઠાંએ ઋતુચક્ર બદલી નાખ્યું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ચાર-પાંચ દિવસ સુધી દિવસે ૩૨થી ૩૫ અને રાત્રે ૨૨થી ૨૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેવાની સંભાવના છે. છેલ્લા બે-ત્રણ દિવસથી અમદાવાદ, વડોદરા, ગાંધીનગરમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧ કે ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧-૨૨ જેટલું નોંધાયું હતું. સૌરાષ્ટ્રમાં રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગરમાં પણ આ પ્રકારે જ તાપમાન નોંધાયું હતું. જ્યારે કચ્છના ભુજમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ પહોંચ્યું હતુ અને લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવે વરસાદની શક્યતાઓ નહિવત છે. ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધશે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી સાંજથી ઠંડો પવન ફૂંકાશે. પવનોની દિશા બદલાતા તાપમાનનો પારો ગગડશે. જોકે દિવસ દરમિયાન ગરમી અનુભવાશે, તેમ પણ હવામાન વિભાગે જણાવ્યું હતું. ■

# નર્સિંગ-ફિઝિયોથેરાપીમાં વિદ્યાર્થીઓ ઘટ્યા, ૪૦ જેટલી કૉલેજોને લાગ્યાં તાળાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષણનો વિસ્તાર સતત વધી રહ્યો છે. દરેક ક્ષેત્રમાં શિક્ષણ અત્યારે મહત્ત્વનો ભાગ ભજવે છે. ધોરણ ૧૨ સાયન્સ પછીના પેરામેડિકલ કોર્સીસમાં બીએસસી નર્સિંગ, જનરલ નર્સિંગ અને ઓક્ઝિલરી નર્સિંગ સહિતના નર્સિંગના ત્રણ કોર્સીસમાં અનેક નવી કોલેજોએ સરકારી ચોપડે નોંધાતી રહે છે. એક અહેવાલ પ્રમાણે ૨૦૨૧ બાદ ગુજરાતમાં ૩૦૦ નવી નર્સિંગ કોલેજો શરૂ થઈ છે. નવી કોલેજો બની રહી છે કે, પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેના કારણે રાજ્યમાં ફીઝિયોથેરાપી અને નર્સિંગની ૪૦ ખાનગી કોલેજો બંધ થઈ ગઈ છે.

બીએસસી નર્સિંગ, જનરલ નર્સિંગ, ઓક્ઝિલરી નર્સિંગ તેમજ ફીઝિયોથેરાપી અને ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી તથા નેચરોપેથી સહિતના પેરામેડિકલ કોર્સીસમાં હાલ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની રાજ્યમાં કુલ ૧૧૦૦થી વધુ કોલેજો ચાલુ છે. એટલું જ નહીં પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં અનેક નવી ખાનગી કોલેજો પણ શરૂ થઈ છે. કોરોના બાદ નવી નર્સિંગ કોલેજો માટે ૧૦૦થી ૧૫૦ જેટલી સંસ્થાઓ અરજી કરી હતી.

આંકડા પ્રમાણે અત્યારે પેરામેડિકલમાં ૫૦ હજારથી વધુ બેઠકો છે પરંતુ સામે પ્રવેશ માટે ૧૫થી ૨૦ હજાર વિદ્યાર્થીઓ જ છે. જેના કારણે ખાનગી કોલેજોમાં વિદ્યાર્થીઓ જતા નથી. જેના લીધે રાજ્યમાં નર્સિંગ અને ફીઝિયોથેરાપીની ૪૦ જેટલી ખાનગી કોલેજો બંધ થઈ છે. બંધ થયેલી આ ખાનગી કોલેજોમાં એએનએમની ૧૮, બીએસસી નર્સિંગની ૧૨ અને જીએનએમની ૬ તથા ફીઝિયોથેરાપીની ૪ કોલેજ સામેલ છે. જ્યારે વિદ્યાર્થીઓ ના મળતા હોવાથી અનેક કોલેજો તો બિલ્ડીંગને અન્ય રીતે ઉપયોગમાં લેવાનું વિચારી રહી છે. ■

# વલસાડમાં ડીઆરઆઈએ કરી મોટી કાર્યવાહી, ૨૨ કરોડ રૂપિયાનું ડ્રગ્સ કર્યું જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

વલસાડઃ ડીઆરઆઈએ વલસાડમાં મોટી કાર્યવાહી કરી હતી. ફેક્ટરી પર દરોડો પાડીને ૨૨ કરોડ રૂપિયાની અલ્પ્રાઝોલમ નામની દવા જપ્ત કરી હતી. આ કાર્યવાહી દરમિયાન ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં આ કાળા કારોબારનો મુખ્ય સૂત્રધાર, ફાયનાન્સર અને નિર્માતા સામેલ છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આ જથ્થો તેલંગણા મોકલવાનો હતો અને તેને તાડીમાં મિક્સ કરવાની યોજના હતી.

ફેક્ટરીના માલિકો તરીકે ચંદ્રકાંત કેછડા અને અશોક મૂળજી પિઠારિયાની ઓળખ થઈ હતી. ડીઆરઆઈએ આરોપીઓના રિમાન્ડ મેળવીને વધુ તપાસ હાથ ધરી હતી. આ ફેક્ટરી વલસાડના અટગામ વિસ્તારમાં લાયસન્સ વિના છેલ્લા એક વર્ષથી ચાલતી હતી. દરોડા દરમિયાન ડ્રગ્સના જથ્થા ઉપરાંત આરોપીઓ પાસેથી મશીનરી, કેમિકલ્સ અને અન્ય મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો હતો, જેમાં ૯.૫૫ કિલો ફિનિશ્ડ અલ્પ્રાઝોલમ અને ૧૦૪.૧૫ કિલો સેમી-ફિનિશ્ડ ફોર્મમાં જપ્ત કરવામાં આવ્યો હતો. આ સિવાય ૪૩૧ કિલો કાચો માલ અને રસાયણોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ડીઆરઆઈના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ફેક્ટરીમાં તૈયાર થતા પ્રવાહી ડ્રગ્સને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ સપ્લાય કરવામાં આવતો હતો.

આરોપીઓ આ પ્રવાહી ડ્રગ્સનો કાચો માલ ક્યાંથી લાવતા હતા, કેવી રીતે બનાવતા હતા અને ક્યાં વેચાણ કરતા હતા તેની વિગતો મેળવવા માટે પૂછપરછ કરવાની બાકી છે. અગાઉ પણ, ડીઆરઆઈએ ઓગસ્ટ મહિનામાં આંધ્ર પ્રદેશના અનાકાપલ્લી જિલ્લાના અચ્યુતપુરમમાં પણ આવી જ એક અલ્પ્રાઝોલમ ઉત્પાદન યુનિટનો પર્દાફાશ કર્યો હતો. તે સમયે જપ્ત કરાયેલ ૧૧૯.૪ કિલો અલ્પ્રાઝોલમ પણ આ જ હેતુસર તેલંગાણા મોકલવાનો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# મહેસાણામાં સર્વેઃ ૪૬,૨૩૭ ખેડૂતોને માવઠાનો માર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણામાં કમોસમી વરસાદને કારણે ખરીફ પાકને ભારે નુકસાન થયું છે. વરસાદ ઓછો થયા બાદ ખેતીવાડી વિભાગની ૧૮૪ ટીમો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ટીમોએ ગણતરીના દિવસોમાં ૬૧૦ ગામોની અસરગ્રસ્ત ૬૮,૯૦૭ હેક્ટર જમીનનો સર્વે પૂર્ણ કર્યો હતો. મહેસાણા જિલ્લાના ૪૬,૨૩૭ ખેડૂતોને માવઠાના કારણે ભારે નુકસાન થયું છે. આ સાથે ૭,૬૮૬ હેક્ટર જમીનમાં વાવેલ અડદ, મઠ, ગુવાર, ડાંગર, મગફળીના પાકને બહોળા પ્રમાણમાં નુકસાન થયું છે.

મહેસાણા જિલ્લામાં આ ચોમાસુ સિઝનમાં ૨.૭૯ લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું હતું. જ્યારે પાક લેવાની તૈયારીમાં હતો ત્યારે ખેડૂતો પર માવઠાનો માર પડ્યો અને આખો પાક ખાક થઈ ગયો. ખેતીવાડી વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વે રિપોર્ટ પ્રમાણે, કાપણી ટાણે વરસાદ થયો તેના કારણે મગફળીના પાકને સૌથી વધુ ૨૩.૨૮ કરોડનું અને ડાંગરના પાકને રૂપિયા ૧૨.૮૮ કરોડનું નુકસાન થયું છે. સર્વે પ્રમાણે ખેડૂતોને અંદાજે ૪૭.૦૬ કરોડથી પણ વધારેની સહાય તે જરૂરી છે. જોકે, સરકાર દ્વારા હજી સહાયનો આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. અસરગ્રસ્ત થયેલા ૧૮,૮૫૩ હેક્ટર પૈકી ૧૩,૬૯૯ હેક્ટરના પાકને નુકસાન થયું છે. કાપણી અવસ્થાએ આવેલી મગફળીના પાકને રૂપિયા ૨૩.૨૮ કરોડનું નુકસાન થયું છે. આ સાથે ૭૫૮૨ હેક્ટરના ડાંગરનો પાક પણ નિષ્ફળ થયો છે જેથી, ડાંગરમાં આશરે રૂપિયા ૧૨.૮૮ કરોડનું નુકસાન થયું છે. આ જિલ્લામાં ૪૬૪૫ હેક્ટરમાં વેવાલા ઘાસચારામાં રૂપિયા ૭.૮૯ કરોડનું નુકસાન થયું છે. અડદના પાકમાં રૂપિયા ૧.૫૭ કરોડનું નુકસાન, ગવાર પાકમાં રૂપિયા ૯૪.૩૫ લાખનું નુકસાન અને મઠના પાકમાં રૂપિયા ૩૫.૩૬ લાખનું નુકસાનનો થયું હોવાનો અંદાજ છે. ■

# પેરામેડિકલ કોર્સમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ દેખાડ્યો ઓછો ઉત્સાહ, ૩૧,૮૦૦ બેઠક ખાલી

અમદાવાદઃ ગુજરાતમાં વિદ્યાર્થીઓને પેરામેડિકલમાંથી રસ ઓછો થઈ રહ્યો તેમ આંકડાઓ જણાવી રહ્યા છે. પાંચમા રાઉન્ડ બાદ પણ રાજ્યમાં પેરામેડિકલની ૩૧,૮૦૦ સીટ ખાલી રહી હતી, તેમ એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.

નર્સિંગ અને ફિઝિયોથેરાપી સહિતના ૧૦ મુખ્ય પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઇડ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ (જીપીએનએએમઈસી) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે બેઠક ફાળવણીનો પાંચમો રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો હતો. આ રાઉન્ડમાં કુલ ૭,૧૫૫ ઉમેદવારોએ ભાગ લીધો હતો. તેમની પસંદગીઓના આધારે, ૨,૮૩૩ વિદ્યાર્થીઓને નવી ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે ૩૧૦ વિદ્યાર્થીની અગાઉના રાઉન્ડમાંથી બેઠક અપગ્રેડ થઈ હતી. આમ, પાંચમા રાઉન્ડમાં કુલ ૩,૧૪૩ ઉમેદવારોએ પ્રવેશ મેળવ્યો હતો. કમિટીના જણાવ્યા મુજબ, કુલ ૫૧,૭૯૦ બેઠકમાંથી અત્યાર સુધીમાં ૨૦,૯૨૦ બેઠક ભરાઈ ગઈ છે, જ્યારે પાંચ રાઉન્ડ પછી પણ ૩૧,૮૭૦ બેઠકો ખાલી રહી છે. વર્તમાન રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને બેઠકો ફાળવવામાં આવી છે, તેમને ૧૧ નવેમ્બર સુધીમાં તેમના પ્રવેશ કન્ફર્મ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. ■

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 263 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 November 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૭ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ



બાપુએ કમાલ કરીઃ ઑસ્ટ્રેલિયાને હરાવ્યું, હવે સિરીઝ હારનો ડર નહીં

૧૧

### સેન્ટ્રલ રેલવેમાં સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન પાસે ભયંકર ટ્રૅજેડી

# દોષીઓને છાવરવા માટેની હડતાળે બે નિર્દોષનો જીવ લીધો

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,178/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## મુમ્બ્રા અકસ્માત માટે જવાબદાર ઠેરવાયેલા એન્જિનિયરોના સમર્થનમાં મધ્ય રેલવેના કર્મચારીઓએ સાંજના પીક-અવર્સમાં હડતાળ કરી ને ટ્રેનો બંધ કરીઃ આમાં સર્જાયેલી અરાજકતામાં ટ્રેક પર ચાલી રહેલા ચાર પ્રવાસીને ટ્રેને ઉડાવ્યા, આમાંનાં બેનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેના મુમ્બ્રા રેલવે સ્ટેશન ખાતે પાંચ જણનો ભોગ લેનારી ટ્રેજેડી માટે એન્જિનિયરોને દોષી ઠેરવતા જીઆરપીના અહેવાલના વિરોધમાં મધ્ય રેલવેના કર્મચારીઓએ આક્રમક રસ્તો અપનાવ્યો હતો. રેલવે પોલીસે દોષી એન્જિનિયર પર નિશાન સાધવાને કારણે તેની વિરુદ્ધમાં રેલવે કર્મચારીઓએ આંદોલન કરીને ટ્રેનસેવાને અટકાવી હતી, પરંતુ ત્યાર બાદ સર્જાયેલી અંધાધૂંધીને કારણે બે નિર્દોષ પ્રવાસીના જીવ ગયા હતા, જ્યારે અન્ય ઘણા પ્રવાસીને ઈજા પહોંચી હતી. બન્યું એવું કે ટ્રેનો બંધ થતા ઘણા પ્રવાસીઓ પાટા પર ચાલી રહ્યા હતા અને સેન્ડહર્સ્ટ સ્ટેશન નજીક અંબરનાથ તરફ જતી ટ્રેન અચાનક આવતા ચાર પ્રવાસી તેની નીચે આવી ગયા હતા. આમાંના બે - હેલી મોમાયા અને મીરા રોડના સૂર્યકાંત નાઈક-નાં જીવ ગયા હતા જ્યારે ખૂશ્બુ મોમાયા અને કૈફ ચૌઘુલે ઘાયલ થયા હતા જેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આ બનાવ ગુરુવારે ૬.૫૦ વાગ્યાના સુમારે બન્યો હતો. રેલવે કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન કરીને ટ્રેનસેવાને રોકી દીધી હતી, ત્યાર પછી ૪૦ મિનિટ પછી ટ્રેનસેવા શરૂ કરવામાં આવી હતી, પરંતુ

(જુઓ પાનું ૨) ▶▶

**વાંક કોનો ને ડામ કોને?:** સેન્ટ્રલ રેલવેના કર્મચારીઓએ ગુરુવારે સાંજે હડતાળ પાડતા સીએસએમટી સ્ટેશન પર પ્રવાસીઓની જબરજસ્ત ભીડ થઈ હતી. (અમય ખરાડે)



# બિહારમાં પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૬૫ ટકા મતદાન



**મતદારોએ રંગ રાખ્યોઃ** બિહારમાં ગઈ કાલે થયેલી પહેલા તબક્કાની ચૂંટણીમાં પટણામાં મોટી સંખ્યામાં વોટરોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. (એજન્સી)

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૨૧ બેઠક માટે અંદાજે ૬૫ ટકા મતદાન થયું હતું.

મતદાનના દિવસે નાયબ મુખ્ય પ્રધાન વિજયકુમાર સિંહાના વાહનોના કાફલા પર વિપક્ષના ટેકેદારોએ હુમલો કર્યો હતો. આ ઉપરાંત, હિંસાના છૂટાછવાયા બનાવો બન્યા હતા.

બેગુસરાઇ જિલ્લામાં સૌથી વધારે (૬૭.૩૨ ટકા) મતદાન થયું હતું. તે પછી સમસ્તીપુરમાં ૬૬.૬૫ ટકા અને માધેપુરામાં ૬૫.૭૪ ટકા મતદાન થયું હતું.

બિહારમાં એનડીએની

(જુઓ પાનું ૨) ▶▶

### ઓનલાઈન બૅટિંગ કેસ

# સુરેશ રાઈના-શિખર ધવનની ૧૧.૧૪ કરોડની સંપત્તિ જપ્ત





નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરો સુરેશ રાઈના અને શિખર ધવનની મુશ્કેલીઓ વધી છે. એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી) એ બૅટિંગ ઍપ કેસના સંદર્ભમાં બંને ખેલાડીઓની ૧૧.૧૪ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ઓનલાઈન સટ્ટાબાજી એપ વનએક્સબેટ વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ શિખર ધવનની ૪.૫ કરોડ રૂપિયાની અચલ સંપત્તિ અને સુરેશ રૈનાના ૬.૬૪ કરોડ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડનું રોકાણ જપ્ત કરવા માટેનો

(જુઓ પાનું ૨) ▶▶

# ફડણવીસ ફરી ફસાયાઃ આ વખતે અજિત પવારના દીકરાનું જમીનકાંડ

### ૧૮૦૦ કરોડની પુણેની જમીન ૩૦૦ કરોડમાં ખરીદી અને ૨૧ કરોડને બદલે ૫૦૦ રૂપિયા જ સ્ટેમ્પ ડ્યૂટી ભરી

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાજપની સમસ્યાઓનો કોઈ અંત જોવા મળતો નથી. કોઈપણ રીતે સંબંધ ન હોવા છતાં રાજ્યમાં જેટલા વિવાદ થઈ રહ્યા છે, તે બધામાં જ ભાજપ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. તેમને સતત કેટલાક આંતરિક ઘર્ષણ અને રાજકીય પડકારોનો સામનો કરી રહ્યું છે. અત્યારે અજિત પવારના પુત્રના જમીન ખરીદીનો વિવાદ રાજકીય વમળનું કેન્દ્ર બન્યો છે.

અજિત પવારના પુત્ર દ્વારા પુણેમાં એક જમીનની ૩૦૦ કરોડમાં ખરીદી કરવામાં આવી હતી. આ જમીનની બજાર કિંમત ૧૮૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ જમીન પર ફક્ત ૫૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ભરવામાં આવી હતી અને

(જુઓ પાનું ૪) ▶▶

# જોઈ લો લક્ઝરી-લૂંટઃ 'પ્રાદા'ની સેફ્ટી-પિન ૬૯,૦૦૦ની

નવી દિલ્હીઃ લક્ઝરી ફેશન બ્રાન્ડના નામે અનેક જાણીતી કંપની ઉઘાડી લૂંટ ચલાવી રહી હોવાનું માલૂમ પડતા લોકો, ખાસ કરીને યુવાન પેઢી ગુસ્સે થઇ છે.



ઇટલીની લક્ઝરી ફેશન બ્રાન્ડ 'પ્રાદા'ની પિત્તળની સાદી દેખાતી સેફ્ટી પિન કે બ્રોચ અથવા ક્રોશેની કિંમત રૂપિયા ૬૯,૦૦૦ એટલે કે અંદાજે ૭૭૫ ડૉલર રખાતા તેના વિરોધમાં દેશભરમાંથી સોશ્યલ મીડિયા પર ટીકાનો વરસાદ થઇ રહ્યો છે. ગાઝિયાબાદની રજની શર્માએ જણાવ્યું હતું કે લક્ઝરી બ્રાન્ડ્સના નામે આવી કંપનીઓ

(જુઓ પાનું ૨) ▶▶



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતમાં નાગરિકતા માટે ચોક્કસ સિસ્ટમ જ નથી

**કૉંગ્રેસના** સાંસદ રાહુલ ગાંધીએ પ્રેસ-કોન્ફરન્સ કરીને ભારતમાં મોટા પાયે બોગસ મતદારો નોંધીને ભાજપે સત્તા કબજે કરવાનો કારસો અમલી બનાવ્યો હોવાનો આક્ષેપ કરી તેણે ખાસ્સી ચકચાર જગાવી છે. રાહુલે આક્ષેપ કરેલો કે, હરિયાણાની વિધાનસભા ચૂંટણીમાં એક બ્રાઝિલિયન મૉડેલે સીમા, સ્વીટી અને સરસ્વતી નામે ૧૦ બૂથ પર ૨૨ વાર મતદાન કર્યુ હતું. બીજી એક મહિલાએ એક વિધાનસભા મતવિસ્તારમાં ૧૦૦ વાર મતદાન કર્યું હતું અને આ રીતે હરિયાણામાં બોગસ ૨૫ લાખ મતો નંખાવીને ભાજપ ફરી સત્તા કબજે કરવામાં સફળ થઈ ગયો હતો.

રાહુલ ગાંધીએ બ્રાઝિલિયન મૉડેલનું નામ લીધું નહોતું પણ તેનું નામ લરીસા છે. લરીસાનો ફોટો લગાવીને મતદાર યાદીમાં બોગસ મતદારો ઊભા કરી દેવાયેલા એવો રાહુલનો આક્ષેપ છે. રાહુલે ચૂંટણી કમિશનરને પણ જૂઠા ગણાવ્યા છે. મતદાર યાદીમાં શૂન્ય ઘર નંબર હોય એ લોકો બેઘર હોય છે એવો કમિશનરે દાવો કરેલો પણ રાહુલના કહેવા પ્રમાણે, શૂન્ય ઘર નંબર બેઘર નહીં પણ બોગસ મતદારો સાથે જોડાયેલો છે. રાહુલે પલવલ જિલ્લા પરિષદના ઉપપ્રમુખ એવા ભાજપના નેતા ઉમેશનું ઉદાહરણ પણ આપ્યું. ઉમેશના ઘર નંબર ૧૫૦માં ૬૬ મતદારો રહે છે, હોડાલમાં ઘર નંબર ૨૬૫માં ૫૦૧ મતદારો છે અને રાયમાં ઘર નંબર ૧૯૦૪માં ૧૦૮ મતદારો રહે છે એવો આક્ષેપ કરીને રાહુલે દાવો કર્યો કે, હરિયાણાની જેમ બિહારમાં પણ ઓપરેશન ''સરકાર ચોરી'' ચાલી રહી છે અને બોગસ મતદારોના જોરે ભાજપ સરકાર બનાવવાની ફિરાકમાં છે.

રાહુલના આક્ષેપોની ચૂંટણી પંચ તપાસ કરવાનું નથી તેથી આક્ષેપોમાં કેટલો દમ છે એ ખબર નથી પણ તેના કારણે એક મહત્ત્વના મુદ્દા તરફ લોકોનું ધ્યાન ગયું છે. ભારતમાં બોગસ મતદારો સહિતના જે પણ આક્ષેપો થાય છે તેનું મૂળ કારણ ભારતના નાગરિક હોવાનું સાબિત કરવા માટેની ચોક્કસ સિસ્ટમનો અભાવ છે. ભારતમાં નાગરિકતા જુદી જુદી રીતે મળે છે પણ મોટા ભાગના નાગરિકોને જન્મથી નાગરિકતા મળે છે. ભારતના નાગરિકોના ઘરે જન્મનારું કોઈ પણ બાળક ભારતની નાગરિકતા માટે હકદાર છે. આ સિવાય વિદેશમાં રહેતા ભારતીય નાગરિકોનાં સંતાનો વિદેશમાં જન્મ્યાં હોય તો પણ ભારતીય નાગરિક ગણાય છે. એ સિવાય રજિસ્ટ્રેશન કે નેચરલાઈઝેશન દ્વારા પણ નાગરિકતા મળે છે.

ભારતના સિટિઝનશીપ એક્ટ, ૧૯૫૫માં ભારતમાં ના જન્મી હોય એવી વ્યક્તિને નાગરિકતા મેળવવા માટેની લાયકાતો નક્કી કરાયેલી છે. આ લાયકાતો હોય તો રજિસ્ટ્રેશન કે નેચરલાઈઝેશનના રસ્તે ભારતની નાગરિકતા મેળવનારી વિદેશી વ્યક્તિએ અરજી કરવી પડે છે અને જરૂરી ધારાધોરણોનું પાલન થતું હોય તો તેમને ભારતની નાગરિકતા મળે છે. નરેન્દ્ર મોદી સરકારે સિટીઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૯ હેઠળ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પહેલાં ભારતમાં આવનારા પાકિસ્તાન, અફઘાનિસ્તાન અથવા બાંગ્લાદેશના હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અથવા ખ્રિસ્તી સમુદાયના લોકોને ભારતની નાગરિકતા આપવાનો કાયદો બનાવ્યો છે તેથી ભારતની નાગરિકતા મેળવવા માટેનો એક વધુ રસ્તો ખુલ્યો છે.

ભારતમાં નાગરિકતા મેળવવા માટેના નિયમો બનાવાયા છે પણ કોઈ પણ વ્યક્તિ ભારતની નાગરિક છે જ એવું સાબિત કરવા માટેનો સર્વમાન્ય કોઈ દસ્તાવેજ નથી. કોઈ વ્યક્તિ ભારતની નાગરિક છે એવું સાબિત કરવા માટે જન્મના દાખલાથી માંડીને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ સુધીના દસ્તાવેજોને માન્યતા અપાયેલી છે, પણ કોઈ ચોક્કસ દસ્તાવેજ નથી, કોઈ કાર્ડ નથી. ભારતની નાગરિકતા માટેના માન્યતાપ્રાપ્ત દસ્તાવેજોમાંથી કોઈ દસ્તાવેજ એવો નથી કે જે નકલી ના બનાવી શકાય. તમે ભારતમાં જ જન્મ્યા છો એવું સાબિત કરતું નકલી બર્થ સર્ટિફિકેટ બનાવી શકો ને પાસપોર્ટ સહિતનો બીજો ગમે તે દસ્તાવેજ બનાવી શકો છો, એ દસ્તાવેજના આધારે આધાર કાર્ડ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ સહિતના કોઈ પણ કાર્ડ કઢાવી શકો છો ને તેના આધારે દેશના નાગરિકોને મળતા બધા અધિકારો ભોગવી શકો છો, બધી સહાય મેળવી શકો છો. ભારતમાં મતદાર બનવા ૧૮ વર્ષથી વધુ ઉંમર અને ભારતના નાગરિક હોવાનો પુરાવો જોઈએ તેથી ૧૮ વર્ષની થઈ હોય કે ના થઈ હોય એવી કોઈ પણ વ્યક્તિ પણ નકલી સર્ટિફિકેટના આધારે ભારતની મતદાર બની શકે છે.

આપણે ખરી જરૂર આ સમસ્યાને જડમૂળથી નાબૂદ કરવાની છે અને દેશનું નાગરિકત્વ સાબિત કરતી એક સિસ્ટમ વિકસાવવાની છે. કોઈ વ્યક્તિ દેશની નાગરિક છે કે નહીં એ સાબિત કરવા માટે કોઈ કાર્ડ હોવું જોઈએ કે કોઈ સર્ટિફિકેટ હોવું જોઈએ. આ કાર્ડ કે સર્ટિફિકેટ હોય તે જ દેશનો નાગરિક ગણાય ને તેને જ મતદાર તરીકેનો અધિકાર મળે. બીજાં બધાં સર્ટિફિકેટ કે કાર્ડ સિટિઝન કાર્ડ કે સર્ટિફિકેટ સાથે જોડી દેવાય તો એ વ્યક્તિની આખી કરમ કુંડળી એક જ ઠેકાણે મળી જાય. આ વ્યક્તિનું નામ મતદાર યાદીમાં બે ઠેકાણે હશે તો પણ તરત ખબર પડી જશે તેથી કોઈ લોચાલબાચા જ નહીં થાય.

કમનસીબી એ છે કે, ભારતમાં અત્યાર સુધી કોઈ સરકારને આવી સિસ્ટમ બનાવવાનું સૂઝ્યું જ નથી. સૂઝ્યું નહીં તેનું કારણ સૂઝનો અભાવ નહીં હોય પણ મતદાર યાદીમાં ગરબડ ગોટાળાના કારણે થતો રાજકીય ફાયદો હશે. કૉંગ્રેસના પગ તળે અત્યારે રેલો આવ્યો છે એટલે કૉંગ્રેસ બોગસ મતદારોની પારાયણ માંડીને બેસી ગઈ છે, પણ ભૂતકાળમાં કૉંગ્રેસે પણ આ સમસ્યાનો કાયમી ઉકેલવા કશું ના કર્યું એ વાસ્તવિકતા છે. કૉંગ્રેસના એકચક્રી શાસનના દિવસો વખતે કૉંગ્રેસે ઘણાં રાજ્યોમાં વિદેશી ઘૂસણખોરોનાં નામ મતદાર યાદીમાં ઘૂસાડી દીધેલાં એવા આક્ષેપો થાય જ છે એ જોતાં કૉંગ્રેસ પણ દૂધે ધોયેલી નથી જ.

ખેર, કોણે શું કર્યું એની વાતો કોઠીમાંથી કાદવ કાઢવા સિવાય બીજું કંઈ નથી તેથી એ વાત બાજુ પર મૂકીએ, પણ હવે જાગ્યા ત્યારથી સવાર સમજીને આ કવાયત કરાય તો પણ ઘણું છે. મોદી સરકારે થોડાં વરસો પહેલાં સિટીઝન ચાર્ટરનો ઉપાડો લીધેલો પણ તેની સામે રાજકીય વિરોધ થતાં પછી આખી વાત અભરાઈ પર ચડાવી દેવાયેલી. મોદી સરકારે સિટીઝન ચાર્ટરનો અમલ કરીને દેશના નાગરિકોનો રેકોર્ડ રાખવો જ જોઈએ કે જેથી દેશના સાચા નાગરિકો કોણ છે અને ગરબડ કરીને કોણ નાગરિક બન્યા છે તેની ખબર પડશે. તેના કારણે મતદાર નોંધણીની પ્રક્રિયા પણ સરળ બનશે કેમ કે દેશમાં જન્મેલી છોકરી હોય કે છોકરો, ૧૮ વર્ષનાં થતાં જ આપોઆપ નાગરિક બની જશે. બીજી રીતે નાગરિકતા મેળવનારાંનો રેકોર્ડ પણ ચાર્ટરમાં હશે જ તેથી ક્યા વિદેશી ખોટી રીતે મતદાર બની ગયા છે એ શોધવા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન જેવાં તૂત કરીને સરકારી નાણાંનો ધુમાડો નહીં કરવા પડે ને મતદાર યાદીઓની વિશ્વસનીયતા પણ જળવાશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૭-૧૧-૨૦૨૫, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૬, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૪-૩૨ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૯, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૩૦, મધ્યરાત્રે ક. ૦૧-૩૧ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૫, રાત્રે ક. ૧૮-૪૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ – દ્વિતીયા. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૧૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, જાંબુનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વશાંતિ પૂજા, મુંડન કરાવવું નહિ, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, વસ્ત્ર, આભૂષણ, દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ સૂર્ય-રાહુ ત્રિકોણ મહેનતુ સ્વભાવ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી.

ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ.

- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ભારતથી નીકળેલાં જહાજને સોમાલિયા કાંઠે ચાંચિયાઓએ હાઈજૅક કર્યું

દુબઈઃ સોમાલિયાના દરિયા કાંઠા નજીક મશીન ગન અને રૉકેટ પ્રોપેલ્ડ ગનથી સજ્જ હુમલાખોરોએ એક જહાજ પર હુમલો કર્યો હતો અને તેના પર કબજો કરી લીધો. જે જહાજ પર હુમલો કર્યો તે જહાજ ભારતથી દક્ષિણ આફ્રિકા જઈ રહ્યું હતું. એવું માનવામાં આવે છે કે સોમાલિયાના ચાંચિયાઓએ આ હુમલો કર્યો હતો. બ્રિટિશ સૈન્યના યુનાઇટેડ કિંગડમ મૅરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે હુમલા અંગે ચેતવણી જાહેર કરી હતી અને વિસ્તારમાં રહેલા જહાજોને એલર્ટ કર્યા હતા.

ખાનગી સુરક્ષા કંપની એમ્બ્રેએ પણ જહાજ પર હુમલાની જાણ કરી હતી. એમ્બ્રેએ જણાવ્યું હતું કે આ હુમલો ભારતના સિક્કાથી દક્ષિણ આફ્રિકાના ડરબન જઈ રહેલા માલ્ટાના ધ્વજવાળા એક ટેન્કર પર થયો હતો. એમ્બ્રેએ વધુમાં જણાવ્યું હતું કે તે સોમાલી ચાંચિયાઓ દ્વારા હુમલો હોવાનું જણાય છે, જેઓ તાજેતરના દિવસોમાં આ વિસ્તારમાં એક્ટિવ હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ, સોમાલી ચાંચિયાઓએ કથિત રીતે એક ઈરાની માછીમારી બોટ પણ કબજે કરી હોવાના અહેવાલ છે. જો કે, ઈરાની સરકારે જહાજ કબજે કર્યાની વાત સ્વીકારી નથી. સોમાલિયાના દરિયાકાંઠે ચાંચિયાગીરીના હુમલાના કેસ ૨૦૧૧માં સૌથી વધુ નોંધાયા હતા. તે સમયે વિવિધ જહાજો પર ૨૩૭ હુમલા નોંધાયા હતા. ઓશન્સ બિયોન્ડ પાઇરસી મોનિટરિંગ ગ્રુપ અનુસાર, તે સમયે આ પ્રદેશમાં સોમાલી ચાંચિયાગીરીથી વૈશ્વિક અર્થતંત્રને આશરે ૭ બિલિયન ડોલરનું નુકસાન થયું હતું, જેમાં ૧.૬ મિલિયન ડોલર ખંડણી ચૂકવવામાં આવી હતી. જોકે, આંતરરાષ્ટ્રીય નૌકાદળ પેટ્રોલિંગમાં વધારો, સોમાલિયામાં મજબૂત કેન્દ્ર સરકાર અને અન્ય પ્રયાસોએ ત્યારથી ખતરો ઘટ્યો છે.

જોકે છેલ્લા એક વર્ષમાં સોમાલી ચાંચિયાના હુમલાઓમાં વધારો થયો છે. આ પાછળનું કારણ રેડ સીમાં હુતી બળવાખોરો દ્વારા જહાજો પર કરવામાં આવી રહેલા હુમલાઓથી પેદા થયેલી અર્થવ્યવસ્થાને ગણવવામાં આવે છે. ઇન્ટરનેશનલ મેરીટાઇમ બ્યુરો અનુસાર, ૨૦૨૪માં સોમાલિયાના દરિયાકાંઠે જહાજો પર સાત હુમલા નોંધાયા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં સોમાલી ચાંચિયાઓએ ઘણી માછીમારી બોટ કબજે કરી છે.

# એ તો મારો જૂનો ફોટોઃ રાહુલવાળી બ્રાઝિલિયન મૉડલે વીડિયોમાં કહ્યું

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને કથિત 'મત ચોરી'ના આરોપો ફરીવાર લગાવ્યા હતા. તેમણે બ્રાઝિલની એક મોડલનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે આ બ્રાઝિલિયન મોડલે હરિયાણા ચૂંટણીમાં ૧૦ મતદાન મથકો પર ૨૨ નકલી મત આપ્યા હતા. રાહુલના આરોપો બાદ લોકોએ આ બ્રાઝિલની મોડલ કોણ છે તે જાણવા માટે ગૂગલ પર સર્ચ કરવાનું શરૂ કર્યું. હવે મોડલે એક વીડિયો પોસ્ટ કરી સમગ્ર મામલે પ્રતિક્રિયા આપી હતી.

કોંગ્રેસ નેતા અને પાર્ટીના સોશ્યિલ મીડિયા વડાં સુપ્રિયા શ્રીનતે લારિસા નેરી નામની બ્રાઝિલની આ મોડલનો એક વીડિયો શેર કર્યો હતો જેમાં તે કથિત રીતે તેની તસવીરનો ઉપયોગ કરવા મામલે પ્રતિક્રિયા આપી રહી છે. જ્યારે રાહુલ ગાંધીએ બુધવારે પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે હરિયાણાના રાઈ વિધાનસભા મતવિસ્તારના ૧૦ બૂથ પર તેની તસવીરનો ૨૨ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં મતદાર યાદીમાં ''સીમા, સ્વીટી અને સરસ્વતી'' જેવા નામ હતા.

મીડિયા રિપોર્ટમાં બ્રાઝિલની યુવતીને ટાંકીને વીડિયોમાં કહેવામાં આવ્યું હતું કે પ્રેસ કોન્ફરન્સમાં બતાવેલ ફોટો તેનો જૂનો ફોટો છે. તે યુવતી પોર્ટુગીઝમાં બોલી રહી છે. જેમાં તે કહી રહી છે કે મિત્રો, તેઓ મારા એક જૂના ફોટોનો ઉપયોગ કરી રહ્યા છે. હું તસવીરમાં નાની હતી, લગભગ ૧૮ કે ૨૦ વર્ષની હતી.... મને ખબર નથી કે આ કોઈ ચૂંટણી છે કે મતદાન વિશે જોડાયેલ મુદ્દો છે જેના માટે તમારે મત આપવાનો છે અને તે પણ ભારતમાં. તેઓ લોકોને છેતરવા માટે મને ભારતીય તરીકે રજૂ કરી રહ્યા છે.

## પ્રજામત

### નેતાઓને દૂરંદેશી બનવાની છે જરૂર

મુંબઈમાં લોકો વિવિધ રાજ્યોમાંથી કમાણી કરવા આવે છે. જોકે તેમની પાસે રહેવા માટે યોગ્ય મકાનો હોતા નથી. આ વર્ગ એટલે રિક્ષાચાલક, ટેક્સીચાલક, ઘરકામ કરતી મહિલાઓ, પ્લમ્બર, પેન્ટર વગેરે... તેમની આવક એટલી હોતી નથી કે તેઓ ઘર ખરીદી શકે. તેઓ નાના મકાનમાં કાં તો ઝૂંપડપટ્ટીમાં રહે છે. એવામાં જો આ નબળા વર્ગના લોકો પર પણ ધ્યાન આપવામાં આવે તો તેમની પાસે પણ સારા મકાન હોઈ શકે છે. સરકાર આવે છે અને જાય છે, પરંતુ તેમની સમસ્યાઓ ઉકેલવાની કોઈને કાળજી નથી. એવામાં એટલું કહી શકાય કે જો નેતાઓ દૂરંદેશી બને તો જ રોશની દેખાશે.

–ફખરૂદ્દીન ખાનભાઈ ચિતલવાલા,
આઈ. આર. રોડ, મુંબઈ

### બિનશાકાહારી વિશે ગાંધીજીના વિચારો

માંસાહારી ખાવાનું બહાર ખાધા પછી ઘરે તો જમવાનું શક્ય જ નથી હોતું. માતા જ્યારે જમવા બોલાવે ત્યારે 'મને ભૂખ નથી, પચ્યું નથી.' એવા બહાના કાઢવા પડે. આવુ જુઠ્ઠુ એ પણ માની સામે બોલવું પડે છે. એવામાં જો માતા-પિતાને જાણ થાય કે તેમના બાળકો માંસાહારી થયા છે તો...તો તેમનાં પર વીજળી જ પડે. આવું વિચારી મેં નક્કી કર્યું કે માંસ ખાવું જરૂરી છે, પરંતુ માતા-પિતાના જીવતા માંસ ન ખવાય. તેમના મૃત્યુ પછી સ્વતંત્રપણે ખાવું. જોકે ત્યાં સુધી તો માંસાહારનો ત્યાગ કરવો. આ નિર્ણય મેં જ્યારે મારા મિત્રને સંભળાવ્યો ત્યારથી મારો માંસાહર છૂટી ગયો. માતા-પિતાને કદી જાણ જ ન થઈ કે તેમના બે પુત્ર માંસાહાર કરી ચુક્યા છે.

માતાપિતાને છેતરવાના શુળ વિચારને લઈને માંસાહાર છોડ્યો.

સંકલન- 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા' ગાંધીજીમાંથી

– હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ)

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com
ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# જો સુપ્રીમ કોર્ટ ટૅરિફને રદ કરશે તો ટ્રમ્પ પાસે બીજા વિકલ્પો પણ છે

વૉશિંગ્ટન : જો સુપ્રીમ કોર્ટ આ વર્ષે વિશ્વના દરેક દેશ પર લાદવામાં આવેલા ટૅરિફને રદ કરશે તો અમેરિકા 'સંરક્ષણવિહોણુ' અને તેનો મોભો બીજા વિશ્વના દેશ જેવો થઈ જશે. એવી ચેતવણી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આપી છે.

પ્રમુખને યોગ્ય લાગે એમ ટૅરિફ લાદવાની સત્તાનો દાવો બુધવારે મૌખિત દલીલો વખતે કરવામાં આવ્યો ત્યારે ન્યાયમૂર્તિઓ દ્વિધામાં પડી ગયા હતા.

જોકે હકીકત તો એ છે કે સુપ્રીમ કોર્ટ ટ્રમ્પની વિરુદ્ધ ચુકાદો આપે તો પણ તેમની પાસે આયાત પર આક્રમક વેરા લગાડવાના બીજા અનેક વિકલ્પો છે. ટ્રમ્પ પહેલી મુદતમાં વાપરેલા ટૅરિફ પાવરનો ફરી ઉપયોગ કરી શકે અથવા તો મોટી મંદી આવી હતી ત્યારે ઉપયોગમાં લવાયેલી સત્તાનો ઉપયોગ કરી કે. જ્યોર્જટાઉન ટ્રેડ લૉ પ્રોફેસર કેથલીન ક્લોસેને કહ્યું હતું કે ટૅરિફનો અંત ક્યારે આવે એ કોઈ કહી શકે નહીં. મને પૂરી ખાતરી છે કે ટ્રમ્પ સુપ્રીમમાં હારી જશે તો બીજા પાવરની મદદથી ટૅરિફ ચાલુ રાખશે.

બુધવારની સુનાવણીમાં નાના ધંધાનું પ્રતિનિધિત્વ કરતાં વકીલ નીલ કટયાલે કહ્યું હતું કે ટ્રમ્પે ટૅરિફ લાદવા ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈકોનોમિક પાવર્સ એક્ટને ઉપયોગ કર્યો છે અને તેમને અસીમ સત્તા હોવાનો દાવો કર્યો છે. કૉંગ્રેસે અનેક બીજા કાયદામાં ટૅરિફની સત્તા વાઈટ હાઉસને આપી છે. જોકે કૉંગ્રેસે તેના ઉપયોગના રસ્તા પર ઘણા અંકુશો મૂકયા છે. કૉંગ્રેસને ખબર છે કે ટૅરિફ પાવરને કઈ રીતે પોતાના અખત્યારમાં રાખવો.

ટ્રમ્પની બીજી મુદતમાં ટૅરિફ એ વિદેશી નીતિમાં મોટો વિવાદનો વિષય બની ગયો છે. ટ્રમ્પે મોટા ભાગના દેશો પર બે આંકડાના 'રેસિપ્રોકલ ટેક્સ' લાદ્યો છે. ટ્રમ્પે અમેરિકાના લાંબા ગાળાની વેપારી ખાધને રાષ્ટ્રીય કટોકટી ગણાવીને આનો બચાવ કર્યો છે.

અમેરિકાની ટૅરિફની સરેરાશ અઢી ટકાથી વધીને ૧૭.૯ ટકા થઈ છે જે ૧૯૩૪ પછીની સૌથી મોટી છે. વેરો નાખવાની અને ટૅરિફ લાદવાની સત્તા બંધારણે કૉંગ્રેસને આપી છે. બ્રોકલિન લૉ સ્કૂલના સ્ટ્રોટોસ પાહિસે કહ્યું હતું કે ટ્રમ્પ પાસે ટૅરિફ નાખવાની બીજી સત્તાઓ પણ છે. (એજન્સી)

# યુપીમાં મકબરા પર પૂજા કરવા મહિલાઓ ઘૂસતા ધમાલ, કોમી ટેન્શન

ફતેહપુરઃ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં કારતક પૂનમના દિવસે એક વિવાદિત સમાધિ સ્થળ પર પૂજા કરવાનો પ્રયાસ કરતી મહિલાઓના એક જૂથની પોલીસ સાથે અથડામણ થયા બાદ તણાવ ફેલાયો હતો. આ જાણકારી અધિકારીઓએ ગુરુવારે આપી હતી.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર બુધવારે સાંજે થયેલી અથડામણ બાદ પોલીસે ૨૦ મહિલાઓ વિરુદ્ધ એફઆઇઆર નોંધ્યો છે. જેના કારણે સદીઓ જૂના નવાબ અબુ સમદના મકબરાને લઇને ફરી એકવાર તણાવ વધ્યો છે. ૧૧ ઓગસ્ટના રોજ હિન્દુ જમણેરી સંગઠનોના સભ્યોએ કથિત રીતે ત્યાં પૂજા કરવાની પરવાનગી માગી હોબાળો મચાવ્યો હતો. આ માળખું 'શિવલિંગ' ધરાવતું 'ઠાકુરજી'નું મંદિર હોવાનો તેમણે દાવો કર્યો હતો.

તેમણે આરોપ લગાવ્યો હતો કે આ મકબરો એક પ્રાચીન મંદિર તોડીને બનાવવામાં આવ્યો હતો. તે સમયના વીડિયોમાં કથિત રીતે તોડફોડ અને સ્થળ પર ભગવો ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. જેના કારણે વિસ્તારમાં કોમી તણાવ ફેલાયો હતો. આંદોલન બાદ જિલ્લા વહીવટીતંત્રે પરિસરને સીલ કરી દીધું હતું અને બેરિકેડ્સ અને પ્રતિબંધ મૂક્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે બુધવારે કેટલીક મહિલાઓએ કથિત રીતે બેરિકેડ્સ હટાવવાનો અને તેના પર ચઢવાનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે પોલીસે તેમને અટકાવ્યા હતા. મહિલાઓ અને સ્ટેશન હાઉસ ઓફિસર(એસએચઓ) તારકેશ્ર્વર રાય વચ્ચે ઉગ્ર દલીલ થઇ હતી. જે દરમિયાન મહિલાઓએ પોલીસ પર ગેરવર્તણૂક અને તેમને પૂજા કરતાં રોકવાનો આરોપ લગાવ્યો હતો. વિવાદિત સ્થળ પર પહોંચવામાં અસમર્થ મહિલાઓએ આખરે નજીકની એક ગલીમાંથી માળખાની સામે પૂજા અને આરતી કરી હતી.

કોન્સ્ટેબલ મંજુ સિંહની ફરિયાદના આધારે નોંધાયેલી એફઆઇઆરમાં ૨૦ અજાણી મહિલાઓના નામ સામેલ છે. જેમાં પપ્પુ સિંહ ચૌહાણ નામના એક સ્થાનિક વ્યક્તિની પત્નીનો પણ સમાવેશ થાય છે.

## પહેલા પાનાનું ચાલુ

### દોષીઓને છાવરવા

પીકઅવર્સને કારણે હજારો પ્રવાસીઓ રખડી પડ્યા હતા. રેલવે કર્મચારીઓના આંદોલનને કારણે તમામ સ્ટેશન પર પ્રવાસીઓની જોરદાર ભીડ જોવા મળી હતી. એસી (એર કન્ડિશન્ડ) ટ્રેનમાં પણ દરવાજા ખુલ્લા રાખીને પ્રવાસીઓથી ખીચોખીચ ભરેલી ટ્રેન દોડાવવામાં આવી હતી. જોકે, આંદોલન સમેટી લેવામાં આવ્યા પછી સાત વાગ્યાના સુમારે ટ્રેનસેવા ચાલુ કરવામાં આવી હતી. આ આંદોલનને કારણે ૩૦થી વધુ ટ્રેન રદ કરવામાં આવી હતી, જ્યારે સેંકડો ટ્રેનો મોડી રાત સુધી કલાકથી વધુ મોડી દોડતી રહી હતી. આંદોલનને કારણે ટ્રેનો ખીચોખીચ ભરેલી હોવાથી સિનિયર સિટિઝન સહિત મહિલા પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી.

આ આંદોલનને લીધે ગુરુવારે સાંજે ૫.૫૦ વાગ્યાથી ૬.૪૫ વાગ્યા સુધી ટ્રેનો બંધ રહી હતી અને લગભગ એક કલાક પછી ટ્રેનસેવા ચાલુ કરવામાં આવી હતી, પરંતુ આ અંધાધૂંધીનો ભોગ નિર્દોષ પ્રવાસી બન્યા હતા. સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક ટ્રેન અકસ્માતનો ભોગ બન્યા હતા. સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીક અમુક પ્રવાસી ટ્રેક પર ચાલી રહ્યા હતા ત્યારે ટ્રેનની ટક્કર વાગી હતી, જેમાં અમુક પ્રવાસીને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત પ્રવાસીઓને જેજે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં ત્રણ જણનાં મોત થયા છે, જ્યારે બે જણને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. પીડિત પ્રવાસીઓમાં એક મહિલા સહિત ત્રણ પુરુષનો સમાવેશ થાય છે. મસ્જિદ, સેન્ડહર્સ્ટ રોડ, દાદર સહિત ઘાટકોપર સ્ટેશન પર તો પ્રવાસીઓની એટલી બધી ભીડ હતી કે સિનિયર સિટિઝન પ્રવાસીઓને તો આજે પ્રવાસ કરવામાં હાલાકી પડી હતી, એમ પ્રવાસીએ જણાવ્યું હતું.

રેલ કર્મચારીઓના આંદોલન અંગે યુનિયન લીડરે કહ્યું હતું કે મુમ્બ્રામાં ટ્રેન અકસ્માતમાં પાંચ લોકોનાં મોત થયાં હતાં. આ કેસમાં રેલવે કર્મચારીઓની બેદરકારી મુદ્દે રેલવે પોલીસે એક્શન લીધું હતું. આ દુર્ઘટનાના ચાર દિવસ પૂર્વે રેલવે ટ્રેક બદલવાનો હતો, પરંતુ તેને વેલ્ડિંગ નહીં કરવાને કારણે અકસ્માત થયો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. અકસ્માત અંગે યુનિયનના નેતાએ કહ્યું હતું કે રેલવે પોલીસે બે એન્જિનિયર સામે કેસ નોંધ્યો હતો તેના વિરોધમાં રેલવે કર્મચારીએ વિરોધ નોંધાવ્યો હતો અને માર્ચ પણ કાઢી હતી, ત્યાર બાદ લોકલ ટ્રેનોને રોકી દેવામાં આવી હતી, જેમાં મોટરમેનોએ ભાગ લીધો હતો, પરિણામે મેઈન અને હાર્બર લાઈનની ટ્રેનસેવા પર અસર થઈ હતી. આંદોલન કરનારાએ ડીઆરએમ સાથે વાતચીત કર્યા પછી ટ્રેનસેવા ચાલુ કરી હોવાનો દાવો કર્યો હતો.

આ મુદ્દે રેલવે પ્રવાસી સંગઠને કહ્યું હતું કે આ તો પાડાના વાંકે પખાલેના ડામ જેવો ઘાટ થયો છે. મુમ્બ્રા ટ્રેન અકસ્માત મુદ્દે સંગઠન દ્વારા જે કોઈ વિરોધ કર્યો હોય, પરંતુ પ્રવાસીઓનો શું વાંક. પ્રવાસીઓના ભોગે તો આ પ્રકારે ટ્રેનસેવાને બાનમાં લેવાનો કોઈ અર્થ નથી. મુંબઈમાં સરેરાશ દર ચારથી પાંચ મિનિટે એક લોકલ ટ્રેન દોડે છે, તેમાંય પીકઅવર્સમાં એકસાથે ૧૦-૧૨ ટ્રેન રદ કરવામાં આવે તો હજારો પ્રવાસીઓ રઝળી પડતા હોય છે એનું રેલવે કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ, એમ પ્રવાસી સંગઠનના સભ્યએ જણાવ્યું હતું.

### ઓનલાઈન બૅટિંગ

એક કામચલાઉ આદેશ જાહેર કર્યો હતો.

ભૂતપૂર્વ ક્રિકેટરો સુરેશ રાઈના અને શિખર ધવનની તાજેતરમાં ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી અને તેમના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ઈડી આ મામલે અનેક કેસની તપાસ કરી રહી છે જે ગેરકાયદે સટ્ટાબાજી ઍપ્સ સંબંધિત છે. એજન્સીનું માનવું છે કે આ પ્રકારની સટ્ટાબાજી એપ્સ ગેરકાયદે જ છે.

### જોઇ લો લક્ઝરી

ગ્રાહકોને મૂર્ખ બનાવી રહી છે. આવી સેફ્ટી પિન તો બે મિનિટમાં બની શકે છે, પણ તેનો ભાવ બહુ જ વધુ રખાયો છે. 'પ્રાદા' કંપનીની આવી સેફ્ટી પિન ફેન્સી દેખાય છે, પરંતુ તે બનાવવી ઘણી સરળ છે તેમ જ બહુ સસ્તામાં બની શકે છે.

સપના મદને 'એક્સ' પર લખ્યું હતું કે 'પ્રાદા' કંપની લક્ઝરી બ્રાન્ડના નામે 'અંધાધૂંધ લૂંટ' ચલાવી રહી છે.

### બિહારમાં

સરકાર અંદાજે ૨૦ વર્ષથી સત્તામાં છે. રાજ્યમાં 'સુશાસન' વિરુદ્ધ 'જંગલ-રાજ' ચૂંટણીનો મુખ્ય મુદ્દો છે. એનડીએની સામે મુખ્ય પડકાર રાષ્ટ્રીય જનતા દળ – કૉંગ્રેસની યુતિ છે. પટણા મતવિસ્તારમાં ઘણું ઓછું મતદાન થયું હતું. તેના બાંકીપુરમાં ૩૪.૮૦ ટકા, દીઘા ૩૧.૮૯ ટકા અને કુમ્હરારમાં ૩૭.૭૩ ટકા જ મતદાન થયું હતું.

બિહાર વિધાનસભાની ચૂંટણીના ગુરુવારે યોજાયેલા પ્રથમ તબક્કામાં ૩.૭૫ કરોડ મતદાર હતા અને ૧,૩૧૪ ઉમેદવાર ઊભા હતા.

#### ડેપ્યુટી સીએમના કાફલા પર હુમલો

બિહારના નાયબ મુખ્ય પ્રધાન વિજયકુમાર સિંહાએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે રાજ્યના મુખ્ય વિપક્ષ રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના ટેકેદારોએ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના દિવસે મારા કાફલા પર હુમલો કર્યો હતો. રાજદના કાર્યકરો આ વિસ્તારમાં મતદારોને 'ડરાવતા ધમકાવતા' હતા.

ભાજપના આ વરિષ્ઠ નેતા બેઠક પરથી સતત ચોથી મુદત માટે ફરી ચૂંટણીમાં ઊભા છે. તેમણે સ્થાનિક વહીવટીતંત્રના પ્રતિસાદ અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને ચૂંટણી પંચમાં સંબંધિત ફરિયાદ કરી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે રાજ્યના ડીજીપીને આ પ્રકરણમાં તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે કોઇને પણ કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવા નહિ દેવાય. હિંસા ફેલાવનારા લોકોની સામે કડક કાર્યવાહી કરાશે. (એજન્સી)

તેમની યાદો અમારા હૃદયમાં હંમેશા જીવંત રહેશે



ખૂબ જ દુઃખમાં આપણે આપણી વહાલી માતાને વિદાય આપીએ છીએ.

**કાંતા શાંતિલાલ ભુતા**

સ્વ. શાંતિલાલ દિનમણિલાલ ભુતાના પત્ની

૧.૧૧.૧૯૨૮ – ૪.૧૧.૨૦૨૫

- સ્વ. રશ્મિકાંત અને જ્યોતી ભુતા
- અજિત અને જયશ્રી ભુતા
- રેખા અને યોગેશ ગોરાડિયા
- મુકેશ અને મેઘા ભુતા
- નીના અને સંજય પુરી

- મિમિત અને સોનલ ભુતા
- પારસ અને મોના ભુતા
- હેતા ભુતા
- મિખાઈલ ભુતા
- નિકિતા ગોરાડિયા
- ભાવિન અને મિતાલી ગોરાડિયા
- આયેશા અને વિદુર કનોરિયા
- તાન્યા અને અવિ ચોવાલા

પ્રાર્થના સભા નથી


# ...તો સેસ ચૂકવ્યો ન હોય એવી ઈમારતને પણ મ્હાડા ખાલી કરાવી શકે

## હાઈ કોર્ટના આદેશ બાદ પ્રભાદેવી ચાલીના રિડેવલપમેન્ટનો માર્ગ મોકળો

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ એક્ટની કલમ ૯૫ એ હેઠળ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) પાસે એક જ પ્લોટનો હિસ્સો હોય એવી સેસ (ઉપકર) પ્રાપ્ત થયો હોય એવી ઈમારતો સાથે સેસ ન ચુકવાયો હોય એવી ઈમારતોને પણ રિડેવલપમેન્ટ માટે ખાલી કરવાનો આદેશ આપવાનો અધિકાર છે. પ્રભાદેવીમાં ઇરાની ચાલના ૧૫ ભાડૂતોને હાંકી કાઢવાનો વિરોધ કરતી અરજી ફગાવી દેતી વખતે અદાલતે આ આદેશ આપ્યો હતો. અદાલતના આ આદેશથી ૧૯૪૦ પહેલા બનેલી ઈરાની ચાલના રિડેવલપમેન્ટ આડે રહેલો અંતિમ અવરોધ પણ દૂર થઈ ગયો છે.

ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે કહ્યું હતું કે ભાડૂતો વૈકલ્પિક મકાનોની બાંયધરી મેળવ્યા પછી રિડેવલપમેન્ટની શરતો નક્કી નથી કરી શકતા. અરજદારોએ નવા ફ્લેટમાં વધારાની ૪૫ ચોરસ ફૂટ જગ્યા માગી હતી. જોકે મિલકત વિકસાવવાનો અધિકાર ભાડૂતના આદેશ પર આધારિત છે એવી કોઈ કાનૂની દરખાસ્ત ન સ્વીકારી શકાતી હોવાથી અરજદારોની માંગ સંપૂર્ણપણે ગેરવાજબી છે એવી ટિપ્પણી કરી અદાલતે અરજદારોને ચાર અઠવાડિયામાં મકાનો ખાલી કરવાનો આદેશ પણ આપ્યો હતો.

આ ઈરાની ચાલ ૧૯૪૦ પહેલા બાંધવામાં આવી હતી. બિલ્ડિંગ પ્લોટ પર ૧૯૫૯ માં બાંધવામાં આવેલી એક સેસ બિલ્ડિંગ પણ છે. બંને ઈમારત મેસર્સ હિલ પાર્ક પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડની માલિકીની છે અને ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન (ડીસીપીઆર) ૨૦૩૪ ના નિયમ ૩૩ (૭) હેઠળ રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. ■

# કોઈ 'ખાન'ને મુંબઈના મેયર નહીં બનવા દેવાય: ભાજપ

મુંબઈ: મુંબઈ ભાજપના અધ્યક્ષ અમિત સાટમે કહ્યું છે કે તેમની પાર્ટી કોઈ પણ ખાનને મુંબઈના મેયર નહીં બનવા દે. અલબત્ત આ નિવેદન કોઈ જાતિ-સમુદાયના સંદર્ભમાં નથી કરવામાં આવ્યું, પણ રાષ્ટ્ર વિરોધી માનસિકતા ધરાવતા લોકોના સંદર્ભમાં કરવામાં આવ્યું હોવાની સ્પષ્ટતા તેમણે કરી હતી.

આગામી પાલિકા ચૂંટણી પહેલા પક્ષ કાર્યકર્તાઓના મેળાવડાને સંબોધિત કરતા ભાજપ નેતાએ કહ્યું હતું કે અમે કોઈ પણ ખાનને મુંબઈના મેયર નહીં બનવા દઈએ. એમ તેમણે ન્યૂયોર્કના મેયરની ચૂંટણીમાં ભારતીય મૂળના ઝોહરાન મામદાનીના વિજયની પાર્શ્વભૂમિમાં આ નિવેદન આવ્યું છે.

વિવાદાસ્પદ ટિપ્પણી અંગે સ્પષ્ટતા પૂછવામાં આવતા ભાજપના નેતાએ કહ્યું કે જ્યારે હું 'ખાન' કહું છું, ત્યારે હું માનસિકતાની વાત કરું છું.

મેં ૧૭ સપ્ટેમ્બરે પણ કહ્યું હતું અને હું આ અંગે મુંબઈવાસીઓને ચેતવણી આપતો રહ્યો છું. આ માનસિકતા પાકિસ્તાનના ઝંડા લહેરાવે છે. હું મુંબઈવાસીઓને એવી માનસિકતા સામે ચેતવણી આપી રહ્યો છું જે બોમ્બ બ્લાસ્ટના આરોપીના પ્રચાર માટેની રેલીઓમાં પાકિસ્તાનના ધ્વજ લઈને આવે છે. આ એક વિભાજનકારક, કટ્ટરપંથી અને કટ્ટરવાદી માનસિકતા છે. હું રાષ્ટ્રવિરોધી ખાન લોકો વિશે વાત કરી રહ્યો છું. (પીટીઆઈ)■




# જર્નલિસ્ટ રાણા અયુબને મળી જાનથી મારી નાખવાની ધમકી

થાણે: જર્નલિસ્ટ રાણા અયુબને વ્હૉટ્સઍપ પર અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબર પરથી જાનથી મારી નાખવાની ધમકી તથા ધમકીભર્યા સંદેશા મળ્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કોપરખૈરાણે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે નવી મુબંઈમાં રહેતી અને વૉશિંગ્ટન પોસ્ટ માટે લેખ લખતી જર્નલિસ્ટને ૨ નવેમ્બરે 'હૅરી શૂટર કેનેડા' તરીકે ઓળખાતા અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબર પરથી વારંવાર વ્હૉટ્સઍપ કૉલ્સ આવ્યા હતા. રાણાએ એ કૉલ્સનો જવાબ આપ્યો નહોતો. કૉલરે બાદમાં મેસેજ મોકલ્યા હતા, જેમાં ૧૯૮૪ના શીખ-વિરોધી રમખાણો અને સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીના હત્યારાઓ પર વૉશિંગ્ટન પોસ્ટમાં લેખ નહીં લખે તો તેને નુકસાન પહોંચાડવાની ધમકી આપવામાં આવી હતી. (પીટીઆઇ)■


**પરજીયા સોની**

બાબરાવાળા યશવન્તભાઈ હમીરભાઈ જગડા (હાલ સાંતાક્રુઝ)ના **ધર્મપત્ની**

**અ.સૌ. કિરણબેન** (ઉ.૬૭)

તા. ૫/૧૧/૨૫ બુધવારના રોજ અક્ષરધામ નિવાસી થયા છે. તે સરીયું, સરીતા અને પ્રજ્ઞેશના **માતુશ્રી**, નિલેષકુમાર ધકાણ, ચિરાગકુમાર ધકાણ તથા માનસી પ્રજ્ઞેશના **સાસુમા**, રિધ્ધી તથા ધરમના **દાદીમા**, ઈશા, એકતા, રાહુલ, રાધિકા અને દેવરાજના **નાનીમા**, જસદણવાળા રતિભાઈ મોહનભાઇ થડેશ્વરના **દીકરી**. લૌકિક પ્રથા બંધ છે. **બાબરાવાળાના જય સ્વામિનારાયણ.**

**મોબાઈલ પ્રાર્થનાસભા**

**તા. ૭/૧૧/૨૦૨૫ ના શુક્રવારે બપોરે ૪.૦૦ થી ૬.૦૦ રાખેલ છે.**

| | |
|---|---|
| પ્રજ્ઞેશભાઈ | ૯૮૭૦૩૯૨૮૦૩ |
| યશવન્તભાઈ | ૯૮૨૧૨૯૬૧૦૭ |
| ગોરધનભાઈ | ૮૬૫૭૩૩૭૮૫૮ |
| ધીરુભાઈ | ૯૮૨૦૪૯૦૦૪૨ |
| કમલેશભાઈ | ૯૮૨૦૭૯૮૭૮૮ |


# સંપૂર્ણ સુવિધા મળ્યા વગર ડેવલપરને પૂરા પૈસા ચૂકવવા ફરજિયાત ન હોવું જોઈએ

## 'રેરા' કાયદામાં આ પ્રમાણેની જોગવાઈ કરવાની માગણી

મુંબઈ: રિયલ એસ્ટેટ એક્ટમાં ફ્લેટના કબજામાં વિલંબ કરનારા ડેવલપર સામે દંડાત્મક કાર્યવાહી કરવાની જોગવાઈ છે. જોકે, હાઉસિંગ પ્રોજેક્ટની નોંધણી કરતી વખતે વચન આપેલી વિવિધ સુવિધાઓ આપી ન હોવા છતાં ડેવલપરો દ્વારા ફ્લેટની સંપૂર્ણ રકમ ચૂકવવાની સખતાઈ કરવામાં આવે છે. પછી થાય છે એવું કે સંબંધિત રહેવાસીઓએ સુવિધાઓ મેળવવા માટે ડેવલપરો પાછળ દોડવું પડે છે. આ હેરાનગતિ ટાળવા અખિલ ભારતીય સંગઠન ફોરમ ફોર પીપલ્સ કલેક્ટિવ એનર્જી (એફએફઇઆરટી)એ કેન્દ્રીય આવાસ પ્રધાન મનોહરલાલ ખટ્ટરને પત્ર લખી નક્કી કરેલી સુવિધાઓ પૂરી પાડ્યા વિના ફ્લેટની સંપૂર્ણ રકમ ચૂકવવાની કોઈ સખતાઈ ન કરી શકાય એવી જોગવાઈ 'રેરા' કાયદામાં કરવાની માગણી કરી છે.

સેન્ટ્રલ રિયલ એસ્ટેટ લો એડવાઈઝરી કમિટી દ્વારા આ માંગ કરી વિનંતી કરી છે કે ઓછામાં ઓછી દસ ટકા રકમ બાકી રાખવી જોઈએ. ઘણા હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં, ડેવલપરોએ ક્લબહાઉસ, સ્વિમિંગ પૂલ, જિમ્નેશિયમ, પાર્ક વગેરે જેવી વિવિધ સુવિધાઓ પૂરી પાડવાની લેખિત ખાતરી આપી છે. પરંતુ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી પણ આ સુવિધાઓ પૂરી પાડવામાં ન આવી હોવા છતાં ફ્લેટની સંપૂર્ણ રકમ ડેવલપર વસૂલ કર્યા પછી જ ફ્લેટનો કબજો આપે છે.

ફ્લેટનો કબજો આપ્યા બાદ ડેવલપર્સ સુવિધા આપવા માટે ટાળટાળ કરે છે. રેરા એક્ટમાં કોઈ જોગવાઈ ન હોવાથી રહેવાસીઓ દાદ પણ નથી માંગી શકતા.

રેરા એક્ટની કલમ ૧૮ અનુસાર વિલંબિત કબજા પર વળતર અને વ્યાજની જોગવાઈ છે. પરંતુ સુવિધાઓનો કોઈ ઉલ્લેખ નથી. એટલે ખટ્ટરને મોકલવામાં આવેલા પત્રમાં માંગ કરવામાં આવી છે કે આ કાયદામાં સુધારો કરવામાં આવે અથવા નવી કલમ દાખલ કરવામાં આવે. ■

# ગેરકાયદે બાંધકામ માટે ભોજપુરી અભિનેતા ખેસારીલાલ યાદવને નોટિસ

થાણા: બિહાર વિધાનસભા ચૂંટણીમાં આરજેડીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા ભોજપુરી અભિનેતા અને ગાયક ખેસારીલાલ યાદવને મીરા રોડ સ્થિત પોતાના ઘરમાં ગેરકાયદે બાંધકામ કરવા બદલ મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન (એમબીએમસી)ને નોટિસ ફટકારી હોવાનું સંબંધિત અધિકારીએ જણાવી ઉમેર્યું હતું કે આ નોટિસ લોખંડના ઍંગલ્સ અને ટીન શીટ શેડ અનધિકૃત રીતે બેસાડવા અંગે છે. વધુ જાણકારી આપતા એમબીએમસીના અધિકારીએ જણાવ્યું હતું કે નોટિસમાં પરિસરના માલિકને આ ગેરકાયદે બાંધકામ હટાવી દેવા કહેવામાં આવ્યું છે. જો એ પ્રમાણે નહીં થાય તો અતિક્રમણ વિભાગ મ્યુનિસિપલ કાયદા મુજબ કાર્યવાહી શરૂ કરશે. જો ગેરકાયદે બાંધકામ માળખું દૂર કરવામાં નહીં આવે તો માલિકના ખર્ચે પાલિકા તોડકામ કરશે.

આ વિસ્તારના રહેવાસીઓએ જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાક અઠવાડિયાથી ઘર બંધ છે. કેટલાકનો દાવો છે કે તેમનો પરિવાર યાદવને ચૂંટણી પ્રચારમાં ટેકો આપવા માટે બિહાર ગયો છે. (પીટીઆઈ)■

# સુરતથી પકડાયેલો આરોપી કલ્યાણ નજીક ટ્રેનમાંથી કૂદી નાસી ગયો

થાણે: આત્મહત્યા માટે ઉશ્કેરવાના કેસમાં ગુજરાતના સુરત શહેરમાંથી પકડાયેલો આરોપી કલ્યાણ નજીક પોલીસને હાથતાળી આપી ચાલુ ટ્રેને કૂદીને ફરાર થઈ ગયો હતો.

કર્જત જીઆરપીના સિનિયર ઈન્સ્પેક્ટર તાનાજી ખાડેએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની સાંજે કલ્યાણ રેલવે સ્ટેશન નજીક બની હતી.

તેલંગણા પોલીસ સુરતથી આરોપીને ટ્રેનમાં તેલંગણા લઈ જઈ રહી હતી ત્યારે આરોપી રફુચક્કર થઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીને તેલંગણાની એક મહિલા સાથે સંબંધ હતા, પરંતુ બન્ને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. આ વાતથી કંટાળેલી મહિલા ડિપ્રેશનમાં સરી પડી હતી. માનસિત રીતે હતાશ મહિલાએ આત્મહત્યા કરી હતી.

મહિલાના મૃત્યુને પગલે તેલંગણા પોલીસે આરોપી વિરુદ્ધ મહિલાને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધ્યો હતો. ઘટના બાદ આરોપી તેલંગણાથી ફરાર થઈ ગયો હતો. પોલીસ તેની શોધ ચલાવી રહી હતી.

આરોપી ગુજરાતના સુરત શહેરમાં સંતાયો હોવાની માહિતી તેલંગણા પોલીસને મળી હતી. માહિતીને આધારે પોલીસની એક ટીમ સુરત પહોંચી હતી અને આરોપીને તાબામાં લીધો હતો. તેને ટ્રેનમાં તેલંગણા લઈ જવામાં આવતો હતો. ટ્રેન કલ્યાણ સ્ટેશનેથી ઊપડી ત્યારે આરોપીએ ટૉઈલેટ જવાનું બહાનું કર્યું હતું. ટ્રેનના દરવાજે પહોંચ્યા પછી આરોપી ચાલતી ટ્રેનમાંથી કૂદીને ફરાર થઈ ગયો હતો.

આ પ્રકરણે કલ્યાણ જીઆરપીએ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૬૨ હેઠળ ગુનો નોંધી તેની શોધ હાથ ધરી હતી. (પીટીઆઈ)■




# કાપડના વેપારીઓ સાથે ₹ ૨.૫ કરોડ ની છેતરપિંડી

થાણે: ભિવંડીના કાપડના છ વેપારી પાસેથી સામાન ખરીદ્યા બાદ નાણાં ન ચૂકવી અંદાજે ૨.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ પોલીસે ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભિવંડીના સિનિયર ઈન્સ્પેક્ટર જનાર્દન સોનાવણેએ જણાવ્યું હતું કે કથિત છેતરપિંડી જુલાઈથી ઑગસ્ટ દરમિયાન થઈ હતી. આરોપીઓએ વેપારીને કાપડના મોટા ઑર્ડર આપ્યા હતા. કન્સાઈન્મેન્ટ પહોંચ્યા પછી પણ આરોપીએ પેમેન્ટ કર્યું નહોતું. બાદમાં આરોપીઓ સંપર્ક બહાર થઈ ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ છમાંથી એક ૬૬ વર્ષના વેપારીએ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે ત્રીજી નવેમ્બરે ત્રણ જણ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૩(૫) હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. (પીટીઆઈ)■







# રીઢો ચોર પુણેમાં પકડાયો

પાલઘર: પાલઘરમાં થયેલી ચોરીના કેસમાં પુણેથી રીઢા આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ નીલેશ કાળે (૫૮) તરીકે થઈ હતી. પાલઘર શહેરમાં રહેતું દંપતી બજારમાં ગયું હતું ત્યારે અજાણ્યો શખસ તેમના ફ્લૅટમાં ઘૂસ્યો હતો. ફ્લૅટમાંના લૉકરમાંથી સોનાના દાગીના ચોરી આરોપી ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે પાલઘર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે વિરારના ભાટપાડા ખાતેના શાકભાજી વિક્રેતા કાળેને આરોપી તરીકે ઓળખી કાઢ્યો હતો. (પીટીઆઈ)■

# ઘર ખરીદદારો સાથે ૧૦૦ કરોડની છેતરપિંડીઃ રિયલ એસ્ટેટ ડેવલપર, તેની પત્ની અને અન્યો વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈઃ વડાલા વિસ્તારમાં હાઉસિંગ પ્રોજેક્ટમાં ફ્લેટનું વચન આપી ઘર ખરીદદારો સાથે ૧૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા તેમ જ ભંડોળનો ઉપયોગ અંગત વપરાશ માટે કરવાના આરોપસર રિયલ એસ્ટેટ ડેવલપર, તેની પત્ની અને અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. કાંદિવલી પશ્ચિમમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અનિલ મોહનલાલ દ્રોણે (૬૨) આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ પ્રાથમિક તપાસ કર્યા બાદ બુધવારે રિયલ એસ્ટેટ ડેવલપર સુબ્બરાવ આનંદ બિલયનુર, તેની પત્ની ઉમા સુબ્બરામન તેમ જ અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સુબ્બરામન બિલયુનર, તેની પત્ની ઉમા, બી.પી. ગંગર કન્સ્ટ્રક્શન્સ તથા અન્યોએ ૨૦૧૮થી વડાલા પશ્ચિમમાં કાત્રક રોડ પર 'સ્કાય ૩૧' હાઉસિંગ પ્રોજેક્ટના નામે ૧૦૨ જેટલા લોકો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા અને દરેકને ફ્લેટ આપવાનું વચન આપ્યું હતું. લોકો પાસેથી રૂપિયા લીધા બાદ આરોપીઓએ કથિત રીતે ભંડોળનો ઉપયોગ હાઉસિંગ પ્રોજેક્ટમાં કરવાને બદલે અમુક રકમ અંગત વપરાશ માટે પોતાના બૅંક ખાતામાં તથા તેમની સાથે સંબંધિત કંપનીઓના બૅંક ખાતાંમાં ડાયવર્ટ કરીને આચરી હતી.

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૪૦૧-સી)

### ૧૪. નોકરી ખાલી છે

**''તક''**

''નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ફુલટાઈમ કામ. તાલીમ ઉપલબ્ધ. ઓફિસ સપોર્ટ મળશે. કોઈ રોકાણ નહીં'':- 8879985966/ 9320132162. (૪૩૫-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**'' માટુંગાથી પ્રભાદેવી''**

**''દેરાસર પાસે OC મળેલ ફ્લેટ્સ, શોપ વેચાણથી /ભાડેથી'':- 8591254627. (૪૨૪-એ)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૩. મનોરંજન

**નાટ્ય ગ્રુપ**

વર્ષના 6 નાટક વ્યક્તિ દીઠ માત્ર 500/- ભરી બુક કરો 9619538663 / 9820419608. (બી-૧૬૭૦૯)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૬૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુના ત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૪૨૮/બી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# જરાંગેની હત્યાનું 'કાવતરું': બે પકડાયા

જાલનાઃ મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગેની હત્યાનું કથિત કાવતરું ઘડવા પ્રકરણે પોલીસે બે જણને તાબામાં લીધા હતા.

જરાંગેના સહકારી ગંગાધર કલકુટેએ આ પ્રકરણે બુધવારની સવારે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને ઔપચારિક ફરિયાદ કરી હતી. હત્યા માટે અઢી કરોડ રૂપિયા આપવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ મામલે બુધવારની રાતે જરાંગે એસપી અભયકુમાર બંસલને મળ્યા પણ હતા.

ફરિયાદને આધારે પ્રાથમિક તપાસ હાથ ધરી ગવરાઈથી બે જણને તાબામાં લેવાયા હતા. અમે જરાંગેની સુરક્ષા વધુ કડક બનાવી દીધી હોવાનું એસપી બંસલે જણાવ્યું હતું.હત્યાના કાવતરાના સમાચાર ફેલાયા બાદ મોટી સંખ્યામાં સમર્થકો અંતરવાલી સરાટીમાં ભેગા થયા હતા. (પીટીઆઈ)

# મરીન લાઈન્સમાં બિલ્ડિંગમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં મરીન લાઈન્સમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના મકાનમાં ઉપરના માળા પર ગુરુવારે બપોરના અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે કોઈ જખમી થયું નહોતું.ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ મરીન લાઈન્સમાં ચંદનવાડીમાં શ્રીકાંત પાલેકર માર્ગ પર સુધરાઈની સી વોર્ડ ઓફિસ સામે ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની બિલ્ડિંગ આવેલી છે. ગુરુવારે બપોરના ૨.૪૬ વાગે બિલ્ડિંગના પહેલા માળા પર અચાનક આગ ફાટી નીકળી હતી. સવા કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

# જાલનામાં વાયરલ વીડિયોને કારણે ઓનલાઇન હેરાનગતિથી કંટાળીને યુવકે કરી આત્મહત્યા

જાલનાઃ જાલના જિલ્લામાં મહાન વ્યક્તિનું અપમાન કરતા કૃત્યનો વીડિયો વાયરલ થયા બાદ તેને કારણે વારંવાર થનારી ઓનલાઇન હેરાનગતિથી કંટાળીને ૨૭ વર્ષના યુવકે આત્મહત્યા કરી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.મહેશ અદે નામના યુવકે બુધવારે પોતાના ગામમાં કૂવામાં ઝંપલાવીને જીવન ટૂંકાવ્યા બાદ પોલીસે ગુનાહિત ધાકધમકી અને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ સાત લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. મૃતક પરતુર તહેસીલના ટોકમલ તાંડા ગામનો રહેવાસી હતો. પોલીસના જણાવ્યા અનુસાર તાજેતરમાં એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં 'છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન' નામના બ્લ્યુ બોર્ડ નીચે મહેશ અડે અને તેનો મિત્ર લઘુશંકા કરતાં નજરે પડ્યા હતા. દારૂના નશામાં આચરાયેલા આ કૃત્યને કારણે ઓનલાઇન વ્યાપક આક્રોશ ફેલાયો હતો અને ત્યાર બાદ ઘણા લોકોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અને ફોન પર બંને જણને ગાળો આપવાનું અને ધમકાવવાનું શરૂ કર્યું હતું. લોકોના આક્રોશને શાંત કરવા માટે મહેશ અડે અને તેના મિત્રએ માફી માગતો વીડિયો પોસ્ટ કર્યો હતો.

# 'મુંબઈ વન' એપમાં ટિકિટ પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ ઈન્ટિગ્રેટેડ ટિકિટિંગ સિસ્ટમ યોજના હેઠળ મુંબઈ વન એપ શરૂ કરી છે. આ એપ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મેટ્રો, રેલવે, બેસ્ટ બસ સેવાઓ માટે ઈ-ટિકિટ કઢાવવાની સુવિધા પૂરી પાડે છે. એમએમઆરમાં મુસાફરો રેલ, બેસ્ટ, મેટ્રો, મોનોરેલ, તેમજ પાંચ નગરપાલિકાઓની બસ સેવાઓ દ્વારા મુસાફરી કરે છે. દરેક મુસાફરી માટે તેમણે અલગ ટિકિટ ખરીદવી પડે છે. આમાં સમય લાગે છે અને કતારોમાં ઊભા રહેવું પડે છે. આને ધ્યાનમાં રાખીને, એક સંકલિત ટિકિટિંગ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો જેથી મુસાફરો એક જ ટિકિટ લઈને તમામ જાહેર પરિવહન સેવાઓમાં મુસાફરી કરી શકે. એમએમઆરડીએ ઘણા વર્ષોથી આ યોજના પર કામ કરી રહ્યું હતું, પરંતુ આખરે ઓક્ટોબરમાં આ સિસ્ટમ લાગુ કરવામાં આવી. આ સુવિધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી. મુંબઈ વન એપ દ્વારા, એમએમઆરડીએ મુસાફરોને એક જ ટિકિટ પર મોનોરેલ, મેટ્રો, રેલ્વે, બસ અને પાંચ નગરપાલિકાઓની બસ સેવાઓમાં મુસાફરી કરવાની સુવિધા આપે છે. આ ટિકિટ દ્વારા મુસાફરી કરવી હવે સરળ બની ગઈ છે. હવે, એમએમઆરડીએ એ મુંબઈ વન એપ પરથી ટિકિટ પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટની યોજના શરૂ કરી છે.

## પારસી મરણ

ફીરદોઝ બરજોર જોશી તે મરહુમો વિલુ તથા બરજોર જોશીના દીકરા. તે બેરોઝ બરજોર જોશીના ભાઈ. તે મરહુમો સોલી, દીનશાહ, ફીરોજ, અદી, ફરીદા, દીના, ધન તથા કેટી જોશી, નશરવાનજી, કેકાઉસ ને કેકીના ભત્રીજા. તે મરહુમ શેહરૂ જોશીના ભાણેજ. તે શેરનવાઝ, અરનાવાઝ, કુરુશ કાપડીયા તથા મરહુમ પરવેઝ જોશીના કઝીન. તે મરહુમો જાયજી તથા અરદેશર જોશીના દીકરાના દીકરા. (ઉં. વ. ૬૫) ઠે. ડી/૧, જોશી અપાર્ટમેન્ટ, ૪થે માળે, પ્લોટ નં. ૨૪૦, એસ. વી. રોડ, રાધાસ્વામી સતસંગ બીએસ, બાન્દ્રા (પ.), મુંબઈ-૪૦૦૦૫૦. ઉઠમણાની ક્રિયાઃ તા. ૭-૧૧-૨૫ ને બપોરે ૦૩.૪૫ વાગે બાન્દ્રા મધ્યે તાતા અગિયારીમાં.

કેટી મેહેલ્લી હારડા તે મરહુમ મેહેલ્લી નોશીર હારડાના વિધવા. તે મરહુમો ફ્રેની તથા પદમ સતારાવાલાના દીકરી. તે રશ્ના મેહેલ્લી હારડા ને દારાયશ મેહેલ્લી હારડાના મમ્મી. તે દીનાઝ દારાયશ હારડાના સાસુજી. તે પરવીઝ ફીલી ભાઠેનાના બહેન. તે શેરેઝાદ દારાયશ હારડાના બપયજી. (ઉં. વ. ૮૬) ઠે. ૩૦૪, વિક્રમાદીત્ય અપાર્ટમેન્ટ, ૪ બંગલો, અંધેરી (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૫૩. ઉઠમણાની ક્રિયા તા. ૭-૧૧-૨૫ને બપોરે ૩-૪૫ વાગે જોગેશ્વરી મધ્યે માલકબાગ અગિયારીમાં.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

ટિકર(રણ) નિવાસી હાલ કાંદીવલી, સ્વ.પ્રભુદાસભાઈ દલીચંદભાઈ સંઘવીના પુત્ર રાજેશભાઈ (ઉં. વ.૬૫) તે જયશ્રીબેનના પતિ. મેહુલના પિતા. વસુમતીબેન સૂર્યકાંતભાઈ મેહતા, રસીલાબેન યશવંતભાઈ શાહના ભાઈ, સ્વ. રંજનબેન રવિચંદભાઈ ગાંધીના જમાઈ. તા. ૫ -૧૧ -૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠેઃ ડી /૧ડી વાઇસરોય કોર્ટ, દત્તાણી પાર્ક, ઠાકુર વિલેજ, કાંદીવલી ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડી હાલે પૂનાના ખુશાલ સુરજી છેડા (ઉં. વ. ૬૯) ૨-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન સુરજીના પુત્ર. કલ્પનાના પતિ. હીમાંશુ, કિન્નરીના પિતા. બિદડા હેમા હેમચંદ ખીમજી, સાડાઉ ચંદ્રીકા/ સરલા ધીરજ કેશવજી, ભુજપુર ઈંદીરા નલીન પ્રેમજી, પત્રી ભારતી રોહીત જેઠાલાલના ભાઈ. સમાઘોઘા મણીબેન કરમશી પાંચારીયાના જમાઈ. પ્રાર્થના (પૂના મધ્યે) (શનિવારે) ટા. ૩.૩૦ થી ૪.૩૦ ઠે. અહિંસા ભવન, શુક્રવાર પેઠ, પૂના. ચક્ષુદાન કરેલ છે.

## હિન્દુ મરણ

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ (ઉં. વ. ૭૪) હાલ કાંદિવલી ૫-૧૧-૨૫ ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિલીપભાઈ પ્રિયકાંતભાઈ શાહના ધર્મપત્ની. તે ધવલ તથા હીરલના માતુશ્રી. ભાર્ગવી તથા અજય શાંતિલાલ મહેતાના સાસુ. કૃષ્ણકમલ, આહીરાના દાદી. સ્વ. જુગલદાસ વલ્લભદાસ મહેતા (વકીલ)ના પુત્રી. સ્વ. મનસુખલાલ, સ્વ. રશ્મીકાંતભાઈ (વકીલ), સ્વ. પ્રદીપભાઈ, સ્વ. રમાબેન પારેખ, સ્વ. હંસાબેન મોદી, સ્વ. મૃદુલાબેન પારેખના બેન. સાદડીની પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ વડાળાં (રાણા) હાલ મલાડ, ગં. સ્વ. સવિતાબેન બથિયા (ઉં. વ. ૯૧) તા. ૫/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.નરસીદાસ જાદવજી બથિયાના ધર્મપત્ની. સ્વ. બાબુભાઇ અને સ્વ. ભીખુભાઇ કરસનદાસ કાળીદાસ સાકરીયા જામરાવલના બેન. સ્વ. પ્રવીણભાઈ, સ્વ. શશીકાંતભાઈ, જગદીશભાઈ અને સુરેશભાઈના માતુશ્રી. ગં. સ્વ. વિભાબેન, ગં. સ્વ. ભાવિકાબેન, મીનાબેન, રશ્મિબેનના સાસુ. મિહિર, ધ્રુવ, અર્જુન, પાર્થ, રિયાબેન જયંતકુમાર પંઢરે, અંકિતા અને રોનક, ફોરમ, દીપના બા. પ્રાર્થનાસભા તા. ૭/૧૧/૨૫ના ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, ૨ જે મળે, શંકરમંદિર પાસે , એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

કચ્છ ગામ નારાયણ સરોવર હાલે ગાંધીધામ, સ્વ. વિજયભાઈ રાડિયા (ઉં. વ. ૯૩) તે સ્વ. અ. સૌ. લીલાવંતીબહેન કરુણાશંકર ગોકલદાસ રાડિયાના મોટાપુત્ર. સ્વ. જયાબહેન લવજીભાઈ રત્નેશ્વરના જમાઈ. અ. સૌ. નિર્મલાબહેનના પતિ. સ્વ. અ. સૌ.ભાવના, અ. સૌ. જયશ્રી. સ્વ. અજય, સંદીપના પિતા. રાજેન્દ્રભાઈ રત્નેશ્વર, નીલેશભાઈ ગાવડિયા અલ્પાના સસરા. સ્વ. અ. સૌ. કલાવતીબહેન નાનાલાલ ધતુરિયા, સ્વ. ગં. સ. મધુબહેન નટવરલાલ, રમેશભાઈ, સ્વ. દિલીપભાઈના ભાઈ. સોમવાર ૪.૧૧.૨૫ના હરિ ૐશરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર ૭.૧૧.૨૫ના સાંજે પાંચ થી સાત. સારસ્વત વાડી, ઝવેર રોડ મુલુંડ.

**કચ્છી લોહાણા**

ગામ મસ્કા, હાલે ડોમ્બિવલી, અ. સૌ. રમીલાબેન સુરેશ સચદે (ઉં. વ. ૬૫) તે સ્વ. જમનાબેન બાબુલાલ વીરજી સચદેની પુત્રવધૂ. સ્વ. વિમળાબેન વિઠ્ઠલદાસ પલણની સુપુત્રી. સ્વ. મહેન્દ્ર, ચંદ્રકાંત, કિશોરનાં ભાભી. નિર્મલાબેનનાં દેરાણી, ગીતા, રશ્મિનાં જેઠાણી. રીના, ખુશ્બુ, કૃણાલનાં મમ્મી. તા. ૫ નવેમ્બર ૨૦૨૫ બુધવારનાં રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭/૧૧/૨૫નાં સાંજે ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બિવલી ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. રમાબેન પાનાચંદ મહેતા (ખોખાણી) ના પુત્ર સ્વ. જયેશભાઇ પાનાચંદ મહેતા તે શોભનાબેનના પતિ. મેઘલ સ્મિત મેહતા, કિંજલ કુણાલ સવડિયાના પિતાશ્રી. માહિર અને મિશ્કાના નાના. સ્વ. નટવાલાલ, સ્વ, પ્રકાશભાઈ, સ્વ, જીતેન્દ્રભાઈ, સ્વ, જયસુખભાઇ, દિનેશભાઈ, ભારતીબેન નરેશભાઇ બિલાખિયાના ભાઇ, મહુવા નિવાસી બાબુલાલ હરીલાલ મેહતાના જમાઈ. તા. ૫/ ૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭/૧૧/૨૫ના શુક્રવારના ૪ થી ૫.૩૦. પરમકેશવબાગ, નવરોજી લેન, ઘાટકોપર વેસ્ટ.

**નવગામ ભાટીયા**

ગામ ગોંડલ હાલ નેરૂલ (નવી મુંબઈ) રણજીતસિંહ ગોપાલદાસ સંપટ (ઉં. વ. ૮૭) તે સ્વ. ગુણવંતી ગોપાલદાસ સંપટના પુત્ર. સ્વ. રશ્મિ (સત્યવતી)ના પતિ. હેમેન, અ. સૌ. પ્રિતીના પિતાશ્રી. કીર્તીદા અને ચેતન મહેન્દ્ર કાપડીયાના સસરા. તે સ્વ. તુલસીદા, સ્વ. કૃષ્ણરાજ, નરેન્દ્રના ભાઈ. સ્વ. ક્રિશ્નબેન, ઈન્દુબેન, કૃષ્ણકાંત જેઠાલાલ ઉદ્દેશી અને હર્ષદભાઈના બનેવી મંગળવાર, ૪-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૮-૧૧-૨૫, શનિવારના લાયન્સ કમ્યુનિટી હોલ, ૯૩-બી ગારોડીયાનગર, ઘાટકોપર (ઈસ્ટ) સાંજે ૫ થી ૭.

**કચ્છી લોહાણા**

સ્વ. નર્મદાબેન વિશનજી તન્ના કચ્છ ગામ ગુઈર હાલે મુલુન્ડના મોટા પુત્ર. નરેન્દ્ર (ઉં. વ. ૬૯) તે પુષ્પાબેનના પતિ. ગં. સ્વ. ધનલક્ષ્મીબેન મોરારજી દાવડા ગામ જડોદર-કોટડાવાલાના જમાઈ. વૃત્તા, વિશાલ, અનંત તથા પરાગના પિતાજી. અ. સૌ. રસીલાબેનના જેઠ. હેમલતા, હરીશભાઈ નરમ, ભારતી રાજેશભાઈ કતીરા, સ્મિતા વિનોદભાઈ ચગસોતા, વંદના જયેશભાઈ મંડનવિઝાર, વિનોદ, સ્વ. દિલીપના ભાઈ. સ્વ. નિર્મલાબેન ભવાનજી તન્ના, અ. સૌ. મહાલક્ષ્મીબેન મુલજી તન્ના, સ્વ. નાથીબેન દરીયાભાઈ કેશરીયાના ભત્રીજા બુધવાર, ૫-૧૧-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

મહેશ ચત્રભુજ આશર (ઉં. વ. ૭૬) ૪.૧૧.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંપાબેન ચત્રભુજ આશરના પુત્ર તથા સ્વ. શાંતિબેન લક્ષ્મીદાસ ઉદેશીના જમાઈ. તે રશ્મીબેન આશરના પતિ. અમી અને મિલીંદના પિતાશ્રી. સુમીત અને સ્નેહાના સસરાજી. કિસનભાઈ, સ્વ. પ્રમીલા-જયસિંહ, જયશ્રી-પંકજના ભાઈ. પ્રાર્થનાસભા ૭-૧૧-૨૫, શુક્રવાર. સ્થાનઃ સ્વામી સમર્થ હોલ, એક્યવર્ધક મંડળ, આમચી શાળા સહકાર સિનેમા પાસે, તીલકનગર ચેંબુર, મુંબઈ-૮૯. સાંજે ૫ થી ૬.૩૦. પ્રાર્થનાસભા બાદ લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુકઠિયા સઈ સુતાર જ્ઞાતિ**

મુળ કુતિયાણા (હાલ કાંદિવલી) જયાબહેન બચુભાઈ પીઠડિયા (ઉં. વ. ૮૯) મંગળવાર, ૪-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે પુરુષોત્તમભાઈ આંબાભાઈ સાંચલા (ગણોદવાળા)ના દીકરી. વિનોદરાય, ધર્મેન્દ્રભાઈ, વનિતાબેન વિપીનકુમાર પરમાર, ગીતાબહેન કિશોરકુમાર પરમાર, સુધાબહેન પ્રવીણકુમાર ચાવડાના માતુશ્રી. જયશ્રી વિનોદરાય પીઠડિયા તથા કિરણબહેન ધર્મેન્દ્રભાઈ પીઠડિયાનાં સાસુ. સંજય, મનીષ, ભૂમિ, મિત્તલ, કોમલ, કૃપાનાં દાદી. પરેશ, ચેતન, સ્વ. કીર્તિબાળા કમલેશકુમાર ગોહેલ, પંકજ, મનીષા, ભાવિક, ધીરેનનાં નાનીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૭-૧૧-૨૫ના ૪ થી ૬. ઠે. પહેલો માળ, શ્રી લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (પ.).

છેલ્લા પાનાનું ચાલુ

## ફક્ત ૨૭ દિવસમાં

મૂડી' હોવા છતાં સરકારને દરખાસ્ત રજૂ કરી.

દાનવેએ એવો પણ આરોપ લગાવ્યો કે વ્યવહાર ફક્ત ૨૭ દિવસમાં પૂર્ણ થઈ ગયો હતો, અને ઉદ્યોગ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી માફ કરી દીધી હતી. 'અગાઉ, અજિત પવારે કહ્યું હતું કે લોકોને બધું મફતમાં જોઈએ છે. જો એવું હોય, તો તેઓ તે (જમીન) મફતમાં કેમ માંગે છે?' એવો સવાલ તેમણે કર્યો હતો.

## અજિત પવાર

સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલો નથી. મહારાષ્ટ્રના લોકો મને ૩૫ વર્ષથી ઓળખે છે. મેં આ મામલા વિશે સંપૂર્ણ માહિતી મેળવવાનું નક્કી કર્યું છે. બે-ચાર મહિના પહેલા આવું કંઈક ચાલી રહ્યું હોવાનું મેં સાંભળ્યું હતું. ત્યારે પણ મેં કશું ખોટું ન કરવા સૂચના આપી હતી, પરંતુ આ દરમિયાન શું થયું? તેની મને ખબર નથી,' એમ અજિત પવારે કહ્યું હતું.

અજીત પવારે વધુમાં કહ્યું હતું કે, મેં આજ સુધી ક્યારેય અધિકારીઓને એવી કોઈ સૂચના આપી નથી કે જેનાથી મારા નજીકના કે દૂરના સગાઓને ફાયદો થાય. મેં ક્યારેય અધિકારીઓને ફોન કરીને કોઈ આદેશ આપ્યો નથી. તેનાથી વિપરીત, આ પ્રસંગે, નાયબ મુખ્ય પ્રધાન તરીકે, હું બધા અધિકારીઓ અને કર્મચારીઓને કહીશ કે જો કોઈ મારા નામનો ઉપયોગ કરીને ખોટું કામ કરશે અથવા નિયમોના માળખામાં ન હોય તેવું કંઈક કરશે, તો હું તેનું સમર્થન કરીશ નહીં. હું કાયદા અને નિયમોના માળખામાં કામ કરતો માણસ છું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે તેઓ આ મામલાની સંપૂર્ણ તપાસ કરશે. આ અંગે પુછવામાં આવતાં અજિત પવારે કહ્યું હતું કે, કોઈએ મને આ મુદ્દે મુખ્ય પ્રધાનની પ્રતિક્રિયા બતાવી હતી. હું કહું છું કે મુખ્ય પ્રધાને ચોક્કસ આ મામલાની તપાસ કરવી જોઈએ. તે તેમનો અધિકાર છે. તેમાં સત્ય ચકાસવાનું કામ સરકારનું છે, પરંતુ મેં હજુ સુધી આ મામલાની માહિતી લીધી નથી. બધી માહિતી મળ્યા પછી હું શુક્રવારે સાંજે આ અંગેની હકીકતો રજૂ કરીશ.

'જ્યારે તમારા પરિવારના બાળકો પુખ્ત થાય છે, ત્યારે તેઓ પોતાની રીતે વર્તે છે, પરંતુ મેં આ માટે કોઈ અધિકારીને ફોન કર્યો નથી અને ન તો મારો તેની સાથે કોઈ સંબંધ છે. હું એક એવો વ્યક્તિ છું જે બંધારણનું પાલન કરે છે અને કાયદાનું પાલન કરે છે અને ખાતરી કરવાનો પ્રયાસ કરે છે કે અન્ય લોકો પણ કાયદા અનુસાર કાર્ય કરે. તેથી, વિગતવાર માહિતી મેળવ્યા પછી હું કાલે આ બાબતે વાત કરીશ,' એમ પણ અજિત પવારે જણાવ્યું હતું.

## મહારાષ્ટ્ર ૭.૭ ટકાની

અને વર્તમાન ભાવો બંને પર જાહેર કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીએસડીપીના એડવાન્સ અંદાજ (એઈ) ૭ માર્ચ, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. વર્તમાન ભાવો પર જીએસડીપીને નોમિનલ જીએસડીપી અને સ્થિર ભાવો પર વાસ્તવિક જીએસડીપી કહેવામાં આવે છે. સ્થિર ભાવો અને વર્તમાન ભાવો પર કુલ/ચોખ્ખા રાજ્ય સ્થાનિક ઉત્પાદન અને માથાદીઠ આવકનો અંદાજ દર્શાવે છે કે વાસ્તવિક જીએસડીપી ૭.૭ ટકા અને નોમિનલ જીએસડીપી ૧૨.૨ ટકાના દરે વધવાની શક્યતા છે.

નોમિનલ જીએસડીપી ૪૫,૪૮,૭૨૧ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે, જ્યારે વાસ્તવિક જીએસડીપી ૨૬,૨૨,૬૭૩ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. આ કામચલાઉ અંદાજ રાજ્ય વિભાગો તરફથી પ્રાપ્ત અપડેટેડ ડેટા તેમજ ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (એમઓએસપીઆઈ)ના રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (એનએસઓ) તરફથી પ્રાપ્ત અપડેટેડ ડેટા પર આધારિત છે. અંદાજો એનએસઓ, એમઓએસપીઆઈ દ્વારા નિર્ધારિત પદ્ધતિ અનુસાર સંકલિત કરવામાં આવ્યા છે.

૨૦૨૪-૨૫ (પીઈ) માટે નોમિનલ રાજ્ય આવક ૩૯,૬૮,૭૪૩ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે, જ્યારે વાસ્તવિક રાજ્ય આવક ૨૨,૭૦,૪૧૧ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. ૨૦૨૪-૨૫ (પીઈ) માટે માથાદીઠ રાજ્ય આવક ૩,૧૦,૨૩૩ રૂપિયા રહેવાનો અંદાજ છે.

૨૦૨૪-૨૫ (પીઈ) માટેના કામચલાઉ અંદાજ મુજબ, કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ ક્ષેત્રનો જીએસવીએ પાછલા વર્ષમાં જોવા મળેલા ૩.૦ ટકાના વિકાસ દરની તુલનામાં ૧૩.૧ ટકાના દરે વધવાની ધારણા છે.

૨૦૨૪-૨૫ (પીઈ) માટેના કામચલાઉ અંદાજ મુજબ, ઉદ્યોગ ક્ષેત્રનો જીએસવીએ પાછલા વર્ષમાં જોવા મળેલા ૪.૨ ટકાના વિકાસ દરની તુલનામાં ૫.૪ ટકાના દરે વધવાની ધારણા છે.

૨૦૨૪-૨૫ (પીઈ) માટેના કામચલાઉ અંદાજ મુજબ સર્વિસ ક્ષેત્રનો જીએસવીએ પાછલા વર્ષમાં જોવા મળેલા ૭.૩ ટકાના વિકાસ દરની તુલનામાં ૭.૫ ટકાના દરે વધવાની ધારણા છે.

## ૧૮૦૦ કરોડની

વિભાગે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર સાથે સંકળાયેલા કથિત રૂ. ૩૦૦ કરોડના જમીન સોદા અંગે સબ-રજિસ્ટ્રારને સસ્પેન્ડ કર્યા છે અને આ વ્યવહારની તપાસ માટે એક સમિતિની રચના કરી છે, એમ એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ, 'સરકારની માલિકીની મહાર વતન જમીન' ૪૦ એકર અમાડિયા એન્ટરપ્રાઇઝ એલએલપીને રૂ. ૩૦૦ કરોડમાં વેચવામાં આવી હતી, અને તેના પર સ્ટેમ્પ ડ્યુટી માફ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે સરકારી જમીન હોવાથી, પ્લોટ ખાનગી પેઢીને વેચી શકાતો નથી. રજિસ્ટ્રેશન વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ રવિન્દ્ર બિનવાડેએ જણાવ્યું હતું કે સરકારી જમીન ખાનગી પેઢીને કેવી રીતે વેચવામાં આવી અને ધોરણો મુજબ છૂટ આપવામાં આવી કે નહીં તે જાણવા માટે તેમણે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. માફીનો દાવો કરવા માટે રજૂ કરાયેલા દસ્તાવેજોની તપાસ કરવામાં આવશે. સમિતિ એ પણ જોશે કે નોંધણી દરમિયાન કયા પ્રકારના દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ તાત્કાલિક કાર્યવાહી તરીકે, અમે સબ-રજિસ્ટ્રારને સસ્પેન્ડ કર્યા છે કારણ કે, જો તે સરકારી જમીન હોય, તો એની નોંધણી થવી જોઈતી ન હતી, એમ તેમણે જણાવ્યું હતું.

મહેસૂલ વિભાગના સૂત્રોએ દાવો કર્યો હતો કે '૭/૧૨ના ઉતારા' પર, જે એક મુખ્ય મિલકત દસ્તાવેજ છે, તે જમીન 'મુંબઈ સરકાર'ના નામે છે. પ્રોપર્ટી કાર્ડ માલિકોના નામ દર્શાવે છે, જે તેમણે ખાનગી પેઢીને વેચી દીધી હતી, એમ તેમણે જણાવ્યું હતું. પાર્થ પવારનો ફોન દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે કોઈ જવાબ આપ્યો નહોતો. પાર્થ પવાર ઉપરાંત, દિગ્વિજય પાટિલ, જેમના નામે નોંધણી થઈ છે, તે પેઢીમાં સહ-ભાગીદાર છે.

**અંજલિ દમણિયા લેખિત ફરિયાદ કરશે**

પત્રકારો સાથે વાત કરતા, ભાજપના મંત્રીએ જણાવ્યું હતું કે કાર્યકર્તા અંજલિ દમણિયાએ તેમને આ કથિત વ્યવહાર વિશે જાણ કરવા માટે ફોન કર્યો હતો અને તેઓ ૧૧ નવેમ્બર સુધીમાં તેમની પાસે લેખિત ફરિયાદ નોંધાવશે. 'ઉદ્યોગ વિભાગ, ચોક્કસ ઉદ્યોગોને પ્રોત્સસાહન આપતી વખતે, માફી અથવા રાહતો આપે છે. તે વિભાગે બધી સંબંધિત વિગતો પૂરી પાડવી પડશે. હમણાં કોઈ નિવેદન આપવાને બદલે, હું ૧૧ નવેમ્બર સુધી રાહ જોઈશ જ્યારે દમણિયા તેમના દસ્તાવેજો રજૂ કરશે,' એમ તેમણે કહ્યું હતું.

**ફરિયાદ મળ્યા બાદ જ 'જમીન સોદા'ની તપાસઃ બાવનકુળે**

મુંબઈઃ મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે ખાતરી આપી હતી કે તેમનો વિભાગ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર સાથે જોડાયેલી કંપની સાથે સંકળાયેલા કથિત જમીન સોદાની તપાસ ફરિયાદ મળ્યા બાદ જ કરશે.પત્રકારો સાથે વાત કરતા, ભાજપના મંત્રીએ જણાવ્યું હતું કે કાર્યકર અંજલી દમણિયાએ તેમને કથિત વ્યવહાર વિશે જાણ કરવા માટે દિવસની શરૂઆતમાં ફોન કર્યો હતો અને તેઓ ૧૧ નવેમ્બર સુધીમાં તેમની પાસે લેખિત ફરિયાદ નોંધાવશે. બાવનકુળેએ કહ્યું કે સ્ટેમ્પ ડ્યુટી માફીનો મામલો ઉદ્યોગ વિભાગના અધિકારક્ષેત્રમાં આવે છે. ઉદ્યોગ વિભાગ, ચોક્કસ ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી વખતે માફી અથવા રાહત આપે છે. તે વિભાગે બધી સંબંધિત વિગતો પૂરી પાડવી પડશે. હમણાં કોઈ નિવેદન આપવાને બદલે, હું ૧૧ નવેમ્બર સુધી રાહ જોઈશ જ્યારે દમણિયા તેમના દસ્તાવેજો રજૂ કરશે. 'પછી મહેસૂલ વિભાગ તેમની તપાસ કરશે અને ઉદ્યોગ વિભાગ પાસેથી માહિતી માંગશે કે શું સરકારની આઇટી નીતિના માળખામાં કોઈ માફી આપવામાં આવી હતી,' એમ બાવનકુળેએ કહ્યું. બાવનકુળેએ કહ્યું હતું કે ઔપચારિક ફરિયાદ વિના તેમનો વિભાગ કોઈ તપાસ શરૂ કરી શકતો નથી.

**ન્યાયિક તપાસ કરાવોઃ વડેટ્ટીવાર**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે જમીન સોદાની ન્યાયિક તપાસની માગણી કરી હતી અને એવો દાવો કર્યો કે તે કાયદાનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યું છે. 'નાયબ મુખ્યપ્રધાન અને નાણા પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની કંપની દ્વારા જમીન ખરીદીની પારદર્શક રીતે તપાસ થવી જોઈએ. આ સરકારી જમીન છે, અને આ બાબતે મહેસૂલ વિભાગના કોઈપણ નિર્ણય વિના તેને વેચી દેવામાં આવી છે,' એવો દાવો તેમણે કર્યો હતો. આ વ્યવહાર રદ થવો જોઈએ અને આ કેસમાં જે પણ જવાબદાર હોય તેની સામે કાર્યવાહી થવી જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

## ફડણવીસ ફરી

રાજ્ય સરકારની તિજોરીને ૨૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાનું કહેવાઈ રહ્યું છે. એટલું જ નહીં, આ જમીન સરકારી હોવા છતાં એને પાર્થ પવારની કંપનીને હસ્તાંતરિત કરવા બદલ એક સબ-રજિસ્ટ્રારને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા છે અને પ્રકરણની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. આ પ્રકરણે વિપક્ષના નિશાન પર અજિત પવાર ઓછા અને ભાજપ તેમ જ દેવેન્દ્ર ફડણવીસ વધારે છે. આમ આખા પ્રકરણ સાથે સ્નાનસૂતકનો સંબંધ ન હોવા છતાં ફડણવીસની સમસ્યામાં વધારો થયો છે. આવું પહેલી વખત નથી થયું આ પહેલાં પણ ગયા વર્ષમાં આવા અનેક પ્રકરણ થયા છે.

ગઠબંધનમાં સંકલન સાથે સંકળાયેલ મુદ્દાઓઃ શાસક ભાગીદારો (ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારનો એનસીપી જૂથ) વચ્ચે સરકારી પહેલ માટે શ્રેય લેવાની સ્પર્ધા અને વિવિધ વૈચારિક વલણો સહિત વિવિધ મુદ્દાઓ પર ઘર્ષણના અહેવાલો આવ્યા છે. દાખલા તરીકે, શિવસેનાના વિધાનસભ્ય રવિન્દ્ર ધંગેકરે ભાજપના રાજ્ય કક્ષાના કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોળ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા, જેને એકનાથ શિંદેએ તેમને ગઠબંધનની અંદર 'અરાજકતા' રોકવા માટે સમાપ્ત કરવા કહ્યું હતું.

ચૂંટણી પંચ પર વિપક્ષની ટીકાઃ વિપક્ષો, ખાસ કરીને શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે, ચૂંટણી પંચની આકરી ટીકા કરી છે અને સવાલ કર્યો છે કે શું ભાજપ પાસે ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન પક્ષપાત અને 'મેચ-ફિક્સિંગ'ના આરોપો સામે ચૂંટણી સંસ્થાનો બચાવ કરવાનો 'કરાર' છે.

ભાષા વિવાદઃ શાળાઓમાં હિન્દીને 'ત્રીજી ભાષા' તરીકે જાહેર કરવાના રાજ્ય સરકારના નિર્ણયથી વિવાદ સર્જાયો હતો, વિપક્ષે ભાજપ પર હિન્દી લાદવાનો અને મુખ્યત્વે મરાઠી ભાષી રાજ્યમાં ભાષાકીય વિભાજન કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો.

જાતિ આધારિત અને સામાજિક મુદ્દાઓઃ સરકારે મરાઠા અનામત આંદોલન અને પછી ઓબીસી અનામત રક્ષણ આંદોલન જેવા સંવેદનશીલ મુદ્દાનું સંચાલન કરવું પડ્યું છે, જેને કેટલાક લોકો દ્વારા નિરાકરણ લાવવા બદલ દેવેન્દ્ર ફડણવીસની પ્રશંસા કરવામાં આવી રહી છે, જ્યારે વિપક્ષના લોકોએ દાવો કર્યો હતો કે સરકારે આંદોલનકારીઓને 'છેતર્યા' હતા.

મરાઠવાડામાં પૂર અને કૃષિ લોન માફીઃ રાજકીય મુદ્દાઓ અધુરા હોય એમ રાજ્યના મરાઠવાડામાં અભૂતપૂર્વ પૂર આવ્યા અને હજારો એકર જમીનનું ધોવાણ થઈ ગયું અને આને કારણે વિપક્ષ દ્વારા ખેડૂતોને સહાય આપવાની અને કૃષિ લોન માફ કરવાની માગણી જોરશોરથી ઉઠાવવામાં આવી રહી છે. રાજ્ય નવ લાખ કરોડથી વધુના દેવામાં છે ત્યારે આ મુદ્દો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ માટે વધુ એક મોટા પડકાર સમાન છે અને તેમની સમસ્યાનો અંત આવતો દેખાતો નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

# સેન્સેક્સ સતત બીજા દિવસે ગબડ્યોઃ ઓલા ઈલેક્ટ્રિક્સમાં ₹ ૪૧૮ કરોડની ખોટ, રેવેન્યૂમાં ૪૩ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ તેજી માટે કોઇપણ ટ્રીગરના અભાવ વચ્ચે આઇસીઆઇસીઆઇ બેન્ક સહિતના બ્લુચીપ શેરોની વેચવાલીના દબાણને કારણે શેરબજારમાં ગુરુવારે સતત બીજા દિવસે શેરબજારમાં પીછેહઠ જોવા મળી હતી. સત્ર દરમિયાન ૮૩,૮૪૬.૩૫ પોઇન્ટ અને ૮૩,૨૩૭.૬૫ પોઇન્ટની વચ્ચે અથડાઇને અંતે ૧૪૮.૧૪ પોઇન્ટ અથવા તો ૦.૧૮ ટકાના ઘટાડા સાથે ૮૩,૩૧૧.૦૧ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ૮૭.૯૫ પોઇન્ટ અથવા તો ૦.૩૪ ટકાના ઘટાડા સાથે ૨૫,૫૦૯.૭૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ગુરુવારે બેન્ચમાર્ક સૂચકાંકો ઊંચા મથાળે ખુલ્યા હતા, સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ અને બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝના પ્રોત્સાહક ત્રિમાસિક પરિણામ અને એમએસસીઇ ઇન્ડેક્સમાં ચાર ભારતીય કંપનીઓના સમાવેશ અંગે આશાવાદે પ્રારંભિક સત્રમાં સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. સેક્ટરલ સૂચકાંકો વ્યાપક રીતે નબળા બજાર વલણને પ્રતિબિંબિત કરે છે, જેમાં નિફ્ટી મીડિયા અને મેટલ નુકસાનમાં અગ્રણી રહ્યા હતા, અને એનર્જી, હેલ્થકેર અને રિયલ્ટીમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં પાવરગ્રીડ, ઇટર્નલ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને એનટીપીસી ટોપ લુઝર્સ શેર રહ્યા હતા. જ્યારે સૌથી વધુ વધનારા શેરોમાં એશિયન પેઇન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને અલ્ટ્રાટ્રેક સિમેન્ટ ટોપ ગેઇનર શેર રહ્યા હતા. ઓટો, એફએમસીજી, આઇટી અને ઓઇલ એન્ડ ગેસ સેક્ટરના હળવા સુધરાએ બેન્ચમાર્કને મર્યાદિત ટેકો આપ્યો હતો. બજારનું એકંદર સેન્ટિમેન્ટ સાવચેતીનું રહ્યું, જે વ્યાપક પ્રોફિટ બુકિંગ વચ્ચે પસંદગીયુક્ત ખરીદી સૂચવે છે.

ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડે સપ્ટેમ્બર ક્વાર્ટર માટે રૂ. ૪૧૮ કરોડની ચોખ્ખો ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૪૯૫ કરોડ હતી. એ જ રીતે, કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે ૪૩ ટકા ઘટીને રૂ. ૬૯૦ કરોડ થઈ ગઈ છે, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૨૧૪ કરોડ હતી, જે આ સમયગાળા દરમિયાન નબળી વેચાણ કામગીરી દર્શાવે છે.

પ્રાઇમરી માર્કેટમાં ફિઝિક્સવાલા લિમિટેડનો રૂ. ૩,૪૮૦ કરોડનો આઈપીઓ ૧૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ નવેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૪ નવેમ્બરના રોજ અને લિસ્ટિંગ ૧૮મી નવેમ્બરના રોજ થવાની ધારણા છે. શેર બીએસઈ અને એનએસઈ પર લિસ્ટ થશે. શેર માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦૩થી રૂ. ૧૦૯ પ્રતિ શેર અને અરજી માટે મિનિમમ લોટ સાઇઝ ૧૩૭ શેરની છે.

એમટીઆર અને ઇસ્ટર્ન બ્રાન્ડની માલિક ઓર્કલા ઇન્ડિયા લિમિટેડના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. સ્ટોક બ્રોકિંગ ફર્મ ગ્રોવની પેરેન્ટ કંપની બિલિયનબ્રેઇન ગેરેજ વેન્ચરન ઇશ્યૂ બીજા દિવસે સંપૂર્ણ ભરાઇ ગયો છે. સ્ટેટ બેન્ક એસબીઆઇ ફંડ મેનેજમેન્ટમાંથી ૬.૩ ટકા હિસ્સો ડિવેસ્ટ કરવા માટે આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે. આ માટે સેન્ટ્રલ બોર્ડની પરવાનગી મળી ગઇ છે અને આ આખી પ્રક્રિયા ૨૦૨૬માં પૂર્ણ થવાની અપેક્ષા છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ આરબીએલ બેન્કમાંથી તેનો ૩.૩૫૩ ટકાનો સંપૂર્ણ સ્ટેક રૂ. ૬૭૮ કરોડમાં વેચી દીધો છે.

એમવી ફોટોવોલ્ટેઇક લિમિટેડનો રૂ. ૨,૯૦૦ કરોડનો આઇપીઓ ૧૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ નવેમ્બરના રોજ બંધ થશે.

શેરની ફાળવણી ૧૪ નવેમ્બરના રોજ અને લિસ્ટિંગ ૧૮મી નવેમ્બરના રોજ થવાની ધારણા છે. શેર માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૨૦૬થી રૂ. ૨૧૭ પ્રતિ શેર છે. અરજી માટે મિનિમમ લોટ સાઇઝ ૬૯ શેરની છે. શેર બીએસઈ અને એનએસઈ પર લિસ્ટ થશે.

સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડના સિંગાપોર સ્થિત એકમ, ગ્રીન પોઇન્ટએ ભારતીય રાઇસ એક્સપોર્ટર ફેડરેશન સાથે એક વ્યૂહાત્મક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી છે. આ એમઓયુની શરતો હેઠળ બંને પક્ષોએ ૫૦,૦૦૦ મેટ્રિક ટન ભારતીય ચોખાની ખરીદી અને નિકાસ માટે વાણિજ્યિક વ્યવસ્થાઓ શોધવાનો ઇરાદો વ્યક્ત કર્યો છે. આ ખરીદી ખર્ચ અને નૂર ધોરણે આશરે ૨૦.૮ મિલિયન ડોલર (રૂ. ૧૭૩.૯ કરોડ)ની કિંમતની છે.

ન્યૂયોર્ક પ્લાન્ટમાં આગથી નોવેલિસના ૫૫૦થી ૬૫૦ મિલિયન ડોલરના રોકડ પ્રવાહને ફટકો પડ્યાના અહેવાલ પછી હિન્ડાલ્કોના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. બીજા ક્વાર્ટરમાં નુકસાની નોંધાવનાર ડેલ્હીવરીના શેરમાં આઠ ટકાથી મોટો કડાકો જોવા મળ્યો હતો. ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝના શેર બીજા ક્વાર્ટરના પરિણામની જાહેરાત બાદ ચાર ટકાનો કડાકો જોવા મળ્યો. બીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૨૩ ટકા વધ્યો હોવાથી બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝના શેર પાંચેક ટકા ઊછળ્યા હતા.

એલ્યુમિનિયમ, કોપર ફિન્સ, કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ, વોટર કોઇલ્સ અને કન્ડેન્સર અને ઇવેપોરેટર કોઇલ્સની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં સ્ટેન્ડઅલોન ધોરણે વાર્ષિક ધોરણે ૧૨૬.૧૩% વૃદ્ધિ સાથે રૂ. ૨૨૭.૨૨ કરોડની કુલ આવક, ૬૮.૫૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૬૦ કરોડનો એબિટા અને ૯૫.૩૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૩.૬૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતીય બજાર એકંદરે કોન્સોલિડેશનના તબક્કામાં છે અને ટ્રેડર્સ સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે. વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે પણ સેન્ટિમેન્ટ ડહોળાયેલું રહ્યું છે. એક્સચેન્જના ડેટા અનુસાર એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ. ૧૦૬૭.૦૧ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૨૦૨.૯૦ કરોડની લેવાલી નોંધાવી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને ટ્રમ્પ દ્વારા વાંરવાર ભયનું વાતાવરણ ખડું કરવામાં આવી રહ્યું હોવાથી સાવચેતીના માનસ વચ્ચે સેફ હેવન એસેટમાં આકર્ષણ જળવાઇ રહેશે અને તે કિંમતી ધાતુંના ભાવ પકડી રાખશે. ટ્રમ્પે હાલમાં જ એક તરફ નાઇજિરિયા પર હુમલો કરવાની ધમકી ઉચ્ચારી હતી તો બીજી તરફ ચીનને પણ તાઇવાન સંદર્ભે ગર્ભીત ધમકી આપી હતી. રોકાણકારોની નજર ખાસ કરીને અમેરિકા અને ચીન તથા અમેરિકા અને ભારત વચ્ચેની ડીલ પર રહેશે.

એશિયન બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ પોઝિટીવ ટેરીટરીમાં બંધ થયો હતો. યુરોપના શેરબજારોમાં નીચા મથાળે ટ્રેડિંગ થઈ રહ્યું હતું. અમેરિકાના શેરબજાર બુધવારે ઊંચા મથાળે બંધ રહ્યા હતા.

### ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનાએ પુનઃ ૪૦૦૦ ડૉલરની સપાટી અંકે કરી

## ચાંદીમાં ₹ ૨૦૯૨નો ચમકારો, સોનામાં ₹ ૨૫૧નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી સુપ્રીમ કોર્ટે ગઈકાલે પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ અંગેની કાયદેસરતા સામે શંકા વ્યક્ત કરી હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ચાર મહિનાની ઊંચી સપાટીએથી પાછો ફર્યો હતો. ડૉલર નબળો પડતાં આજે લંડન ખાતે ખાસ સત્રના આરંભે સોનાના ભાવમાં ૦.૮ ટકાનો ઉછાળો આવ્યો હતો અને પુનઃ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી અંકે કરી હતી. તેમ જ આજે ચાંદીના ભાવમાં ૧.૩ ટકા જેટલા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૦થી ૨૫૧નો સાધારણ સુધારો આવ્યો હતો, પરંતુ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૯૨નો ચમકારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૦૯૨ વધીને રૂ. ૧,૪૮,૨૪૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ પણ સોનામાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૦ વધીને રૂ. ૧,૨૦,૧૮૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૫૧ વધીને રૂ. ૧,૨૦,૬૭૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાને કારણે વિશ્વ બજારની તુલનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૩ ટકાનો ઘટાડો આવ્યો હોવાથી હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૪૦૧૫.૩૧ ડૉલર અને ૪૦૨૪.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૮.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ગઈકાલે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટૅરિફની કાયદેસરતા સામે પ્રશ્નાર્થ કરતાં આજે ડૉલર નબળો પડવાથી સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન કોન્સોલિડેશન જળવાઈ રહે તેવી શક્યતા છે, પરંતુ જો ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તો ભાવ વધીને ફરી ઔંસદીઠ ૪૨૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે.

દરમિયાન ગઈકાલે અમેરિકામાં જાહેર થયેલા ગત ઑક્ટોબર મહિનાના ખાનગી રોજગારીનાં ડેટામાં કંપનીઓએ ૪૨,૦૦૦ રોજગારોનો ઉમેરો કર્યો હોવાનું જણાવ્યું હતું. જોકે, રોજગારીમાં જોવા મળેલો ઉમેરો રૉઈટર્સના ૨૮,૦૦૦ના ઉમેરાના અંદાજ કરતાં વધુ હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ પાતળી બની હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. વાસ્તવમાં અમેરિકામાં ગવર્મેન્ટ શટડાઉન લાંબા સમય સુધી ચાલ્યુ હોવાથી સરકારી ડેટાની જાહેરાતના અભાવ વચ્ચે રોકાણકારોએ અને ફેડરલ રિઝર્વે ખાનગી ડેટાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે.

## ભારતના રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ના ૧૫૦ વર્ષની ગુજરાતભરમાં થશે ભવ્ય ઉજવણી

- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ઉજવાશે “વંદે માતરમ્ @૧૫૦:” પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશે
- રાષ્ટ્રગીત “વંદે માતરમ્”ના મૂળ સ્વરૂપના સમૂહગાન સાથે સ્વદેશીની શપથ ગ્રહણ કરાશે

અમદાવાદઃ રાજ્યના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, ભારતના રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા. ૦૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ગુજરાતમાં પણ ભારતના રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્@૧૫૦’ની ઉજવણી ઉલ્લાસભેર કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશે, જેમાં રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ના મૂળ સ્વરૂપનું સમૂહગાન સાથે સ્વદેશીની શપથ ગ્રહણ પણ કરાશે.

તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય સ્વતંત્રતા દરમિયાન રાષ્ટ્ર ગીત ‘વંદે માતરમ્’ના માધ્યમથી સમગ્ર સ્વતંત્રતા ચળવળ એક તાંતણે બંધાઇ હતી અને એક નવી ઊંચાઇ હાંસલ કરી હતી. ભારતનું રાષ્ટ્રગીત આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે ત્યારે રાષ્ટ્રગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવાની વડા પ્રધાને પ્રેરણા આપી છે, જેની રાજ્યભરમાં ઉજવણી કરાશે.

પ્રવકતા મંત્રીએ ઉમેર્યું કે, તા. ૭ નવેમ્બરના દિવસે રાજ્યના વિવિધ પ્રભારી મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાઓ ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયરશ્રીની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્રગીત “વંદે માતરમ્”ના મૂળ સ્વરૂપનું સમૂહગાન તથા સ્વદેશીની શપથ ગ્રહણ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત રાજ્યના પોલીસ બેન્ડ દ્વારા પાટનગર ગાંધીનગર તથા જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળોએ રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ તથા અન્ય દેશ ભક્તિનાં ગીતો આધારિત ધૂન પ્રસ્તુતિ કરાશે. તા. ૦૭-૧૧-૨૦૨૫ થી તા.૨૬-૧૧-૨૦૨૫ દરમિયાન સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ, શાળાઓ અને કોલેજો, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો ખાતે રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ના મૂળ સ્વરૂપનું સમૂહગાન સાથે સ્વદેશીની શપથ તથા કોલેજો ખાતે “વંદે માતરમ@૧૫૦” થીમ આધારિત સેમિનાર, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચાઓનું પણ આયોજન કરાશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ■

## ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાત પૈસાના સુધારા સાથે ૮૮.૬૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૮૮.૭૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૫૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૬૬ અને ઉપરમાં ૮૮.૪૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૮૮.૬૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ગુરુ નાનક જયંતી નિમિત્તે સ્થાનિક બજાર બંધ રહી હતી. હાલમાં રૂપિયાને ડૉલર ઈન્ડેક્સની નરમાઈનો ટેકો મળી રહ્યો છે, પરંતુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીને કારણે રૂપિયો અમુક અંશે દબાણ હેઠળ આવી રહ્યો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગના રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું. હાલમાં બજાર વર્તુળોની નજર અમેરિકાનાં ઉત્પાદન અને બિન ઉત્પાદનના પીએમઆઈ સહિતનાં આર્થિક ડેટાઓની જાહેરાત પર છે. તેમ છતાં અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૮.૪૦થી ૮૮.૯૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દેશ-વિદેશ

## આરજેડી અને કૉંગ્રેસને ઘૂસણખોરો ગમે, ભગવાન રામ અને છઠી મૈયા તરફ અણગમોઃ મોદી

ભાગલપુર/અરારિયા : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે બિહારના વિરોધ પક્ષના આરજેડી-કૉંગ્રેસના જોડાણ પર ઘૂસણખોરો માટે સહાનુભૂતિ હોવાનો અને વોટ બૅન્ક પોલિટિક્સિને લીધે ભગવાન રામ અને નછઠી મૈયાથ પ્રત્યે અણગમો હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભાગલપુર અને અરારિયા જિલ્લામાં જાહેર સભા સંબોધતાં મોદીએ આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષો નિષાદ રાજ, માતા સબરી અને મહર્ષી વાલ્મીકીનાં તીર્થસ્થાનોના દર્શન ન કરવા હોવાથી અયોધ્યા જવાનો ઈનકાર છે અને આ તેમની દલિતો અને પછાત જાતિ તરફની નફરત બતાડે છે. તેમણે કહ્યું હતું કે ૧૫ વર્ષના જંગલરાજમાં બિહારમાં શૂન્ય વિકાસ જોવા મળ્યો હતો.

કોઈ પુલ અને હાઈવે કે કોઈ ઉચ્ચ શિક્ષણનાં કેન્દ્રો બંધાયાં નહોતાં. મુખ્ય પ્રધાન નીતીશ કુમારની આગેવાની હેઠળ એનડીએએ સખત કામ કરીને એ યુગમાંથી બિહારને બહાર લાવ્યું હતું.

આજે બિહારમાં એક્સપ્રેસવે, નદી પર પુલો. ચાર મધ્ય વિદ્યાપીઠો અને ઉચ્ચ સિક્ષણના બીજા કેન્દ્રો છે. ફક્ત એનડીએ વિકાસ તરફની એકધારી યાત્રાની ખાતરી આપી શકે.

## પાકિસ્તાનમાં જેન-ઝી બરાબરની વીફરી છે

### પીઓકેમાં યુવાનોનું આંદોલનઃ શરીફ-મુનીરની ખુરશી સંકટમાં

મુઝફ્ફરાબાદઃ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં નજેન-ઝીથ (૧૯૯૭થી ૨૦૧૨ની વચ્ચે જન્મેલા યુવાનોની પેઢી) દ્વારા પાકિસ્તાનની સરકાર-વિરુદ્ધ વ્યાપક આંદોલન શરૂ થયું છે. તેને લીધે શહબાઝ-મુનીરના શાસન સામે જોખમ ઊભું થઇ શકે છે.

અહીં વિદ્યાર્થીઓની ફીમાંના વધારા, ડિજિટલ મૂલ્યાંકન પ્રણાલી અને શિક્ષણને લગતી ખરાબ સુવિધા સહિત વિવિધ મુદ્દે યુવાનોનું આંદોલન શરૂઆતમાં શાંતિથી ચાલતું હતું, પરંતુ પ્રદર્શન પર એક અજાણ્યા બંદૂકધારીએ ગોળીબાર કરતા હિંસા ફેલાઇ હતી. વિદ્યાર્થીઓએ શહબાઝ શરીફ સરકારની વિરુદ્ધ નારા લગાવ્યા હતા અને જાહેરમાં ટાયર સળગાવ્યા હતા. નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા પછી હવે પાકિસ્તાનમાં નવી પેઢી નજેન-ઝીથએ સરકારની સામે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. વિદ્યાર્થીઓ સારી શૈક્ષણિક સુવિધાની માગણીને લઇને શેરીઓમાં દેખાવ કરી રહ્યા છે.

ફીમાંના વધારા અને ડિજિટલ મૂલ્યાંકન પ્રક્રિયાના વિરોધમાં વિદ્યાર્થીઓનું આંદોલન પ્રારંભમાં શાંત હતું, પરંતુ હવે તે શહબાઝ શરીફ સરકારની સામે એક મોટું આંદોલન બની ગયું છે. મુઝફ્ફરાબાદમાં એક અજાણી વ્યક્તિ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરતી હોવાનો વીડિયો પણ વાઇરલ થયો હતો.

પીઓકેમાં યુવાનોએ મોટા પાયે તોડફોડ શરૂ કરી છે અને સરકારની વિરુદ્ધ દેખાવ કરી રહ્યા છે. મુઝફ્ફરાબાદની એક અગ્રણી યુનિવર્સિટીની ફીમાં ભારે વધારો કરાયો છે અને તેને લીધે વિદ્યાર્થીઓ ગુસ્સે થયા છે.

બીજી બાજુ, શિક્ષકો અને અન્ય વહીવટી કર્મચારીઓ પગાર-વધારાની માગણીને લઇને આંદોલનમાં જોડાયા છે. અગાઉ, અહીં ‘જૉઇન્ટ અવામી ઍક્શન કમિટી’ના નેજા હેઠળ ઑક્ટોબરમાં વિરોધ-પ્રદર્શન અને હિંસા થઇ હતી, જેમાં ૧૨થી વધારે લોકો માર્યા ગયાં હતાં.

## ‘વંદે માતરમ્’ની ૧૫૦મા વર્ષની ઉજવણીની આજે શરૂઆત કરાવશે મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ‘વંદે માતરમ’ રાષ્ટ્રગાનના ૧૫૦મા વર્ષની એક વર્ષ ચાલનારી ઉજવણીનું શુક્રવારે સવારે સાડાનવ વાગે અહીંના ઈંદિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ઉદ્ઘાટન કરશે અને એ નિમિત્તે પ્રાસંગિક સ્ટેમ્પ અને સિક્કો પણ બહાર પાડશે. સવારે ૯:૫૦ વાગે ‘વંદે માતરમ’ સંપૂર્ણ રાષ્ટ્રગાનનું જાહેર સ્થળોએ નાગરિકો દ્વારા સામૂહિક રીતે પઠન કરવામાં આવશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ૧૫૦ વર્ષ અગાઉ ‘વંદે માતરમ’ ગાનની રચના કરવામાં આવી હતી. ૭ નવેમ્બર ૧૮૭૫ના અક્ષય નવમીને દિવસે બંકીમચંદ્ર ચેટરજી દ્વારા ‘વંદે માતરમ’ ગાનની રચના કરવામાં આવી હતી. ચેટરજીની નવલકથા ‘આનંદમઠ’ના ભાગરૂપ સાહિત્ય જર્નલ ‘બંગાદર્શન’માં આ ગીત સૌપ્રથમવાર દેખાયું હતું. ભારતની સ્વતંત્રતાની ઝુંબેશને પ્રેરણા આપનાર તેમ જ લોકોમાં રાષ્ટ્રીય ગૌરવ અને એકતા જગાડનાર ‘વંદે માતરમ’ રાષ્ટ્રગાનના ૧૫૦મા વર્ષની આ ઉજવણી એક વર્ષ એટલે કે ૭ નવેમ્બર ૨૦૨૫થી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે. (એજન્સી)

## ભારત-પાક યુદ્ધમાં આઠ વિમાન તોડાયાં હતાંઃ ટ્રમ્પ

### હવે જેટની સંખ્યામાં ફેરફાર સાથે નવો દાવો કરતા અમેરિકી પ્રમુખે કહ્યું કે મેં જ એકલા-હાથે આઠ લડાઇ અટકાવી હતી

ન્યૂ યૉર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ હવે દાવો કરે છે કે ભારત - પાકિસ્તાન વચ્ચે મેમાં થયેલા યુદ્ધમાં આઠ વિમાન તોડી પડાયા હતા. આમ છતાં, ટ્રમ્પે લડાઇમાં તોડી પડાયેલાં વિમાનો ક્યા દેશના હતાં, તે અંગે કોઇ સ્પષ્ટતા નહોતી કરી. અમેરિકાના પ્રમુખ ભિન્ન કે વિરોધાભાસી નિવેદનો કરવા માટે કુખ્યાત છે. ટ્રમ્પે ફ્લોરિડાના માયામીમાં બુધવારે અમેરિકા બિઝનેસ ફૉરમથને સંબોધતા ભારત - પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં આઠ વિમાન તોડાયા હોવાનો દાવો કર્યો હતો. તેમણે આ લડાઇમાં સાત વિમાન તૂટ્યા હોવાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે હું ભારત અને પાકિસ્તાન સાથે વેપાર-કરાર કરવાની તૈયારીમાં જ હતો ત્યારે મેં સાંભળ્યું કે આ બે પાડોશી દેશ યુદ્ધ કરી રહ્યા છે. સાત વિમાન તોડાયા હતા અને આઠમા વિમાનને ભારે નુકસાન થયું હતું. અમેરિકાના પ્રમુખે ફરી દાવો કર્યો હતો કે મેં અણુશસ્ત્રો ધરાવતા ભારત અને પાકિસ્તાન સાથે વેપાર-કરાર નહિ કરવાની ધમકી આપીને યુદ્ધ અટકાવ્યું હતું. (એજન્સી)

## ઈડીનું અનિલ અંબાણીને ૧૪ નવેમ્બરે હાજર થવા ફરમાન

નવી દિલ્હીઃ મની લૉન્ડરિંગ કેસ સંબંધિત કથિત બૅન્ક ફ્રોડને મામલે પૂછપરછ કરવા ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ રિલાયન્સ ગ્રૂપના ચેરમેન અનિલ અંબાણીને ૧૪ નવેમ્બરે હાજર થવા ફરમાન કર્યું છે. ૬૬ વર્ષના અનિલ અંબાણીની ઈડીએ ઑગસ્ટમાં લગભગ ૧૦ કલાક પૂછપરછ કરી હતી.

સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા (એસબીઆઈ) સાથેની કથિત ૨,૯૨૯ કરોડ રૂપિયાની લૉન છેતરપિંડીને મામલે રિલાયન્સ કમ્યુનિકેશન્સ લિ. (આર.કોમ) વિરુદ્ધના મની લૉન્ડરિંગ કેસ સંબંધિત પૂછપરછ માટે ૧૪ નવેમ્બરે ઈડી સમક્ષ હાજર થવા અનિલ અંબાણીને જણાવવામાં આવ્યું છે. અગાઉની જેમ જ ઈડી પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત અનિલ અંબાણીનું નિવેદન નોંધશે.

૨૧ ઑગસ્ટે સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા ગુનાને પગલે ઈડી દ્વારા આ તપાસ હાથ ધરવામાં આવી હતી.

સીબીઆઈએ મુંબઈસ્થિત અનિલ અંબાણીના નિવાસસ્થાન સહિતના સ્થળે દરોડા પાડ્યા હતા.

એસબીઆઈ દ્વારા કરવામાં આવેલી ફરિયાદને આધારે સીબીઆઈ દ્વારા આર.કોમ મુંબઈ, કંપનીના ડિરેક્ટર અનિલ. ડી. અંબાણી, અજાણ્યા જનસેવકો સહિત અન્ય અજાણ્યા લોકો વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

એસબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યાનુસાર આર.કોમ એ વિવિધ ધિરાણકર્તાઓને ૪૦,૦૦૦ કરોડ રૂપિયા ચુકવવાના નીકળે છે. ફરિયાદમાં જણાવ્યાનુસાર આર.કોમને કારણે એસબીઆઈને જ ૨,૯૨૯ કરોડનું નુકસાન થયું છે. (એજન્સી)

## સૈનિકોનો ધર્મ પૂછનાર રાહુલ ગાંધીને શરમ આવવી જોઈએઃ અમિત શાહ

મધુબની (બિહાર)ઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સેનાના જવાનોના ધર્મ, કોમની જાણકારી માગતા શરમ આવવી જોઈએ કેમ કે ભારતમાં ધર્મ કે જાતિને આધારે સેનાના અધિકારીઓમાં કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી.


મધુબની, પશ્ચિમ ચંપારણ અને મોતીહારી જિલ્લામાં એક પછી એક ચૂંટણી સભાને સંબોધન કરતાં શાહે કહ્યું હતું કે ગેરકાયદે ઘૂસણખોરી કરીને દેશમાં પ્રવેશેલા બાંગ્લાદેશીઓ ભારતીયોની નોકરી છીનવી રહ્યા છે અને દેશની સુરક્ષા સામે જોખમ ઊભું કરી રહ્યા છે. બિહાર વિધાનસભાની ચૂંટણી રાજ્યને ઘૂસણખોરોમુક્ત કરવા માટે જ છે, એમ તેમણે ભારપૂર્વક કહ્યું હતું. નીચલી કોમ, આદિવાસી સમુદાય અને લઘુમતી કોમના લોકોનું ન્યાયતંત્ર, અમલદારશાહી અને સેન્યમાં નજીવું પ્રતિનિધિત્વ ધરાવતા હોવાનો અને વસતિના માત્ર ૧૦ ટકા લોકો જ તેનાં પર નિયંત્રણ ધરાવતા હોવાનો રાહુલ ગાંધીએ બિહારમાં મંગળવારે એક રેલીને સંબોધન કરતાં દાવો કર્યો હતો. શાહે આક્ષેપ કર્યો હતો કે આરજેડી સત્તા પર હતો ત્યારે તે સામૂહિક હત્યા અને બળાત્કારમાં સંડોવાયેલો હતો.

શાહે ભારપૂર્વક કહ્યું હતું કે એનડીએ સરકારના શાસનકાળમાં બાહુબલી (સ્ટ્રોન્ગમેન) માટે કોઈ સ્થાન નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મખાના બૉર્ડ’ની રચના કરી છે, પરંતુ જો લાલુ ઍન્ડ કંપની સત્તા પર આવશે તો તે ‘ઘૂસણખોરો ઘૂસાઓ બૉર્ડ’ની રચના કરશે, એમ તેમણે કહ્યું હતું.

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી



# હોરરમાં ઓટના એંધાણ

‘તેરે ઈશ્ક મેં’માં ક્રીતિ સેનન અને ધનુષ



‘થામા’માં આયુષ્માન ખુરાના – રશ્મિકા મંદાના

## હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એકવીસમી સદીમાં આવેલી હોરર કોમેડી ફિલ્મોનાં વળતાં પાણીનો નિર્દેશ દેશ - વિદેશથી મળી રહ્યો છે

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પહેલી હોરર ફિલ્મ કમાલ અમરોહી લિખિત - દિગ્દર્શિત ‘મહલ’ (૧૯૪૯) માનવામાં આવે છે અને પહેલી હોરર કોમેડી મેહમુદની ‘ભૂત બંગલા’ (૧૯૬૫) ગણવામાં આવે છે. ૧૯૭૦ - ૮૦ના દાયકામાં રામસે બંધુગણ ડરાવણી ફિલ્મોને અલગ સપાટીએ લઈ ગયા, પણ તાજેતરનાં વર્ષોમાં હોરર કોમેડીની બોલબાલા વધી છે એનો પ્રારંભ અમુક અંશે અજય દેવગનની ‘ભૂત’ અને અક્ષય કુમારની ‘ભૂલ ભુલૈયા’થી થયો એમ કહી શકાય. અલબત્ત, આ બંને રૂઢ અર્થમાં હોરર કોમેડી નહોતી, પણ એમાં હાસ્યના છાંટણાં જરૂર હતા. નિર્ભેળપણે હોરર કોમેડીનું લેબલ મારી શકાય એની શરૂઆત ‘તુમ્બાડ’ (૨૦૧૮)થી થઈ. પછી તો એવી ઘેલછા જાગી કે ચોક્કસ નિર્માણ ગૃહે હોરર યુનિવર્સની ફિલ્મોનો દોર જ શરૂ કરી દીધો. તાજેતરમાં રિલીઝ થયેલી ‘થામા’ એનું નવું પ્રકરણ છે.

જોકે, વિદેશથી આવેલી બાતમી અને ‘થામા’નો બોક્સ ઓફિસ પરફોર્મન્સ જોતા હોરર શૈલીની ફિલ્મોથી દર્શકો ધરાઈ ગયા કે અકળાઈ ગયા કે તેમને અબખે પડી ગઈ છે એવી અટકળો વહેતી થઈ છે. રિલીઝના ૧૫ દિવસ પછી ૧૪૫ કરોડના બજેટમાં બનેલી ‘થામા’ ભારત અને વિદેશમાં મળી ૧૫૮ કરોડનો જ વકરો કરી શકી છે. નિર્માણ ગૃહની ‘સ્ત્રી’ અને ‘સ્ત્રી ૨’ તેમ જ ‘ભેડિયા’ અને ‘મુંજ્યા’ ચિત્રપટોએ બજેટની સામે જે વિરાટ વળતર અંકે કર્યું એની સામે તો ‘થામા’નું કલેક્શન વામણું લાગે.

વાત અહીં પૂરી નથી થતી. વિદેશમાં અનેક ઠેકાણે ‘હેલોવીન’ એક ઉજવણી – ઉત્સવ છે. ૩૧ ઓક્ટોબરે ખ્રિસ્તી ધર્મનું પાલન કરનારા લોકો મૃત્યુ પામેલા સંત, શહીદ અને શ્રદ્ધાળુઓનું સ્મરણ કરે એવી પરંપરા શરૂ થઈ. આજની તારીખમાં ભયાનક કે અલૌકિક સાથે સંબંધિત બાબતનું અનુસંધાન જોડી હેલોવીન હોરરનો ઉત્સવ મનાવે છે. આ કારણસર હોલિવૂડમાં ઓક્ટોબર મહિનો ‘હોરર મૂવી મંથ’ તરીકે જાણીતો છે. ઓક્ટોબરમાં ભયભીત થવાની લોકોની અદમ્ય ઈચ્છા હોવાથી અને હેલોવીનની ઉજવણીના ભાગરૂપે અનેક લોકો હોરર ફિલ્મો જોવાનું પસંદ કરે છે અને ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટરો આ વાતથી વાકેફ છે. આ સમય અને ઈચ્છાને રોકડી કરતા ‘હેલોવીન’ (૧૯૭૮ - બજેટ ત્રણ લાખ ડૉલર અને કલેક્શન ૭ કરોડ ડૉલર) અને ‘સો’ (૨૦૦૪ - બજેટ ૧૨ લાખ ડૉલર અને કલેક્શન ૧૦ કરોડ ડૉલર) જ્વલંત ઉદાહરણ છે, પણ આ વખતે શું જોવા મળ્યું?

હોલિવૂડના બોક્સ ઓફિસ વિશ્લેષકની માહિતી અનુસાર કોવિડ - ૧૯ મહામારીના વર્ષ ૨૦૨૦ને બાદ કરતાં આ વખતે ઓક્ટોબર મહિનાનું બોક્સ ઓફિસ કલેક્શન ૧૯૯૭ પછી સૌથી ઓછું રહ્યું છે. ‘બ્લેકફોન ૨’ અને ‘શેલ્બી ઓક્સ’ને બાદ કરતાં સિને દર્શકો થિયેટર સુધી દોડતા આવે એવી હોરર ફિલ્મો પણ આ વખતે હેલોવીનના ઓક્ટોબર મહિનામાં રિલીઝ નથી થઈ. ‘બ્લેકફોન ૨’ સુપરહિટ થઈ, પણ ‘શેલ્બી ઓક્સ’ને મોળો આવકાર મળ્યો હતો.

આ સંદર્ભમાં ૨૦૨૫માં રિલીઝ થયેલી ‘સૈયારા’ અને ‘એક દીવાને કી દીવાનીયત’ને મળેલી સફળતા જોવામાં આવતા અનેક લોકોની આંખોમાં ચમક આવી ગઈ છે. ૪૫ કરોડના બજેટમાં બનેલી ‘સૈયારા’ ૫૮૦ કરોડ ભેગા કરી લેવામાં કામિયાબ રહી હતી, જ્યારે મિલાપ ઝવેરી દિગ્દર્શિત ‘એક દીવાને કી દીવાનીયત’નું બજેટ ૨૫ કરોડ હતું અને એનો વકરો ૯૪ કરોડને આંબી ગયો છે. ‘સૈયારા’ સામે આ આંકડા ફીકા લાગી શકે, પણ વળતરને હિસાબે એક રૂપિયાના રોકાણ સામે ચાર રૂપિયાનું વળતર કોઈ પણ વેપારીને હરખપદુડો કરી દે એવી વાત છે. આ બંને ફિલ્મને મળેલો આવકાર જોઈ ‘દે દે પ્યાર દે ૨’, ‘તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી’, ‘તેરે ઈશ્ક’મેં અને ‘મેરે રહો’ ફિલ્મોના મેકરો અને કલાકારો સુધ્ધાં ઉત્સાહથી ફાટફાટ થઈ રહ્યા છે. રોમેન્ટિક ફિલ્મો માટે જે નવી ભરતી આવી છે એમાં પોતપોતાની લવ સ્ટોરીની નૈયા તરી સામે પાર પહોંચી જશે એવી આશાના મહેલ બાંધી રહ્યા હોય એની નવાઈ ન લાગવી જોઈએ.

રોમેન્ટિક ફિલ્મોના દોરની સંભાવના અંગે ફિલ્મ ટ્રેડના પ્રખર અભ્યાસુ તરણ આદર્શની પ્રતિક્રિયા જાણવા જેવી છે. તેમની દલીલ છે કે ‘આ વર્ષે ‘સૈયારા’ અને ‘દીવાને કી દીવાનીયત’ ફિલ્મોએ યુવા વર્ગ માટે લોહચુંબક સાબિત થઈ સારી સફળતા મેળવ્યા બાદ હવે નવી લવ સ્ટોરી માટે તખતો તૈયાર છે.’ અન્ય એક એક્ઝિબીટરનું કહેવું છે કે ‘સફળ થયેલી ‘સૈયારા’ અને ‘એક દીવાને કી દીવાનીયત’ ગ્રેટ ફિલ્મો નથી, પણ આ ફિલ્મોની સાદગી અને એની સચ્ચાઈ યંગસ્ટર્સને સ્પર્શી ગઈ અને ફિલ્મને ઢાંસુ કમાણી થઈ. લવ સ્ટોરી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો પ્રાણ રહી છે અને ફિલ્મ મેકરો એ પ્રકારની ફિલ્મો તરફ પાછા વળે એ સમય આવી ગયો છે.’

અલબત્ત, કયા સમયે શું થશે એ તો સમય સિવાય બીજું કોણ જાણે? એંધાણ એવા છે કે હોરર ફિલ્મો આથમણી દિશા તરફ ગતિ કરી રહી છે તો લવ સ્ટોરી ફિલ્મો ઉગમણી દિશા તરફ. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બે અત્યંત સફળ લવ સ્ટોરી ફિલ્મ સાથે એ પણ જાણી લ્યો કે વિશ્વવિખ્યાત અમેરિકન સિંગર – સોંગ રાઈટર ટેલર સ્વિફ્ટના પ્રેમના પાવરથી છલોછલ નવા નક્કોર આલ્બમ ‘ધ લાઈફ ઑફ અ શોગર્લ’ ગયા મહિને માત્ર ત્રણ દિવસમાં ૫૦ મિલિયન ડૉલર ઉસરડી લેવામાં કામિયાબ રહ્યું છે.

ટૂંકમાં ‘ઓ ની સુલતાના રે, પ્યાર કા મૌસમ આયા...’ ■

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# એકલવીર- એક્સપરિમેન્ટલ ને બહાદુર બંદાઃ બી.આર. ચોપરા

***અલગ પ્રકારની ફિલ્મોએ મને ખૂબ પડકારો આપ્યા, નુકસાની આપી પણ મારા પેશન મારી ઘેલછાએ મારામાંના ફિલ્મમેકરને જીવાડ્યો.***

----------------------

***હું હંમેશાં એવી ફિલ્મો બનાવવામાં વિશ્વાસ રાખું છું, જે સમાજને પ્રતિબિંબિત કરે અને વિચાર કરવા પ્રેરિત કરે, માત્ર મનોરંજન નહીં.***

આ શબ્દો છે બલદેવ રાજ ચોપરા અર્થાત્ બી.આર.ચોપરાના, જે સામાજિક સભાનતા સાથે સુપરહિટ ફિલ્મો માટે આજેય સિનેમાનો માઇલસ્ટોન માણસ છે. ચોપરાજીની ફિલોસોફી માત્ર વાતોના વડા નથી, પણ એમણે ‘એક હી રાસ્તા’ (૧૯૫૬)માં વિધવા-વિવાહ અને ‘ધૂલ કા ફૂલ’ (૧૯૫૯) કે ‘ધર્મપુત્ર’(૧૯૬૧) માં કોમી-એકતા જેવા જલદ વિષયને ઊંડાણથી ને સફળતાથી રજૂ કરીને દેખાડેલા.

બી.આર.ચોપરા દેશના ભાગલા બાદ પાકિસ્તાનથી ભારત આવ્યા. ફિલ્મો બનાવતા પહેલાં ચોપરા કલકત્તાના અખબાર માટે ફિલ્મ રિવ્યુઝ લખતા, જેમાં ભારતીય સિનેમામાં વાસ્તવિક અને સબળ વાર્તાના અભાવની સતત ટીકા કરતા માટે જ ચોપરાજીની ફિલ્મો હંમેશાં ‘કથાપ્રધાન’ રહેતી.

એ મુંબઈ આવ્યા ને શરૂઆતમાં મિત્રો સાથે પાર્ટનરશિપમાં ફિલ્મ પ્રોડ્યુસ કરી, પણ એમની નિર્માતા તરીકે પહેલી જ ફિલ્મ ‘કરવટ’ ફ્લોપ ગઈ. એમના પાર્ટનર્સ ભાગી ગયા ને એ એકલા જ પોતાનાં સપનાંને સાકાર કરવામાં મચી પડ્યા. ચોપરાજી અવારનવાર મુંબઈના એક રેસ્ટોરન્ટમાં જતા. ત્યાં સ્ટ્રગલ કરતા નવા આર્ટિસ્ટ્સ ભેગા થતા. એમની મદદથી એમણે નિર્દેશક તરીકની પહેલી ફિલ્મ ‘અફસાના’ બનાવી જે સુપર હિટ થઈ.

બી.આર.ચોપરાની ૧૯૮૮માં શરૂ થયેલી ભવ્ય ક્લાસિક ટી.વી. સિરિયલ ‘મહાભારત’ને હજી પણ લોકો યાદ કરે છે. એમણે મહાભારત પહેલાં તો ફીચર ફિલ્મ તરીકે પ્લાન કરેલી પણ પછી સમજાયું કે મહાભારત જેવા એપિક-મહાકાવ્યની વિશાળતા માત્ર ૩ કલાકમાં ના સમાવાય એટલે એમણે વિસ્તારથી ૯૪ એપિસોડની સિરિયલ બનાવી. ચોપરાજીએ મહાભારત સિરિયલ માટે કવિ પંડિત નરેન્દ્ર શર્મા જેવા વિદ્વાન સાહિત્યકારોની સલાહ લીધેલી અને ડો. રાહી માસૂમ રઝા જેવા ઉર્દૂ હિંદીના મશહૂર લેખક પાસે યાદગાર સંવાદો લખાવેલા. શરૂઆતમાં લોકોએ વિરોધ કરેલો કે એક મુસ્લિમ લેખક મહાભારત શું સમજે? પણ રાહી માસૂમના સંવાદોએ સૌની બોલતી બંધ કરી નાખી. એમણે એ જમાનામાં સ્પેશિયલ ઇફેક્ટ્સ માટે ક્રોમા કી જેવી મોડર્ન ટેક્નિક્સ વાપરેલી.

ચોપડાજી, રોમેંટિક ફિલ્મોના જાદૂગર એવા યશ ચોપડાના મોટા ભાઇ જ નહોતા, પણ એક રીતે ગોડફાધર કે ગુરુ હતા. યશ ચોપરાએ ૧૯૭૨માં બી.આર.ફિલ્મ્સ છોડીને રાજેશ ખન્નાની મદદથી ‘યશરાજ ફિલ્મ’ શરૂ કરી ને ‘દાગ’ જેવી હિટ ફિલ્મ બનાવી ત્યારે બી.આર. ચોપડાની એકધારી સફળતા પર ખૂબ અસર થઈ હતી. યશજીની ‘દાગ’, ‘દીવાર’, ‘ત્રિશૂલ’, ‘કભી-કભી’ ફિલ્મોની સફળતાએ બી.આર.ચોપરાને પાછળ મૂકી દીધા. આમ છતાં ચોપરાએ બાસુ ચેટર્જી પાસે ‘પતિ પત્ની ઓર વો’ જેવી કોમેડી બનાવડાવી અને ‘ઇંસાફ કા તરાઝૂ’ જેવી હિટ ફિલ્મો પ્રોડ્યુસ કરવાની ચાલુ રાખી. આ ફિલ્મોમાં એમણે લગ્ન બહારના લફરાં ને બળાત્કાર જેવા બોલ્ડ થીમ્સ લાવવાની હિમ્મત કરી તો બીજી તરફ, ‘નિકાહ’ ફિલ્મમાં મુસ્લિમ સમાજના તલાકના ગંભીર વિષયને છંછેડીને યાદગાર સંગીત ને નવા કલાકારો સાથે એ જમાનામાં હિટ કરી દેખાડેલી. ૧૯૬૦ના દાયકામાં એક પરિણિતા સ્ત્રી લગ્ન બહાર સંબંધ રાખે એવી ‘ગુમરાહ’ જેવી ફિલ્મ બનાવેલી તો અશોકકુમાર અભિનીત ‘કાનૂન’ જેવી એક જ સેટ પર, એકપણ ગીત વિનાની માત્ર કોર્ટરૂમ ડ્રામાની હિટ ફિલ્મ આપેલી.

ચોપરાજીની ફિલ્મ ‘નયા દૌર’માં શરૂઆતમાં મધુબાલાને દિલીપકુમારની હીરોઇન તરીકે લેવામાં આવી હતી. મધુબાલા ને દિલીપ કુમાર ૯૯ વર્ષથી રિલેશનશિપમાં હતા. મુંબઈના સ્ટુડિયોમાં લગભગ ૧૦ દિવસ ફિલ્મનું શૂટિંગ થયું. ત્યાર બાદ ગામડાનાં સીન માટે ભોપાલ નજીક એક ગામડામાં ૪૦-૪૫ દિવસના લાંબા આઉટડોર શૂટિંગ માટે જવાનું હતું. મધુબાલાના અબ્બાજન અતાઉલ્લા ખાને મધુબાલાની નાજુક તબિયતનું (હાર્ટની સમસ્યાનું) બહાનું આપ્યું, પણ અસલી કારણ એ હતું કે દિલીપકુમાર સાથે મધુબાલાનો રોમાન્સ પિતા અતાઉલ્લાને મંજૂર નહોતો. આખરે મધુબાલા એ ફિલ્મ છોડી દીધી. ચોપડાજીએ મધુબાલા અને એના પિતા અતાઉલ્લા ખાન પર કોન્ટ્રાક્ટ ભંગ કરવા બદલ લાખોની માંગણી કરી. જવાબમાં અતાઉલ્લા ખાને હીરોઇનને કહ્યા વિના લોકેશન બદલવા માટે ચોપરાજી વિરુદ્ધ સામો કેસ કર્યો. ૧૯૫૬માં કેસ બોમ્બે હાઇકોર્ટમાં ગયો, જે ત્યારના મીડિયામાં ખૂબ ગાજ્યો, પણ અદાલતમાં દિલીપ કુમારે મધુબાલા વિરુદ્ધ બયાન આપ્યું અને આઉટડોર શૂટની જરૂરિયાતને સાચી ઠેરવી અને અતાઉલ્લા ખાનની ટીકા કરી. કોર્ટે ચોપડાના પક્ષમાં ચુકાદો આપ્યો. એ પછી ફિલ્મ મધુબાલાની જગ્યાએ વૈજયંતીમાલાને લેવામાં આવી. કેસને લીધે ફિલ્મની પબ્લિસિટી એટલી બધી થઇ કે ફિલ્મ સુપરડુપર હિટ થઈ.


‘મેન વર્સીસ મશીન’ અર્થાત્ ‘માણસ વિરુદ્ધ મશીન’ના થીમને ખુદ ત્યારના વડા પ્રધાન નહેરુએ બિરદાવેલી. નહેરુજીનો એ પત્ર ‘રાજુ બન ગયા જેંટલમેન’, ‘યેસ બોસ’, ‘ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની’ જેવી ફિલ્મો અને ‘નુકકડ’ જેવી યાદગાર સિરિયલના નિર્દેશક અઝીઝ મિર્ઝાના પિતા અને ‘નયા દૌર’ના લેખક સ્વ. અખ્તર મિર્ઝાના ઘરે ફ્રેમમાં મઢેલો મેં ખુદ જોયો છે.

બી.આર.ચોપરાએ મુંબઇના જૂહુ વિસ્તારમાં ફિલ્મોના એડિટિંગ ને ડબિંગ માટે શાનદાર આધુનિક બી.આર સ્ટુડિયો પણ બનાવેલો. ચોપરાજી બોલિવૂડમાં સ્ટોરી વિભાગ શરૂ કરનારા પહેલાં હતા, જેમાં ૩૪ લેખકોને મહિને સન્માનીય રકમનો પગાર આપવામાં આવતો. એમાં એક ગુજરાતી લેખક સી.જે.પાવરી પણ હતા. ચોપરાજી, ગુજરાતી નાટકો પણ જોતા એટલે જ સ્વ.પ્રવીણ જોશીના નાટક ‘ધુમ્મસ’ પરથી ‘ઇત્તેફાક’ નામની થ્રિલર ફિલ્મ બનાવેલી. આ ફિલ્મ રોમેંટિક સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે એમણે એક પણ ગીત કે હીરોઇન વિના માત્ર ૨૧ દિવસમાં પ્રોડ્યુસ કરેલી. વળી આ જ ફિલ્મમાં રાજેશ ખન્નાને અભિનયની સહાય કરવા મૂળ ગુજરાતી નાટકના હીરો ને અદ્ભુત અદાકાર અરવિંદ જોશી સેટ પર હાજર રહેતા.

આજે બોલિવૂડમાં સાઉથમાંથી ફિલ્મની વાર્તા શોધતા નિર્માતાઓ ઠેરઠેર છે, પણ ચોપરાની ફિલ્મો ત્યારે સાઉથમાં રી- મેક થતી. હિંદી ફિલ્મ ઇતિહાસમાં બી.આર.ચોપડા સમય સાથે, સમયથી આગળ, સ્ટાર સાથે કે સ્ટાર વિના, સુપરહિટ ગીત સંગીત સાથે કે વગર, એક પ્રયોગશીલ ને છતાંયે સફળ વત્તા સૌથી હિમ્મતવાન ‘નિર્માતા નિર્દેશક’ હતા અને રહેશે. ૧૯૯૮માં એમને દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો ત્યારે કહેલું ‘મારા હિસાબે, આ એવોર્ડ મારી ફિલ્મ કારકિર્દીનો ક્લાઇમેક્સ છે.’

-પણ ના, ચોપરાજી છેક ૨૦૦૪ સુધી અમિતાભની ‘બાગબાન’ ફિલ્મ સુધી કાર્યરત હતા. આ ૫ નવેંબરે ચોપરાજીની પુણ્યતિથિ ગઇ. આવા એકલવીર, એક્સપરિમેન્ટલ અને બહાદુર બંદાને૧૦૦-૧૦૦ સલામ. ■















હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# એ હતી સમર્પણ - સહનશીલતાની સુલતાના

## દુઃખના ડુંગરો વચ્ચે દબાયેલી અને મૂંગા મોઢે સહન કરતી આ નાયિકા એક સમયે હિન્દી ફિલ્મો માટે સ્વાભાવિક ગણાતી હતી


મુનાવર સુલતાના

'આજ કી નારી સબ પે ભારી' ૨૦૨૫ની વાસ્તવિકતા છે. નારીનું ચિત્રણ હવે અબળા નારી તરીકે નથી થતું, એ વાત જાણે કે ઈતિહાસ બની ગઈ છે. રિયલ લાઈફનું પ્રતિબિંબ રીલ લાઈફમાં પડ્યા વિના રહે નહીં એ ન્યાયે એકવીસમી સદીની ફિલ્મોમાં નારી સબળા સ્વરૂપમાં વધુ ને વધુ જોવા મળી રહી છે.

૧૯૫૭ની 'મધર ઈન્ડિયા' જેવા ગણ્યાગાંઠ્યા ઉદાહરણ પછી ૧૯૯૦ના દાયકાથી નિયમિતપણે સ્ટ્રોંગ વુમન રૂપેરી પડદા પર જોવા મળે છે. અલબત્ત, એક સમય હતો જ્યારે સમાજમાં નારી અબળા માનવામાં આવતી હતી અને એટલે ૧૯૪૦ - ૫૦ અને ૬૦ના દાયકા સુધ્ધાંમાં મહિલા સહનશીલતા અને સમર્પણની ભાવનાના પ્રતીક તરીકે જોવામાં આવતી હતી અને ફિલ્મોમાં એનું ચિત્રણ એ પ્રકારનું જોવા મળતું હતું.

જોકે ૧૯૪૫ - ૫૦ એમ માત્ર પાંચ વર્ષની નાનકડી કારકિર્દીમાં મેલોડ્રામેટિક ફિલ્મોમાં કામ કરીને પણ સિને રસિકોના સ્મરણમાં સચવાઈ ગયેલી અભિનેત્રી મુનાવર સુલતાના આ પંક્તિમાં બિરાજે છે. આવતી કાલે એક્ટ્રેસની જન્મશતાબ્દી છે એ નિમિત્તે એના યોગદાનથી વાકેફ થવાની કોશિશ કરીએ.


૮ નવેમ્બર, ૧૯૨૫ના દિવસે અખંડ ભારતના લાહોર શહેરમાં જન્મેલી મુનાવર સુલતાના એક શિક્ષિત અને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા પરિવારની બેટી હતી. શૈક્ષણિક વાતાવરણવાળા ઘરમાં ઉછેર થયો હોવાથી દીકરીની ઈચ્છા ભણી ગણી ડોક્ટર બની લોકોની સારવાર કરવાની હતી, પણ વિધિને અલગ જ મંજૂર હતું. નામ પ્રમાણે ગુણ (મુનાવરનો અર્થ છે તેજસ્વી) સાથે ચમકતો ચહેરો ધરાવતી મુનાવર લાહોરમાં ફિલ્મ સ્ટુડિયો ધરાવતા દલસુખ પંચોલીની નજરમાં આવી ગઈ. પંચોલી સાહેબ 'ખજાનચી' ફિલ્મ બનાવી રહ્યા હતા. હા, એ જ ફિલ્મ જેણે હિન્દી ફિલ્મના સંગીતમાં ચીલો ચાતર્યો. ગુલામ હૈદરે ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગ અને પંજાબી લોક સંગીતનું મિશ્રણ કરી ફિલ્મ સંગીતમાં ક્રાંતિ લાવી દીધી હતી. 'ખજાનચી'માં હીરોઈન હતી રમોલા દેવી (યહૂદી અભિનેત્રી જેનું અસલી નામ હતું રચેલ કોહેન) પણ ફિલ્મમાં એક સોન્ગ સિક્વન્સ (પીને કે દિન આયે પિએ જા) હતી, જે ઉમર ખય્યામના સ્ટેજ પરફોર્મન્સનો હિસ્સો હતી. ફિલ્મમાં દર્શાવાયેલા નાટકના હિસ્સામાં શરાબના પીઠાના માલિકને શરાબ આપતી તરુણીની ભૂમિકા મુનાવરે કરી હતી.

આમ તો એ નાનકડી અને નગણ્ય ભૂમિકા ખાસ કોઈના ધ્યાનમાં ન આવી, પણ મુનાવર સુલતાના માટે એ નાનો રોલ મોટું કામ કરી ગયો. ફિલ્મ લાઈન માટે મોહ થયો કે ચસ્કો લાગ્યો. તબીબી અભ્યાસ કરી ડોક્ટર બનવાના સપનાનું ફિંડલું વળી ગયું. અલબત્ત, તરત તો કોઈ કામ મળ્યું નહીં, પણ મૂંગી ફિલ્મોના દોરના જાણીતા અભિનેતા અને બોલપટ શરૂ થયા પછી નિર્માતા - દિગ્દર્શક બનેલા મઝહર ખાનની 'પેહલી નઝર'માં મોતીલાલ અને વીણા સાથે મુનાવરને હીરોઈન બનવાનો ચાન્સ મળ્યો. આ ફિલ્મ વધુ ચર્ચા અને સ્મરણમાં રહી 'દિલ જલતા હૈ તો જલને દે, આંસુ ન બહા ફરિયાદ ન કર' ગીતને કારણે. મુકેશજીએ ગાયેલા આ ગીતથી તેમની ચડતીની શરૂઆત થઈ હતી. ફિલ્મના શૂટિંગ દરમિયાન મુનાવરની મુલાકાત મરાઠી અને હિન્દી ફિલ્મોના સક્ષમ અભિનેતા બાબુરાવ પેંઢારકર સાથે થઈ અને એમની પાસેથી અભિનયની બારીકીઓ જાણવા - સમજવાનો મોકો મળ્યો. ત્યારબાદ 'નૈયા', 'સોના' અને 'દિલ કી દુનિયા' ફિલ્મોમાં પણ મુનાવર સુલતાના હીરોઈન હતી.

એ પછી આવી એ. આર. કારદારની 'દર્દ' ફિલ્મમાં બે હીરોઈન હતી - સુરૈયા અને મુનાવર સુલતાના. ફિલ્મની સફળતાને પગલે સુરૈયા સિંગિંગ સ્ટાર તરીકે પ્રખ્યાત થઈ ગઈ, પણ ફિલ્મનું સૌથી લોકપ્રિય ગીત 'અફસાના લિખ રહી હૂં' (ગાયિકા ઉમા દેવી - ટુનટુન) મુનાવર સુલતાના પર પિક્ચરાઇઝ થયું હતું. મેહબૂબ ખાનની 'ઐલાન'માં મુનાવરે હીરો માટે પોતાના પ્રેમનું બલિદાન આપતી યુવાન સ્ત્રીનો રોલ કર્યો હતો.

૧૯૪૯ની 'કનીઝ'માં પણ મુનાવરની ભૂમિકા પીડિત મહિલાની જ હતી. આ ફિલ્મમાં એના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી. શ્યામ સાથે મુનાવરની બીજી ત્રણ ફિલ્મ આવી, 'મજબૂર', 'દાદા' અને 'રાત કી રાની', પણ મુનાવર સુલતાનાની કારકિર્દીનો સૌથી યાદગાર પરફોર્મન્સ જોવા મળ્યો ફિલ્મ 'બાબુલ'માં. લવ ટ્રાયેંગલની કથા ધરાવતી આ ફિલ્મમાં દિલીપ કુમાર અને નરગીસ પણ હતાં. નૌશાદે સ્વરબદ્ધ કરેલા ફિલ્મનાં ગીતો હિટ હતાં અને એમાંનું આજે પણ અનેક લોકોના સ્મરણમાં હશે એ યુગલ ગીત 'મિલતે હી આંખેં દિલ હુઆ દિવાના કિસીકા' (તલત મેહમૂદ - શમશાદ બેગમ) દિલીપ કુમાર અને મુનાવર પર ફિલ્માવાયું છે, જેમાં દિલીપ કુમાર અભિનેત્રીને ગીત ગાતા શીખવે છે. આ ફિલ્મમાં પણ ત્યાગમૂર્તિ તરીકે જ સુલતાના નજરે પડી હતી. આ પ્રકારના રોલમાં મહોરી ઉઠેલી અભિનેત્રીએ 'વધુ સરળ અને વાસ્તવવાદી પાત્રો કરવા મળ્યા હોત તો સારું હતું' એવી પ્રતિક્રિયા એણે વ્યક્ત કરી હતી.

આશ્ચર્યની વાત એ છે કે કરિયરની ટોચ પર બેસાડતી ફિલ્મ પછી મુનાવર સુલતાનાની કારકિર્દીમાં ઓટ આવી અને બહુ જલ્દી વિસરાઈ પણ ગઈ. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ જ તો લાક્ષણિકતા છે. ક્યારે શિખર પર બેસાડી દે અને ક્યારે તળેટી તરફ ધકેલી દે એ ખબર જ ન પડે.




## આ છે શાહરુખની અલાયદી ઓળખ...


તાજેતરમાં આયુષ્યના ૬૦ વર્ષ શાહરુખે પૂરાં કર્યાં એ નિમિત્તે સોશ્યલ મીડિયામાં તેની એક જૂની ઓળખ વાયરલ થઈ છે, જે જોઈ સિને પ્રેમીઓ અચરજ અને આશ્ચર્ય અનુભવી રહ્યા છે. શાહરુખનો જન્મ અને સ્કૂલ - કોલેજ શિક્ષણ નવી દિલ્હીમાં થયા હતા. દિલ્હીની સેન્ટ કોલંબિયા સ્કૂલમાં શાહરુખે ભણતરમાં પ્રાવીણ્ય દેખાડવા ઉપરાંત ક્રિકેટ, હોકી અને ફૂટબોલની રમતમાં કૌશલ દેખાડ્યું હતું. સ્કૂલમાં બેસ્ટ ઓલ રાઉન્ડ પરફોર્મન્સ માટે 'સોર્ડ ઓફ ઓનર' સન્માન ઉપરાંત વ્યક્તિત્વ અને દરેક બાબતમાં અપ્રતિમ દેખાવ બદલ રામન સુબ્રમણ્યમ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. માતાના કહેવાથી શાહરુખે આઈઆઈટી એન્ટ્રન્સ એક્ઝામ આપી એમાં સફળ પણ થયો હતો. શાહરુખ પાસે કોઈ ઔપચારિક ડિગ્રી નથી, કારણ કે પહેલી ટીવી સિરિયલ 'ફૌજી'નું શૂટિંગ શરૂ થઈ ગયું હોવાથી ભાઈસાહેબએ ક્યારેય પરીક્ષા જ નથી આપી. ખેલકૂદમાં ખૂબ રુચિ હતી, પણ ખભાની ઈજાને કારણે એ સ્પોર્ટ્સમાં પ્રોફેશનલ કરિયર ન બનાવી શક્યો. ખભાની ઈજાને કારણે ધ્યાન મેદાનની રમત પરથી ફંટાઈ શાળાનાં નાટકો પર કેન્દ્રિત થયું અને આપણને ક્રમશ : એક્ટર શાહરુખ ખાન મળ્યો. ■


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# યે ફિલ્મ માંગે વોર...!

## વોર સિનેમાની વાપસીનો આવી ગયો છે વારો




ભારતીય સિનેમામાં યુદ્ધ પર આધારિત ફિલ્મ્સનો એક યુગ પાછો ફરી રહ્યો છે. ૨૦૨૫ અને ૨૦૨૬માં રિલીઝ થનારી ફિલ્મ્સ અને વેબ સિરીઝ કેવી રીતે આ જોનરને નવો આકાર આપી રહી છે, તેના પર એક વિગતવાર નજર કરીએ.

સૌથી પહેલા વાત કરીએ ૨૦૨૬માં આવનારી ફિલ્મ 'બોર્ડર ૨'ની, જે ૧૯૯૭ની કલ્ટ-ક્લાસિક ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ છે. મૂળ ફિલ્મ, જે રાજસ્થાનના લોન્ગેવાલા યુદ્ધ પર આધારિત હતી, તેણે માત્ર ૧૨૦ સૈનિકો અને તેમના ગણ્યાગાંઠ્યા વાહનોએ પાકિસ્તાની ટેન્કોના કાફલાને કેવી રીતે રોક્યો તેની અદ્ભુત ગાથા રજૂ કરી હતી. તેનું સંગીત, સની દેઓલનો જુસ્સો અને જવાનોની લાઈફનું મિશ્રણ આજે પણ યાદગાર છે.

પણ આ વખતે યુદ્ધની ઘટના અલગ હશે. નિર્માતાઓની સૌથી મોટી ચેલેન્જ એ છે કે એ બધા મૂળ ફિલ્મના ભાવનાત્મક ઊંડાણ, યાદગાર સંગીત અને પાવરફુલ ડાયલોગ્સને આધુનિક, ગ્રાફિકલી એડવાન્સ વોરફેર સાથે કેવી રીતે જોડે છે. આ ફિલ્મમાં જો દર્શકોને માત્ર જૂના ટ્રેન્ડનું પુનરાવર્તન મળશે તો જરૂર નિરાશ થઈ શકે છે, પરંતુ જો મેકિંગમાં સરહદ પરના કોઈ નવા ઓપરેશનની બારીકાઈઓ રજૂ કરશે તો તે એક માસ્ટરપીસ સાબિત થઈ શકે છે.

બીજો સૌથી મહત્ત્વપૂર્ણ અને ભાવનાત્મક પ્રોજેક્ટ છે 'ઇક્કિસ', જે ડિસેમ્બર ૨૦૨૫માં થિયેટર્સમાં રિલીઝ થશે. આ ફિલ્મનો વિષય ભારતીય સેનાના ઇતિહાસના સૌથી બહાદુર પણ દુઃખદ પ્રકરણોમાંથી એક છે. તે સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાળની બાયોપિક છે. માત્ર ૨૧ વર્ષની ઉંમરે ૧૯૭૧ના યુદ્ધમાં એ શહીદ થયા હતા અને ભારતીય સેનાના સૌથી યુવાન પરમ વીર ચક્ર (PVC) વિજેતા બન્યા હતા. ફિલ્મનું નામ 'ઇક્કિસ'(૨૧) છે,જે તેમની શહાદતની ઉંમર દર્શાવે છે. આ ફિલ્મમાં અરુણ ખેતરપાળનું પાત્ર અમિતાભ બચ્ચનના દોહિત્ર અગસ્ત્ય નંદા ભજવી રહ્યો છે. આ ફિલ્મ માત્ર યુદ્ધની બહાદુરી જ નહીં, પણ એક યુવાનના પરિપક્વ થવાની યાત્રા બતાવશે એવું લાગે છે.

આ ફિલ્મના ડિરેક્ટર શ્રીરામ રાઘવન છે, જેમણે 'અંધાધૂન' અને 'બદલાપુર' બનાવી હતી. શ્રીરામ રાઘવનનું હ્યુમર અને લેખન આ બાયોપિકને પરંપરાગત દેશભક્તિની વાર્તામાંથી બહાર કાઢીને એક ઊંડાણભરી વોર ડ્રામાનું સ્વરૂપ આપી શકે છે, જેમાં યુદ્ધની ભયાનકતા અને માનવતા બંને એકસાથે જોવા મળશે.

એ ઉપરાંત વેબ સિરીઝની દુનિયામાં, 'ઓપરેશન સફેદ સાગર' (૨૦૨૬) એક એવું ઓપરેશન લાવી રહી છે, જે મોટાભાગના ભારતીયો માટે અજાણ્યું છે. ૧૯૯૯ના કારગિલ યુદ્ધ દરમિયાન જ્યારે ભારતીય સેના જમીન પર લડી રહી હતી. ત્યારે ભારતીય વાયુસેનાએ ઊંચા પહાડો પર હવાઈ હુમલાઓ કર્યા હતા, જેને 'ઓપરેશન સફેદ સાગર ' નામ આપવામાં આવ્યું હતું. આ ઓપરેશન અત્યંત જોખમી હતું, કારણ કે ફાઇટર જેટ્સ અને હેલિકોપ્ટર્સને કારગિલ જેવા ઊંચા અને ખરબચડા પહાડી વિસ્તારોમાં ઉડાવવા પડતા હતા, જ્યાં પાકિસ્તાની ઘૂસણખોરો ઊંચાઈનો ફાયદો લઈને બેઠા હતા. આ સિરીઝ IAFના પાઈલોટ્સની વ્યૂહાત્મક મુશ્કેલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ સિરીઝ IAFના બલિદાનને યોગ્ય રીતે શ્રદ્ધાંજલિ આપશે એવું તેના પ્રોમોઝ પરથી લાગી રહ્યું છે.

આ વેબ સિરીઝની મુખ્ય કાસ્ટમાં સિદ્ધાર્થ અને જિમ્મી શેરગિલ જેવા મજબૂત કલાકારો છે. સિરીઝનો ફાયદો એ છે કે તે ફિલ્મની જેમ બે-ત્રણ કલાકમાં પતી નહીં જાય, પણ એપિસોડમાં પાઈલોટ્સની ટ્રેનિંગ, તેમની ફેલ્યોર્સ, પ્લેન ક્રેશની ઘટનાઓ અને રિયલ ટાઇમ ટેન્શનને ઊંડાણપૂર્વક બતાવી શકશે.

જ્યારે આ જ મહિને ૨૧ તારીખે રિલીઝ થવા જઈ રહી છે ફિલ્મ '૧૨૦ બહાદુર'. આ ફિલ્મમાં ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધની સૌથી શૌર્યપૂર્ણ અને દુઃખદ ગાથાઓમાંની એકને પડદા પર લાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે. આ ફિલ્મ રેઝાંગ લાના યુદ્ધ (Battle of Rezang La) પર આધારિત છે, જ્યાં ૧૮ નવેમ્બર ૧૯૬૨ના દિવસે, ૧૩ કુમાઉં રેજિમેન્ટની ચાર્લી કંપનીના ૧૨૦ સૈનિકોએ લગભગ ૩૦૦૦ સૈનિકોની ચીની સેના સામે અંતિમ શ્વાસ સુધી લડત આપી હતી. આ અદ્ભુત લડાઈમાં ભારતીય સૈનિકોએ ૧૩૦૦થી વધુ ચીની સૈનિકોને નુકસાન પહોંચાડ્યું હતું. ફરહાન અખ્તર અભિનેતા તરીકે પરત ફરીને આ ફિલ્મમાં મુખ્ય પાત્ર મેજર શૈતાન સિંહ ભાટીનું ભજવી રહ્યો છે, જેમને મરણોત્તર પરમ વીર ચક્ર (PVC) એનાયત કરવામાં આવ્યો હતો. મેજર શૈતાન સિંહનો અદમ્ય જુસ્સો તેમના ઘાયલ થયા પછીના શબ્દો : 'હમ પીછે નહીં હટેંગે!'માં પ્રતિબિંબિત થાય છે.

આ પ્રોજેક્ટ્સ એ સૂચવે છે કે નિર્માતાઓ હવે ફક્ત ૧૫ ઓગસ્ટ કે ૨૬ જાન્યુઆરીના પ્રચાર માટે નહીં, પણ આપણા સશસ્ત્ર દળોના ઇતિહાસ અને સંસ્કૃતિને આખું વર્ષ સિનેમાના પડદા પર જીવંત રાખવા માંગે છે.

ટૂંકમાં, ભારતીય વોર સિનેમા હવે માત્ર સિનેમેટિક એક્સ્ટ્રાવેગેન્ઝાથી આગળ વધી રહ્યું છે. 'ઇક્કિસ' દ્વારા વ્યક્તિગત બલિદાનનું ઊંડાણ 'ઓપરેશન સફેદ સાગર' દ્વારા ટેકનિકલ લડાઈનો દ્રષ્ટિકોણ, અને 'બોર્ડર' દ્વારા વિરાસત જાળવવાનો પડકાર આમ આ તમામ પ્રોજેક્ટ્સ મળીને એક મજબૂત અને વાસ્તવિક વોર સિનેમા તરફ પ્રયાસ કરી રહ્યા હોય એવું લાગે છે. દર્શકોની એટલી જ આશા છે કે આ ફિલ્મ્સ અને વેબ સિરીઝ માત્ર સિનેમાના સાધન નહીં, પણ મનોરંજન દેવની કૃપાથી ભારતીય સશસ્ત્ર દળોના ઇતિહાસને નવી પેઢી સુધી પ્રમાણિકતાથી પહોંચાડવાના ગંભીર પ્રયાસો હોય, જે સિનેમાના પડદા પર યુદ્ધની કથાનો એક નવો જ આયામ રજૂ કરે. ■

**લાસ્ટ શોટ**

*'૧૨૦ બહાદુર' ફિલ્મ રેઝાંગ લાના યુદ્ધમાં ભાગ લેનારા ૬ બચી ગયેલા સૈનિકોમાંથી એક ઘાયલ સૈનિક દ્વારા યાદ કરવામાં આવેલી ઘટનાના આધારે છે.*

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## એક...દો...તીન...ઘંટે લેટ!


માધુરી દીક્ષિત

ખબર નહીં, પણ કેમ પરંતુ બોલિવૂડ સ્ટાર્સ પોતાની વિદેશી યાત્રાના શો દરમિયાન કેમ મોડાં પહોંચતા હશે? અગાઉ ઓસ્ટ્રેલિયામાં નેહા કક્કડ પોતાના કોન્સર્ટમાં અમુક કલાક મોડી પડી હતી. હૃતિક રોશનને તો ગયા વર્ષે એની આખી અમેરિકાની ટુરમાં મોડાં પડવાના ટોણાં અને ફરિયાદ સાંભળવા પડ્યા હતા.

હવે વારો 'ધકધક ગર્લ' માધુરી દીક્ષિતનો છે. હાલમાં કેનેડાના ટોરન્ટોમાં 'ધ ગોલ્ડન દીવા ઓફ બોલિવૂડ' નામે માધુરીનો શો હતો. આ શો ત્યાનાં સમય અનુસાર સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થવાનો હતો, પરંતુ દર્શકોનાં દાવા અનુસાર માધુરીમાસી (હવે તો માસી કે'વાય બરાબરને?!) છેક સાડા દસે ત્યાં પહોંચ્યાં. આ શોની ટિકિટ લઈને ગયેલાં અસંખ્ય દર્શકોએ પોતાનો રોષ સોશ્યલ મીડિયામાં ઠાલવ્યો છે.

એક દર્શક લખે છે કે 'માધુરી ત્રણ કલાક મોડી આવશે એ માધુરીએ પોતે નક્કી કર્યું હતું કે ઓર્ગેનાઈઝર્સે એ પહેલાં તો સ્પષ્ટ કરવું જોઈએ.' આ દર્શકે દાવો કર્યો હતો કે પોતે માધુરીની રાહ જોઈ જોઇને થાકી ગયો હતો અને છેવટે રાત્રે સાડા અગિયારે શો છોડીને ઘરભેગો થઇ ગયો હતો, કારણ કે એને બીજે દિવસે સવારે જોબ પર જવાનું હતું.

બીજા એક દર્શકે માધુરીના મોડાં આવવાનું તો કન્ફર્મ કર્યું જ છે પણ એણે એવો આરોપ પણ લગાવ્યો છે કે શોને અત્યંત ખરાબ રીતે ઓર્ગનાઈઝ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, માધુરી પણ પોતાના હીટ ગીતોની ફક્ત એકાદી લાઈન ઉપર નાચી લેતી હતી. ઓવરઓલ, ટોરન્ટોના પોતાનાં ફેન્સને 'એક દો તીન'થી ધક ધક કરાવવાને બદલે માધુરી થોડું ઉપરછલ્લું પર્ફોમ કરીને 'નવ ...દો...ગ્યારા' થઇ ગઈ હતી!

## ગોવિંદા ગેલા રે...?


સુનીતા

કારણ શું છે એની તો ખબર નથી પડી રહી. પરંતુ, ગોવિંદાની પત્નીએ જ્યારથી પોતાનું પોડકાસ્ટ શરૂ કર્યું છે ત્યારથી મોટેભાગે એ પોતાના 'પતિની' પોલ જ ખોલી રહી છે. ગોવિંદા અને સુનીતા હવે ભેગાં નથી રહેતાં એ અફવા તો ઘણાં સમયથી ચાલી રહી છે, પરંતુ, ગણેશ ચતુર્થી સમયે આ બન્નેની પુત્રી ટીના ઉર્ફે નર્મદાએ 'આ બધી અફવા છે' એમ કહી દીધું હતું એ હજી ભૂલાયું નથી, પણ એમ આગ વગર ધુમાડા તો કેમ નીકળે? સુનીતાએ ગણેશ ઉત્સવ બાદ પણ સતત ગોવિંદા વિષે નકારાત્મક વાતો કરવાનું ચાલુ જ રાખ્યું છે.

એક નવી વાત અનુસાર, જે સુનીતાએ જ કહી છે કે ગોવિંદાનું ચક્કર એક ત્રીસ વર્ષીય મરાઠી અભિનેત્રી સાથે ચાલી રહ્યું છે. આટલું જ નહીં, ગોવિંદા પેલી માટે કરોડોનો ફ્લેટ પણ ખરીદવાનો છે એમ પણ તેણે ઉમેર્યું છે.

સુનીતા અહીં જ નથી રોકાઈ. તેણે કહ્યું કે ગોવિંદાની સ્કિન ખરાબ થઇ ગઈ છે, એ હજી પણ એના સુવર્ણકાળમાં જ જીવી રહ્યો છે. ગોવિંદા પોતાના ચમચાઓ પાછળ ખર્ચો કરવા તૈયાર છે, પરંતુ પોતાને માટે એક કાણી કોડી પણ ખર્ચતો નથી.

આટલું બધું જાહેરમાં આવ્યા પછી પણ ગોવિંદા હજી પણ શાંત છે. તેણે સુનીતાના એક પણ આરોપનો જાહેરમાં જવાબ નથી આપ્યો. ગોવિંદાનું આ અકળ મૌન સુનીતાને અકળાવે કે ન અકળાવે પણ એનાં ફેનને જરૂર અકળાવી રહ્યું છે.

## હવે 'યશ'નું 'રાજ' સ્થપાશે...

yash raj film

'યશરાજ ફિલ્મ્સ' એ ભારતના સરટોચ ફિલ્મ પ્રોડક્શન હાઉસીઝમાંથી એક છે. આ હાઉસે ભારતીય સિનેમાને અત્યંત યાદગાર ફિલ્મો આપી છે અને એ પણ પચાસ વર્ષથી વધુ સમય માટે. હવે જમાનો બદલાયો છે અને જમાના સાથે 'યશરાજ ફિલ્મ્સે' પણ પોતાની રણનીતિ બદલી છે. આ નિર્માણ હાઉસે 'નેટફ્લિક્સ' સાથે કરાર કર્યા છે અને તેની લગભગ તમામ ફિલ્મો આ પ્લેટફોર્મ ઉપર થોડા થોડા 'ઈન્ટરવલ' બાદ રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે.

'કિંગ ઓફ બોલિવૂડ' ટાઈટલ હેઠળ 'યશરાજ'ની શાહરુખ ખાનની ફિલ્મો જેમકે, 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'મહોબ્બતેં' વગેરે ઓલરેડી રિલીઝ થઇ ગઈ છે. ૧૪ નવેમ્બરથી 'યશરાજ ક્લાસિક' ટાઈટલ હેઠળ આપણને 'ચાંદની', 'વિજય' અને 'સિલસિલા' જેવી ફિલ્મો જોવા મળશે. 'ફેસ્ટિવલ' ટાઈટલ આપણા માટે લઇ આવશે, 'બંટી ઔર બબલી', 'હમ તુમ' વગેરે ફિલ્મો પણ આવશે.

યાદ રહે, આ બધી ફિલ્મો તેની રિલીઝ બાદ એક અઠવાડિયા માટે જ જોવા મળશે.

આમ આ રીતે 'યશરાજ' અને 'નેટફ્લિક્સ' બંને નવી તેમ જ જૂની પેઢી બંને માટે પોતાની સોનાની ખાણ જેવી ફિલ્મો એકસાથે દર્શાવશે, જે ફિલ્મોનાં ચાહકો માટે એક સુપર ઉત્સવથી જરાય ઓછું નહીં હોય... ■

**કટ એન્ડ ઓકે...**

*દીપિકા હોય એટલે લવ તો હોય જ! પોતાની આવનારી ફિલ્મ 'કિંગ'માં મોટી ઉંમરના ડોનનો રોલ કરનારા શાહરુખ ખાને આ આગામી ફિલ્મમાં લવ એન્ગલ હોવાની હિન્ટ આપી દીધી છે.*




અરવિંદ વેકરિયા

# ખુશીમાં ગજબ ગણિત છે... ડિવાઈડ કરો તો મલ્ટિપ્લાય થાય!

આ ૧૮ ઓકટોબર-૨૫ના મારી પત્ની ભારતીનું નિધન થયું. એ વસમાં આઘાત પછી પણ મારાં લેખ આવતાં જોઈને ઘણાને આશ્ચર્ય થયું કે આવાં પ્રિયજનની વજઘાત સમી વિદાય પછી પણ તમે લેખ લખી શકો છો? બીજા કોઈ હોય તો કદાચ ‘ગેપ’ પાડે, પણ તમે લખાણ ચાલુ રાખ્યું?

આજે જાહેરમાં કહું છું કે એ માટે મારે મારી પત્ની ભારતીનો આભાર માનવો રહ્યો. મને કહેલું કે ‘તમને લખવાની હિમ્મત તંત્રી નીલેશ દવે- ‘મુંબઈ સમાચારે’ આપી છે. એમની કોઈ અડચણથી તમારી કોલમ બંધ થાય તો વાત અલગ, બાકી તમે વિચલિત થઈ ‘વિરામ’ ન લેતાં’.

અત્યારે પરિસ્થિતિ મારી એવી છે કે મારી આંગળીથી તણખલું પણ તૂટે એમ નથી, પરંતુ ભારતીની પ્રેરણા ગોવર્ધન ઊંચકાવે એટલે ઊંચકવો જ રહ્યો. અમારાં સહિયારા જીવનનાં ૫૦ વર્ષ ૩૧-મે, ના દિવસે પૂરા કરી હસતાં-રમતા ઉજવણી પણ કરી હતી.

**મળે તો માણી લો, એક-મેકનો સાથ,**
**ઝાકળ જેટલું જીવન આપણું, ઝાકળ જેટલી રાત!**

મને જાણ છે કે કોઈ ગેરંટી નથી એ જિંદગી અને જેની ફૂલ ગેરંટી છે એ મૃત્યુ. મને ચિંતા મારા પુત્રોની છે. ભારતી જેટલો પ્રેમ હું આપી શકીશ? છાંયડો વડ નો હોય કે વડીલનો, હંમેશાં ઠંડક આપે.

એક ખાસ વાત... સિદ્ધહસ્ત પત્રકાર એવા ભરત ઘેલાણી, જે ‘મુંબઈ સમાચાર’ની પૂર્તિ (સોમ થી રવિ) નાં એડિટર તરીકે જોડાયા પછી મને એક અનુભવી પત્રકાર તરીકે મારાં એક લેખ માટે અમુક સૂચનો કર્યા. મારો ‘અહમ’ મારાં પર હાવી થઈ ગયો. મેં ભારતીને વાત કરી. એણે લેખ વાંચીને કહ્યું કે ‘ભરતભાઈ ૧૦૦% સાચા છે. અનુભવ સામે નવા લહિયાએ શાંતિથી વિચારી ‘રીએક્ટ’ કરવું જોઈએ.’ મને એની વાતમાં તથ્ય લાગ્યું. એ પછી ભરતભાઈએ ચીંધેલા માર્ગે મેં લખવાનું શરૂ કર્યું. શરત એટલી કે લેખ મોકલતા પહેલાં મારે લેખ ભારતીને વંચાવવો. ત્યારથી એ મારાં લેખ માટે મારી એડિટર બની ગઈ.


સ્વ. ભારતીબહેન અરવિંદ વેકરિયા

મેં મારી એ એડિટર ગુમાવી, પણ એણે દર્શાવેલો માર્ગ મારાં મગજમાં એવો ફીટ કરી દીધો છે, જે એડિટ નહીં થાય એનો મને વિશ્વાસ છે. પુણ્ય કરવું એ ભારતીનાં જીવનનું ધ્યેય રહ્યું અને પુણ્ય એટલે એક એવી કમાણી જેને મૃત્યુ પણ ન લઈ શકે, પાછળ રહેલાં અમે એ પુણ્યધર્મ અવિરત ચાલુ રાખીશું. અમે લગ્ન વખતે સોંગંધ લીધા હતાં કે જીવનભર અમે એકબીજાનો સાથ રાખીશું એ વિચારે મેં દરવાજાને તાળું લગાડીને જોયું તો પણ દુઃખને ખબર પડી ગઈ કે હું ઘરમાં છું અને મારી બેટર-હાફને ખેંચી ગયું.

હવે આગળ...

ટૂંકમાં લગભગ મહિના ઉપર નૈરોબીમાં શો પતાવી ‘આપણા ભારત’ની ધરતી પર પગ મુક્યો અને પ્રસન્નતાની અનોખી લહેર પ્રસરી ગઈ. પરિવારને મળીશું એનો આનંદ દરેકનાં મોઢાં પર ઝળકતો હતો. જેને પરિવારથી લાંબો સમય જુદા રહેવાની આદત નથી હોતી એ ‘હોમસિક’ થઈ જતાં હોય છે. મોબાઈલ હતાં નહી એટલે વ્હોટસ અપ કોલીંગ શક્ય નહોતું અને એસ.ટી.ડી.નાં બૂથમાં જઈ રોજ સંપર્કમાં રહેવું આર્થિક કારણે શક્ય નહોતું. આ બધાને વટાવી છેલ્લે બધા ઉમળકાભેર છૂટા પડ્યા.

હું ઘરે પહોંચ્યો. ભારતી અને બાળકો ખુશ થઈ ગયાં. એમની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. ભયાનક ખાલીપામાં જે ભરચક અજવાળું ભરી જાય એ પ્રેમ. બધાં ભેગાં મળ્યાં અને ઘર આખું જાણે હસી-મજાકથી ઉલ્લાસિત થઈ ગયું.

નાની-મોટી વસ્તુઓથી બાળકો ખુશ અને ‘યાસિકા’ કેમેરો જોઇને ભારતી ખૂબ રાજી થઈ. ઘરમાં ખુશીનું વાતાવરણ સર્જાય ગયું. આ ખુશીમાં એક ગજબ પ્રકારનું ગણિત સમાયેલું છે. તેને ડિવાઈડ કરવાથી મલ્ટિપ્લાઈ થાય છે. બે દિવસ ખૂબ આનંદ માણ્યો. નહોતું કોઈ નાટક કે નહોતા કોઈ રિહર્સલ. મોકાનો આનંદ કરવાનો અવસર શોધી લીધો. જવાબદારી તમને છોડીને ક્યાંય જવાની નથી એ બ્રહ્મજ્ઞાન હતું એટલે ખૂબ મોજ કરી બે દિવસ.

બે દિવસ પછી મને તુષાર શાહનો ફોન આવ્યો. જેમના નિર્માણ માટે મેં વાત મધરાત પછીની, કલંક અને શક જેવાં નાટકો ડિરેક્ટ કરેલાં. હું અને દીપક સોમૈયા સાથે એડવર્ડટાઈઝિંગનું કામ સાથે કરતાં જે પછી અમે છૂટા પડેલા.

દીપકે નાટ્ય તેમજ બીજી જાહેરાતનો બિઝનેસ ચાલુ રાખેલો જે હજી ચાલુ છે. તુષારભાઈ નાટક કરાવવા આવ્યા ત્યારે અમારાં એમની પાસેથી ૬૦,૦૦૦/- લેણાં નીકળતાં હતાં. ત્યારે...અત્યારે ખબર નહી કેટલા થાય...પૈસા બાકી રાખી તુષારભાઈ ‘છુ’ થઈ ગયેલા. કોઈ સંપર્ક નહીં. એમની નાટકની ઈચ્છા માટે મેં બે દિવસ પછી જવાબ આપવા જણાવ્યું. મેં દીપકને તુષારભાઈની આખી વાત કરી. દીપક સખત ગુસ્સામાં હતો. મેં કહ્યું ‘હવે આવ્યા છે અને ફોન કર્યો છે તો પૈસાની વાત ચોક્કસ કરી લઈશું.’ મને એ કહે, ‘દાદુ, ૬૦૦૦૦ બાકી છે મને મારા ૩૦૦૦૦ મળવા જ જોઈએ.’ મારે નાટક ડિરેક્ટ કરવાનો સ્વાર્થ તો હતો એના કરતાં સંબંધ પણ સચવાય રહે એ જોવાનું હતું. હું તો કહું છું જીવનમાં સાચવી શકો તો સંબંધને સાચવજો બાકી પૈસા તો બેંક પણ સાચવે છે. સંબંધો સાચવવા હજુ સેફ- ડિપોઝિટ વોલ્ટ ખુલ્યા નથી.

બે દિવસ પછી અમે મળ્યા. મેં નાટકના વિષય માટે શોધ તો શરૂ કરી જ દીધેલી. આનંદ મસ્વેકરનાં એકાંકીઓ ત્યારે સ્પર્ધામાં ઘણી ટ્રોફીઓ જીતતી. પછી એ મરાઠીમાં ત્રિઅંકી નાટકો તખ્તે રજૂ કરતો થયો. અને છેલ્લે તો મરાઠી લેખકોમાં પણ એનું નામ માનથી લેવાતું થઈ ગયેલું. એના મરાઠી નાટકનું રૂપાંતર હંમેશાં દિનેશ કોઠારી (જે હયાત નથી) કરતાં. આનંદનો એક વિષય મને ગમી ગયેલો. મેં આનંદ મસ્વેકર અને દિનેશ કોઠારીને મેળવી દીધાં. દિનેશે બે દિવસ પછી કામ શરૂ કરવાનું કહ્યું. તુષારભાઈ તરફથી નીકળતાં ૬૦,૦૦૦/- લઈ નાટકની જાહેરખબર દીપક પાસે જ કરાવવાનું મેં નક્કી કર્યું. ■

**ડબલ રિચાર્જ**

*એક વાત કહો, ખોટું બોલવાથી પાપ લાગે છે અને સાચું બોલવાથી મરચાં લાગે છે, તો બોલવું શું?*

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ કલાકારોની બાળકો સાથેની ફિલ્મનાં નામ જાણો છો?

૧) આમિર ખાન - જુહી ચાવલા
૨) જીતેન્દ્ર - જયા ભાદુરી
૩) શમ્મી કપૂર - રાજશ્રી
૪) અનિલ કપૂર -શ્રીદેવી
૫) અજય દેવગન - કાજોલ
૬) શાહિદ કપૂર - આયેશા તાકીયા
૭) સૈફ અલી ખાન - રાની મુખર્જી

### ક્વિઝ (બ)

આ ગીતો કઈ ફિલ્મના છે અને પરદા પર કોણ ગાય છે?

૧) નન્હેં મુન્ને બચ્ચે તેરી મુઠ્ઠી મેં ક્યાં હૈ મુઠ્ઠી મેં હૈ...
૨) ઈચક દાના બીચક દાના દાને ઉપર દાના...
૩) આઓ બચ્ચો તુમ્હે દિખાયે ઝાંકી હિન્દુસ્તાનકી...
૪) હમ ભી અગર બચ્ચે હોતે નામ હમારા હોતા...
૫) દેખો દેખો ક્યાં વો પેડ હૈ, બમ બમ બોલે મસ્તી...
૬) છુપ્પા છુપ્પી ખેલે આઓ પાસ હી છુપના દૂર...
૭) તિતર કે દો આગે તિતર, તિતર કે દો પીછે તિતર..

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’


ફિલ્મનામા
નરેશ શાહ


# અમોલ પાલેકરે પણ લાગલગાટ ત્રણ સુપરહિટ ફિલ્મ આપી હતી!

‘જંજિર’ પહેલાં અમિતાભ બચ્ચને બંધે હાથ, રાસ્તે કા પથ્થર, બંસી-બીરજુ, એક નઝર, સંજોગ, પરવાના, પ્યાર કી કહાની જેવી અડધા ડઝનથી વધુ ફ્લોપ ફિલ્મો આપી હતી અને રાજેશ ખન્નાએ લાગલગાટ આરાધના, સફર, અમર પ્રેમ, દો રાસ્તે, સચ્ચા જુઠા, આન મિલો સજના, કટિ પતંગ જેવી અડધો ડઝન સુપરહિટ ફિલ્મો આપેલી ....એ દંતકથા જેવી હકીકતના પ્રચંડ પ્રકાશમાં ખરેખરા એક્ટરોના અચિવમેન્ટ બહુ ઓછાં લાઈમલાઈટમાં આવતાં હોય છે, જેમકે ‘નેક્સ્ટ ડોર બોય’ જેવી ઈમેજ સાથે હિન્દી ફિલ્મોમાં શરૂઆત કરનારા અમોલ પાલેકરની જ વાત કરીએ તો તેમણે હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કર્યો એ સાથે જ લાગલગાટ ત્રણ (બજેટના પ્રમાણમાં તો સુપર) હિટ ફિલ્મો આપી હતી. પ્રથમ ફિલ્મ હતીઃ ‘રજનીગંધા’ એ પછી ‘છોટી સી બાત’ અને ‘ચિત્તચોર’.

અમોલ પાલેકરની પ્રથમ હિટ ફિલ્મ ‘રજનીગંધા’ ૧૯૭૪માં રિલીઝ થઈ હતી, પરંતુ એ આખી બની ગયેલી ફિલ્મ બે-અઢી વરસ સુધી ડબ્બામાં પડી રહી હતી. તેને કોઈ ખરીદાર મળતું નહોતું. ‘રજનીગંધા’ના ડિરેક્ટર બાસુ ચેટરજી હતા અને ‘રજનીગંધા’ પહેલાં એ જયા ભાદુરી-અનિલ ધવનની સુપરહિટ ફિલ્મ ‘પિયા કા ઘર’ આપી ચૂક્યા હતા, પરંતુ અમોલ પાલેકર, દિનેશ ઠાકુર જેવા નવા અને થિયેટર એક્ટર તેમ જ પ્રથમ ફિલ્મ જ કરી રહેલી વિદ્યા સિંહાની સ્ટારકાસ્ટ ધરાવતી ‘રજનીગંધા’ બધાને ખોટનો ધંધો લાગતો હતો. ‘રજનીગંધા’નો કોઈ હાથ ઝાલીને થિયેટરમાં રિલિઝ કરે એ માટે બધા જ પ્રયત્નો કર્યા પછી આખરે આ ફિલ્મ ‘રાજશ્રી પ્રોડકશન’ને કમિશન પર રિલીઝ કરવામાં આવી સપ્ટેમ્બર, ૧૯૭૪માં.




મજા તો એ છે કે અમોલ પાલેકરને જ પહેલાં તો ‘પિયા કા ઘર’માં કાસ્ટ કરવાનું નક્કી થયું હતું, પણ રાજશ્રીવાળા આ નવા ચહેરાથી ખચકાતા હતા. રસપ્રદ ઘટના તો એ પણ ગણાવી જોઈએ કે અમોલ પાલેકરની ઈમેજને સ્ટ્રોંગ કરનારી પ્રથમ ત્રણેય હિટ ફિલ્મોના ડિરેક્ટર બાસુ ચેટરજી હતા. બે ફિલ્મો (‘રજનીગંધા’ અને ‘છોટી સી બાત’)ની હીરોઈન પણ એક જઃ વિદ્યા સિંહા.

‘રજનીગંધા’ના પ્રથમ શો વખતે બનેલાં એક પ્રસંગની વાત કરીને પછી બીજી ફિલ્મોની વાતો કરીએ. ફિલ્મના પ્રથમ શોમાં ડિરેક્ટર-એક્ટરોની સાથે પ્રોડ્યુસર સુરેશ જિંદાલ (જેમણે પછી સત્યજીત રાયની પ્રથમ-એકમાત્ર ફિલ્મ ‘શતરંજ કે ખિલાડી’ પણ પ્રોડ્યુસ કરેલી!) પણ ઉચાટમાં થિયેટરના કોરિડોરમાં ઊભા હતા. વેચાયાં વગર પડી રહેલી ફિલ્મના રિસ્પોન્સ જાણવાનું તેમને પણ ટેન્શન હતું. તેમણે અમોલ પાલેકરને પૂછ્યુંઃ ‘શું લાગે છે ફિલ્મ લોકોને ગમશે!’ ‘ન ગમે તો ય શું?’ અમોલ પાલેકર હળવાશથી જવાબ આપ્યોઃ ‘ફ્લોપ જાય તો ફિલ્મમાંથી તમે બે એડ (જાહેરાત) બનાવી જ શકશો. સિગારેટ ફૂંકતા દિનેશ ઠાકુરને સિગારેટની એડમાં અને મને ટૂથપેસ્ટની એડમાં!’

સુરેશ જિંદાલને આ વ્યંગ એવો ખટકી ગયો કે અમોલ પાલેકર સાથે તેમને કાયમી અબોલા લઈ લીધા હતા એવું અમોલ પાલેકર પોતાના સ્મરણમાં ‘વ્યૂહફાઈન્ડર’માં લખી ચૂક્યા છે.

‘રજનીગંધા’ પછી અમોલ પાલેકરની ‘છોટી સી બાત’ અને ‘ચિત્તચોર’ એક જ વરસે, ૧૯૭૬માં રિલીઝ થઈ હતી. એ જ વરસે યશ ચોપરાની ‘કભી કભી’ અને ગુલઝારની ‘મૌસમ’ પણ રિલિઝ થઈ હતી, છતાં અમોલ પાલેકરની બન્ને ફિલ્મોએ થિયેટરમાં સિલ્વર જ્યુબિલી ઉજવી!. ‘છોટી સી બાત’ ફિલ્મથી જ સાઉથના ગાયક યશુદાસ (જાનેમન, જાનેમન ગીત)ની હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી થઈ હતી. અલબત્ત, આ ગીત ફિલ્મમાં ધર્મેન્દ્ર-હેમા માલિની પર શૂટ કરવામાં આવ્યું હતું, કારણ કે ‘છોટી સી બાત’ ફિલ્મ સુધી બાસુ ચેટરજી માનતા હતા કે વાસ્તવિક જીવનમાં આપણે ગીત ગાતા નથી એટલે મારા પાત્ર પણ (ફિલ્મમાં) ગીતો ગાશે નહીં.

બેશક, બાસુ ચેટરજીની આ માન્યતા ગુલઝાર સાહેબે તોડી. તેમણે સમજાવ્યું કે એમ તો આપણા જીવનમાં કશું બને તો બેકગ્રાઉન્ડ મ્યુઝિક પણ ક્યાં વાગે છે? આ તર્ક પછી બાસુ ચેટરજીએ ‘ચિત્તચોર’ ફિલ્મમાં પોતાનાં પાત્રો પાસે ગીતો (તું જો મેરે સૂર મેં, સૂર મીલા દે) ગવડાવ્યા એવો ઉલ્લેખ અનિતા પાધ્યેએ લખેલી બાસુ ચેટરજીની બાયોગ્રાફીમાંથી મળે છે. ‘ચિત્તચોર’ ફિલ્મને રાજશ્રીવાળાએ સ્ટ્રેટેજીના ભાગરૂપે મુંબઈના એકમાત્ર થિયેટરમાં રિલીઝ કરી હતી. જો કે આ વાત જાણ્યા પછી અપસેટ થઈ ગયેલાં અમોલ પાલેકર-બાસુ ચેટરજી ‘રાજશ્રી’ની ઓફિસ પહોંચી ગયેલા. તેમને સમજાવવામાં આવ્યું કે એક જ થિયેટરમાં રિલીઝ કરીને પહેલાં માઉથ પબ્લિસિટીનો લાભ લીધા પછી (હવા બંધાયા બાદ) ‘ચિત્તચોર’ બીજા થિયેટર અને શહેરોમાં રિલીઝ કરવામાં આવશે.

‘રાજશ્રી’વાળાની માર્કેટિંગ સ્ટ્રેટેજીએ ધાર્યા નિશાન એવાં પાર પાડ્યા કે ‘ચિત્તચોર’ની સફળતા પછી ઓફરોનો એવો ઢગલો થવા માંડ્યો કે અમોલ પાલેકરે બેન્કની નોકરીમાંથી કાયમી ધોરણે રાજીનામું આપી દઈ અભિનય જ કરવાનો નિર્ણય લઈ લીધો હતો! ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# જહાન્વી કપૂર

## સતત ફલોપ જતી હોવા છતાં ‘સ્ટારકીડ’નો ફાયદો મેળવતી અભિનેત્રી

શ્રીદેવી અને બોની કપૂર પુત્રી જહાન્વીએ ૨૦૧૮માં આવેલી ‘ધડક’ ફિલ્મથી બોલિવૂડમાં શરૂઆત કરી એ પછી દર વર્ષે બે થી ત્રણ ફિલ્મને હિસાબે અત્યાર સુધીમાં તેની ૧૪- ૧૫ ફિલ્મ રજૂ થઈ છે, પણ એક ‘ધડક’ અને બીજી દક્ષિણની ફિલ્મ ‘દેવરા-પાર્ટ વન’ સિવાય તેની કોઈ પણ ફિલ્મ બોક્સ ઑફિસ પર ચાલી નથી, છતાં ‘સ્ટારકીડ’ હોવાથી એ ફિલ્મ ઉદ્યોગમાં ટકી ગઈ છે અને ‘નેપોઝીટમ’નો બાદશાહ કરણ જોહર તેને પોતાની ફિલ્મોમાં લે છે એટલે સતત ફલોપ જતી હોવા છતાં જહાન્વી કપૂરને ફિલ્મો મળતી રહે છે.



જહાન્વી કપૂરની પહેલી ફિલ્મ ‘ધડક’ એ મરાઠીમાં ખૂબ જ ગાજેલી ‘સૈરાટ’ ફિલ્મની રિ- મેક હતી. ઈશાન ખટ્ટર સાથે તેની આ ફિલ્મનો નિર્માતા કરણ જોહર હતો અને જહાન્વી કપૂરની આ એકમાત્ર ફિલ્મે અત્યાર સુધીમાં બોક્સ ઑફિસ પર કમાણી કરી છે.

મુંબઈમાં શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી તેણે લી સ્ટાસબર્ગ થિયેટર ઍન્ડ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ કેલિફોર્નિયામાંથી અભિનયની તાલીમ મેળવી છે.

જહાન્વી એનો ૨૧મો જન્મદિવસ ઉજવી શકે તેના ૧૦ દિવસ પહેલાં જ તેની મમ્મી શ્રીદેવીનું ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮નાં અવસાન થયું હતું. શ્રીદેવી એની દીકરી જહાન્વીની પહેલી ફિલ્મ ‘ધડક’ની રિલીઝ જોઈ શકી નહોતી.. આ ફિલ્મ માટે તેને ઝી સિને અવોર્ડસ મળ્યો હતો.

૨૦૧૮ પછી ૨૦૨૦માં તેની બે ફિલ્મ રજૂ થઈ તેમાંથી એક ફિલ્મ ‘ગૂંજન સક્સેના - ધ કારગીલ ગર્લ’માં તેના અભિનયના અને સુંદરતાના વખાણ થયા હતા. આ ફિલ્મ કોરોનાને કારણે થિયેટરમાં નહીં પણ સીધી ઓટીટી પર રિલીઝ થઈ હતી. ૨૦૨૦માં જ તેની ફિલ્મ ‘ઘોસ્ટ સ્ટોરીઝ’ પણ રજૂ થઈ હતી, પણ તે ક્યારે આવી અને ક્યારે ચાલી ગઈ તે ખબર જ ન પડી.

એ પછી ૨૦૨૧માં તેની ડબલ રોલવાળી ‘રૂહી’ ફિલ્મ આવી, જેમાં તેની સાથે રાજકુમાર રાવ હતો. આ ફિલ્મ થોડી ઘણી ચાલી હતી. ૨૦૨૨માં તેની ‘ગૂડ લક જેરી’ અને ‘મિલી’ રજૂ થઈ, જે બંને ફ્લોપ હતી. ૨૦૨૩માં વરુણ ધવન સાથે ‘બવાલ’ અને મલ્ટીસ્ટારર ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’ આવી. તે પણ ફલોપ. ૨૦૨૪માં ‘મિસ્ટર ઍન્ડ મિસીસ માહી’, ‘ઉલઝ’ અને તેલુગુ - હિન્દી ફિલ્મ ‘દેવરા - પાર્ટ વન’ રજૂ થઈ. તેમાંથી જૂનિયર એનટીઆર સાથેની ફિલ્મ ‘દેવરા-પાર્ટ વન’ સફળ થઈ.

અત્યારે ૨૦૨૫માં સિદ્ધાર્થ મલ્હોત્રા સાથેની ‘પરમ સુંદરી’ અને વરુણ ધવન સાથેની ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ રજૂ થઈ છે. ‘પરમ સુંદરી’માં તેના અભિનય કરતાં તેની સુંદરતાના વધુ વખાણ થયા છે, પણ બોક્સ ઑફિસ પર આ બંને ફિલ્મ રાબેતા મુજબ ધપ્પ!

શ્રીદેવીની પુત્રી હોવાનો જહાન્વીને ફાયદો ખૂબ જ થઈ રહ્યો છે. બાકી બીજી કોઈ અભિનેત્રી આવી જે ‘સ્ટાર કીડ’ ન હોત તો આટલી ફલોપ ફિલ્મો પછી બોલિવૂડમાંથી કયારની ગાયબ થઈ ગઈ હોત ...

‘ધડક’, ‘ગૂંજન સક્સેના - ધ કારગીલ ગર્લ’, ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’, ‘મિસ્ટર ઍન્ડ મિસીસ માહી’ અને ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ આ બધી જ ફિલ્મોનો નિર્માણ કરણ જોહર હતો. કરણ જોહરને કારણે જ જહાન્વી કપૂર હજી સુધી બોલિવૂડમાં ટકી રહી છે એમ કહી શકાય.

લાગે છે જહાન્વીની ફિલ્મ કેરિયરમાં બે K કરણ અને કિસ્મત કનેકશન જ કામ કરી રહ્યાં છે! ■

## તા. ૮ થી ૧૪ નવેમ્બર ૨૦૨૫ સુધી...

**OTTનું હોટસ્પોટ**

નવેમ્બર મહિનાથી લઈને ફેબ્રુઆરી સુધી ‘નેટફ્લિક્સ‘ પર યશ ચોપરા અને યશરાજ બેનર્સની અનેક ફિલ્મો રજૂ થવાની છે. રોમાન્સ, એકશન અને નોસ્ટાલજિયા જેવાં શીર્ષક હેઠળ આ ફિલ્મો રજૂ થવાની છે. તેમાં ૧૪ નવેમ્બરે એટલે કે આવતા શુક્રવારે યશરાજ ફિલ્મ્સની ફિલ્મો ‘ગોલ્ડન એજ’ ટાઈટલ હેઠળ આખો દિવસ રજૂ થશે. તેમાં યશ ચોપરાની કેટલીક કલાસિક ફિલ્મોનો પણ સમાવેશ થાય છે.

* નેટફ્લિક્સઃ

૧૪ નવેમ્બરેઃ આખો દિવસઃ આઈના, ચાંદની, દાગ, દૂસરા આદમી, ફાસલે, નાખુદા, કભી-કભી, નૂરી, વિજય, કાલા પત્થર, મશાલ, લમ્હે અને સિલસિલા વારાફરતી જોવા મળશે.

૧૩ નવેમ્બરેઃ શેફાલી શાહ અભિનીત સીરિઝ ‘દિલ્હી ક્રાઈમ’ની ત્રીજી સિઝનની શરૂઆત થશે.

* જિયો હોટસ્ટાર - નેટફ્લિક્સઃ

૧૪ નવેમ્બરે આ બે ઓટીટી ચેનલ પર અક્ષય કુમાર, અર્શદ વારસી, હુમા કુરેશી, અમૃતા રાવ અને સૌરભ શુકલા અભિનીત ફિલ્મ ‘જોલી એલએલબી-થ્રી’નું પ્રસારણ થશે.

* એમેઝોન પ્રાઈમ વીડિયોઃ

અનુરાગ કશ્યપ દિગ્દર્શિત અને ઠાકરે પરિવારના પુત્ર ઐશ્વર્ય ઠાકરે અભિનીત ફિલ્મ ‘નિશાનચી’ ૧૪ નવેમ્બરે રજૂ થશે.

# મુંબઈના ૨૨૭ વોર્ડમાંથી કયા વોર્ડ અનામત થશે?

## મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે વોર્ડના રિઝર્વેશન માટેની લોટરી ૧૧ નવેમ્બરેઃ ૧૪થી ૨૦ નવેમ્બર, ૨૦૨૫ દરમ્યાન વાંધા અને સૂચનો રજૂ કરવાના રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી-૨૦૨૫ માટે વોર્ડના રિઝર્વેશનને લગતી લોટરીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આગામી ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મુંબઈના ૨૨૭ વોર્ડના રિઝર્વેશનની લોટરી કાઢવામાં આવશે. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અનામતનો ડ્રાફ્ટ જાહેર થયા બાદ ૧૪થી ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના સમયગાળામાં વાંધા અને સૂચનો રજૂ કરવાના રહેશે.

સુપ્રીમ કોર્ટે ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ પહેલા ચૂંટણી યોજવાનો આદેશ આપ્યો છે. તે મુજબ રાજ્યના ચૂંટણી પંચે મુંબઈ સહિત ૨૯ મહાનગરપલિકાની ચૂંટણીના વોર્ડના અનામતને લગતો કાર્યક્રમ જાહેર કર્યો છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડના રિઝર્વેશનમાં અનુસૂચિત જાતિ (મહિલા), અનુસૂચિત જનજાતિ (મહિલા), ઓબીસી જનરલ, ઓબીસી (મહિલા) અને સર્વસાધારણ મહિલા માટેની આરક્ષણ માટેની લોટરી દ્વારા કરવામાં આવશે.

મંગળવાર, ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના સવારના૧૧ વાગે લોટરીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ શુક્રવાર, ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અનામતનો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવશે. તો શુક્રવારે, ૧૪ નવેમ્બરથી ગુરુવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ ના બપોરના ત્રણ વાગ્યા સુધી અનામતના ડ્રાફ્ટ પર વાંધા અને સૂચનો કરી શકાશે. દાખલ થયેલા વાંધા અને સૂચનો પર સુનાવણી થયા બાદ અંતિમ નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવશે.

જનસંખ્યાની ટકાવારી અનુસાર ઉતરતા ક્રમમાં આરક્ષણ કાઢવામાં આવશે. ત્યારબાદ બાકીના સભ્યોમાંથી ૬૧ સભ્યોની લોટરી ઓબીસી શ્રેણી માટે કાઢવામાં આવશે. તેમાની મહિલા અને પુરુષના આરક્ષણ માટે ચિઠ્ઠી કાઢવામાં આવ્યા બાદ બાકીનામાંથી મહિલા માટે અનામત કાઢીને બાકીના તમામ વોર્ડ જનરલ કેટેગરીમાં આવશે.

લોટરી કાઢ્યા બાદ આરક્ષણના સંદર્ભમાં વાંધા અને સૂચનો મુંબઈ મહાનગરપાલિકાના વોર્ડમાં આવેલી ચૂંટણી ઓફિસમાં દાખલ કરી શકાશે. અથવા મુંબઈ મહાનગરપાલિકાની વેબસાઈટની આ લિંક પર https://www.mcgm.gov.in/irj/portal/anonymous/qlBMCGE2025 પર કરી શકાશે. ■

# મુંબઈમાં પ્રદૂષણના સ્તરમાં ફરી વધારોઃ સુધરાઈએ કન્સ્ટ્રકશન સાઈટને આપ્યું અલ્ટીમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના વાતાવરણમાં ફરી પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. ગુરુવારે મુંબઈનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૪ નોંધાયો હતો અને આગામી દિવસોમાં પ્રદૂષણનું પ્રમાણ વધવાની શક્યતા છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ ફરી એક વખત મુંબઈની ૧,૨૦૦ કન્સ્ટ્રક્શન સાઈટ પર જ્યાં બાંધકામ ચાલી રહ્યા છે તેમને એક મહિનાની અંદર એર ક્વોલિટી સેન્સર બેસાડવાનું અલ્ટીમેટમ આપ્યું છે. અત્યાર સુધી મુંબઈમાં માત્ર ૪૫ ટકા રિયલ એસ્ટટે ઓપરેટરોએ આ સેન્સર બેસાડયા છે.

મુંબઈમાં ગયા અઠવાડિયામાં આવી પડેલા કમામેસી વરસાદને મુંબઈમાં બરોબર દિવાળીના સમયે પ્રદૂષણનું સ્તર ઘટીને વાતાવરણ ચોખ્ખુ થઈ ગયું હતું. જોકે હવે વરસાદની ગેરહાજરી અને નવેમ્બર મહિનામાં ધીમા પગલે આવી રહેલી ઠંડીને પગલે વાતાવરણમાં ફરી પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. છેલ્લા બે-ત્રણ દિવસથી હવાની ગુણવત્તા ફરી ઘસરી રહી છે અને પ્રદૂષણનું પ્રમાણ પણ વધી રહ્યું છે. ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે તમામ ઉપાયયોજના પર ભાર આપી રહી છે, જેમાં તેણે ફરી એક વખત તેણે ડેવલપરોને એક મહિનામાં કન્સ્ટ્રકશન સાઈટ પર સેન્સર બેસાડવાનો નિર્દેશ આપ્યો છે. પાલિકાના પર્યાવરણ વિભાગના આંકડા મુજબ મુંબઈમાં આવી ૧,૨૦૦ કન્સ્ટ્રકશન સાઈટ છે, તેમાંથી માત્ર ૫૫૦ ( ૪૫ ટકા) ડેવલપરોએ કન્સ્ટ્રકશન સાઈન પર સેન્સર ઈન્સ્ટોલ કર્યા છે. તો ૨૦૦ લોકો તેને ખરીદીને બેસાડવાની પ્રક્રિયામાં છે. આ સેન્સર બેસાડવા માટેની સૂચના ૨૦૨૩માં હાઈ કોર્ટના આદેશના આધારે બહાર પાડવામાં આવી છે. કોર્ટે પાલિકાને ધૂળને નિયંત્રણમાં રાખવા માટે કન્સ્ટ્રકશન સાઈટ પર ગાઈડલાઈનનું પાલન કરવામાં આવે છે કે તેનું ઈન્સ્પેકશન કરવાનો આદેશ આપ્યો હતો.

જૂન મહિનામાં પાલિકાએ ખાનગી બિલ્ડરોને તેમની કન્સ્ટ્રકશન સાઈટ પર આ સેન્સર બેસાડવાનો નિર્દેશ આપ્યો હતો, જે ધૂળની સ્થિતિનો વાસ્તવિક સમયનો ડેટા ઉપલબ્ધ કરશે. પાલિકા કન્સ્ટ્રકશન સાઈટ પરની ધૂળને કારણે મુંબઈના પ્રદૂષણમાં વધારો થવા માટેનું એક પરિબળ માને છે. આ દરમ્યાન પાલિકાએ ૩૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે તે નવેમ્બરમાં સમાપ્ત થશે. આ સમયગાળા દરમ્યાન મોનિટરિંગ મશીન બેસાડવામાં નિષ્ફળ જનારા ડેવલપરોને દંડ કરવામાં આવશે. ■

### ઠંડીનો ચમકારો

મુંબઈ સહિત રાજ્યમાં શિયાળાનું આગમન થયું હોવાનો અનુભવ થઈ રહ્યો છે. મુંબઈમાં વહેલી સવારના ઠંડક જણાઈ રહી છે. મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. ગુરુવારે મુંબઈના કોલાબામાં મહત્તમ તાપમાન ૩૦.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૨ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૦.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૫ ડિગ્રી નોંધાયું હતું. તો મહારાષ્ટ્રમાં સૌથી નીચું તાપમાન હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ડિપ્રેશનની અસર ઘટી ગઈ છે અને ધીમે ધીમે મુંબઈ સહિત રાજ્યના તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આગામી દિવસોમાં તાપમાનમાં હજી ઘટાડો નોંધાશે.

### મુંબઈમાં હવાની ગુણવત્તા કથળી

ઠંડીના આગમન સાથે જ મુંબઈમાં ફરી એક વખત હવાની ગુણવત્તાને અસર થઈ રહી છે. ગુરુવારે સાંજે મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૧૫૬ નોંધાયો હતો. તો દેવનારમાં એક્યુઆઈ ૧૫૪, જુહુમાં ૧૫૯, કાંદિવલીમાં ૧૫૧, કુર્લામાં ૧૬૦, મલાડમાં ૧૫૬, મઝગાંવમાં ૧૫૮, મુલુંડમાં ૧૩૯, શિવાજી નગરમાં ૧૫૪, સાયનમાં ૧૫૪, વડાલામાં ૧૬૩, વરલીમાં ૧૫૭, વિલેપાર્લેમાં ૧૫૮ એક્યુઆઈ નોંધાયો હતો.

# નિવૃત અધિકારીને પદ પર ચાલુ રાખવા સામે સુધરાઈના ઉચ્ચ અધિકારીઓમાં અસંતોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિવૃત અધિકારી ચંદ્રશેખર ચોરેને તેમના કેડરના જ પદ પર ચાલુ રાખવા સામે સંયુક્ત રીતે વિરોધ કરવામાં આવ્યો છે.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને લખેલા પત્રમાં આ અધિકારીઓએ દલીલ કરી હતી કે ચોરે નિવૃત થયા બાદ એ પદ ખાલી રાખવાથી આસિસ્ટન્ટથી લઈને ડેપ્યુટી કમિશનર સુધીના અધિકારીઓનું પ્રમોશન અટકી ગયું છે. લાયક ઉમેદવારોમાં અન્યાયની ભાવના જાગી છે. પાલિકાના ઉચ્ચ અધિકારીઓએ સામૂહિક રીતે નોંધાવેલા વિરોધને કારણે પાલિકામાં ચર્ચાએ જોર પકડયું છે.

ચંદ્રશેખર ચોરે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (કમિશનર ઓફિસ) પદથી નિવૃત થયા હતા પણ તેમનો કાર્યકાળ બીજા એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો, જે આવતા મહિને પૂરો થવાનો છે. તેમનો કાર્યકાળ લંબાવી દેવામાં આવતા અનેક વરિષ્ઠ અધિકારીઓ નારાજ થઈ ગયા હતા, કારણકે આમાંથી અનેક અધિકારીઓ પ્રમોશનને ઉત્સુક હતા. ડેપ્યુટી અને જોઈન્ટ કમિશનર સહિત ૧૭ વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સહી કરાયેલા પત્રમાં જણાવ્યું હતું કે આ પદ છેલ્લા બે વર્ષથી ખઆલી છે અને તેને ડેપ્યુટી કમિશનર, જોઈન્ટ કમિશનર અથવા આસિસ્ટન્ટ કમિશનરના રેન્કમાંથી તાત્કાલિક ભરવી જોઈએ.

અધિકારીઓએ કમિશનર ભૂષણ ગગરાણીને પત્રમાં એવું લખ્યું છે કે તેમના કેડરની જગ્યા બહારની વ્યક્તિ દ્વારા ભરવાને કારણે આસિસ્ટન્ટથી લઈને ડેપ્યુટી કમિશનર સુધીના પ્રમોશન અટકી ગયા છે. અનેક અનુભવી અને લાયક અધિકારીઓ તેમને પ્રમોશન મળે તેની રાહ જોઈ રહ્યા છે. વિલંબને કારણે આસિસ્ટન્ટ કમિશનરોમાં નારાજગી વ્યાપી છે. તેથી તાત્કાલિક ધોરણે ડેપ્યુટી કમિશનર અને એડિશનલ કમિશનર કેડરમાંથી તાત્કાલિક આ પદ ભરવું જોઈએ. કમિશનર ભૂષણ ગગરાણીએ જોકે મુદ્દે કોઈ પણ પ્રકારનો જવાબ આપવાનું ટાળ્યું હતું. ■

# પશ્ચિમ ઉપનગરમાં પાણીના ધાંધિયા

## મુંબઈ મહાનગપાલિકાની ચૂંટણી ટાણે પાણીની મોકાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે એ પહેલા પશ્ચિમ ઉપનગરમાં પાણીની વધતી જતી તંગીને કારણે સ્થાનિક વિધાનસભ્યો અને સાંસદો પણ દબાણ વધ્યું છે. ઓછા દબાણ સાથે ગંદુ અને અપૂરતું પાણી મળી રહી હોવાની સ્થાનિકોની સતત ફરિયાદ પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવતી હોવાની નારાજગી સાથે વિધાનસભ્યોના જૂથે ગુરુવારે પાલિકા પ્રશાસન સાથે બેઠક કરી હતી અને પશ્ચિમ ઉપનગરમાં પ્રમાણસર પાણીપુરવઠાની માગણી કરી હતી. સાથે જ ઝોન મુજબ પાણીના વિતરણના ડેટાનો સંપૂર્ણ ખુલાસો કરીને આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવાની વિનંતી કરી હતી.

આ વર્ષે મુંબઈના પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં ભરાઈ ગયા છે, છતાં પશ્ચિમ ઉપનગરના ગોરેગામથી લઈને દહિસર સુધીના વિસ્તારમાં છેલ્લા અનેક મહિનાઓથી પાણીની સતત અછત વર્તાઈ રહી છે. અનેક વિસ્તારોમાં ગંદુ પાણી મળી રહ્યું છે, તેને કારણે બાળકો સહિત સિનિયિર સિટીઝનની તબિયત પણ કથળી હોવાની ફરિયાદ સ્થાનિકો કરતા આવ્યા છે. ગુરુવારે ઉત્તર મુંબઈના વિધાનસભ્યો પાણીની સમસ્યાને મુદ્દે પાલિકાના મુખ્યાલયમાં એડિશનલ કમિશનરને મળ્યા હતા.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ બેઠકમાં વર્તમાન પાણી પુરવઠાનું આયોજન, જૂની પાઈપલાઈનના તાત્કાલિક સમારકામ અને પાણીના સ્રોત વધારવા માટે લાંબા ગાળાની વ્યૂહરચનાને મુદ્દે ચર્ચા થઈ હતી. આ દરમ્યાન પશ્ચિમ ઉપનગરમાં વસતી વધુ હોવા છતાં દક્ષિણ મુંબઈ કરતા આ વિસ્તારમાં નોંધપાત્ર રીતે ઓછું પાણી મળતું હોઈ સમાન પાણી વિતરણને મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી.

બોરીવલીના વિધાનસભ્યએ જણાવ્યું હતું કે તળાવો ભરાઈ ગયા હોવા છતાં પાણીની હાલની અછત અસમાન પાણી વિતરણનું પરિણામ છે. તાજેતરના વર્ષોમાં પશ્ચિમ ઉપનગરની વસતીમાં નોંધપાત્ર વધારો થયો છે પણ પાણી પુરવઠા જેવી આવશ્યક સેવામાં સમાન ધોરણ જાળવી રાખવામાં પ્રશાસન નિષ્ફળ ગયું છે. પ્રશાસન પાસે ઝોન મુજબ પાણીના વિતરણની વિગતવાર ડેટાની માગણી કરવામાં આવી છે. ■

# કૉંગ્રેસી નેતાઓમાં ઉત્સાહઃ બીએમસી ચૂંટણી માટે ૧,૧૫૦ થી વધુ ઉમેદવારોએ ટિકિટ માગી

મુંબઈઃ મુંબઈ કોંગ્રેસને આગામી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ચૂંટણી માટે ટિકિટ ઇચ્છુક ઉમેદવારો તરફથી ૨૨૭ બેઠકો માટે અત્યાર સુધીમાં ૧,૧૫૦ થી વધુ અરજીઓ મળી છે, એમ પાર્ટીએ ગુરુવારે જણાવ્યું હતું.

બીએમસીની ચૂંટણી માટેનું સમયપત્રક પણ હજુ જાહેર થયું નથી, આમ છતાં મુંબઈના તમામ છ જિલ્લાઓમાંથી અરજીઓનો પ્રવાહ વધ્યો છે, એમ શહેર કોંગ્રેસના પ્રવક્તા સુરેશચંદ્ર રાજહંસે એક નિવેદનમાં જણાવ્યું હતું. મુંબઈના છ લોકસભા મતવિસ્તારોને ચૂંટણી માટેના જિલ્લાઓ તરીકે ગણવામાં આવે છે. 'શહેર કોંગ્રેસને અત્યાર સુધીમાં પાર્ટી ટિકિટ માટે ૧,૧૫૦ થી વધુ ઉમેદવારો તરફથી અરજીઓ મળી છે,' એમ રાજહંસે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે કોંગ્રેસે નગરપાલિકા ચૂંટણી લડવા માટે ઉત્સુક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવી છે અને જોરદાર પ્રતિસાદ મળતાં, અરજીઓ રજૂ કરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવે તેવી શક્યતા છે.

મુંબઈ કોંગ્રેસ પ્રમુખ અને સાંસદ વર્ષા ગાયકવાડના નેતૃત્વમાં ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. રાજહંસે જણાવ્યું હતું કે, તમામ ૨૨૭ વોર્ડ માટે પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે અને કાર્યકરોને એકત્ર કરવા માટે શહેરભરમાં બેઠકો યોજાઈ રહી છે.

કોંગ્રેસના મોટાભાગના કાર્યકરોએ માંગ કરી છે કે પાર્ટી સ્વતંત્ર રીતે ચૂંટણી લડે, જોકે એકલા જવું કે ગઠબંધન બનાવવું તે અંગે અંતિમ નિર્ણય દિલ્હીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા લેવામાં આવશે, એમ પણ તેમણે ઉમેર્યું હતું. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી-હિન્દી જોડી જમાવો

| A | B |
|---|---|
| बिकट | થોકડી |
| बिगारी | વેચાણ |
| बिक्री | વીજળી |
| बीजुरी | મુશ્કેલ |
| बीड | વેઠિયો |

### ઓળખાણ પડી?



અભિનેતા અને ગાયક તરીકે વિશાળ યોગદાન આપનારા કિશોર કુમાર સાથે ૧૯૬૦ના દાયકાની ફિલ્મમાં કઈ અભિનેત્રી નજરે પડે છે?

અ) સિમી બ) વિમી
ક) નિમ્મી ડ) કુમકુમ

### ગુજરાત મોરી મોરી રે

૧૦ વર્ષ પહેલા 'છેલ્લો દિવસ'થી શરૂઆત કરનારા યશ સોનીની કઈ ફિલ્મમાં જાનકી બોડીવાલા હિરોઈન હતી એ ખબર છે ખરી?

અ) વશ બ) તંબૂરો ક) નાડી દોષ ડ) જગત

### જાણવા જેવું

સુનીલ દત્તએ ફિલ્મોમાં અભિનય કરવાની શરૂઆત કરી એ પહેલાં રેડિયો સિલોનની હિન્દી સર્વિસમાં ઉદઘોષક - એનાઉન્સર તરીકે કામ કરતા હતા. પહેલો ઈન્ટરવ્યૂ અભિનેત્રી નલિની જયવંતનો કર્યો હતો. ૧૯૫૫ની 'રેલવે પ્લેટફોર્મ'માં હીરો બનવાની તક મળી ત્યારે તેમની હિરોઈન નલિની જયવંત જ હતી.

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

રામાનંદ સાગરની કઈ ફિલ્મમાં રાજેન્દ્ર કુમાર સાથે સાધના હિરોઈન હતી? ફિરોઝ ખાને પણ એમાં એક રોલ નિભાવ્યો હતો.

અ) આંખેં બ) મેરે મેહબૂબ ક) આરઝૂ ડ) વો કૌન થી

### નોંધી રાખો

ઓછામાં ઓછા સાધનોમાંથી, વધુ લાભ ઉઠાવી, જિંદગી દરમિયાન સંતોષી થઈ રહેવું એ જ જિંદગી જીવવાની ખરી કળા છે.

### માઈન્ડ ગેમ

૩૩ વર્ષની ફિલ્મી કારકિર્દીમાં શાહરુખ ખાને વિવિધ ભૂમિકાઓ કરી છે. કઈ ફિલ્મમાં તેણે ડબલ રોલ કર્યો હતો એ શોધી કાઢો.

અ) ફેન બ) રાજુ બન ગયા જેન્ટલમેન
ક) આર્મી ડ) કભી ખુશી કભી ગમ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | ૨ વી | ણ | | ૩ છા | ૪ ન | ૫ ગ | ૬ પ | ૭ તિ | યાં |
| ૮ કા | ર | | ૯ છ | | ૧૦ બ | ગા | વ | ત | |
| ૧૧ શ | હ | | ૧૨ કો | ગ | ળા | | ૧૩ ન | લી | ૧૪ કા |
| મા | | ૧૫ ના | મ | | ઈ | | વે | | મ |
| ૧૬ ન | વું | ન | કો | ર | | ૧૭ પ | ગી | | ણ |
| | | ખ | | | ૧૮ સા | ર | | ૧૯ ખાં | ટૂ |
| ૨૦ કુ | લ | ટા | | ૨૧ લા | | ણે | | ૨૨ ડી | મ |
| ળ | | ૨૩ ઈ | ન્સા | ન | | ૨૪ ત | ૨૫ જ | | ણ |
| ૨૬ વ | ૨૭ દ | | | ૨૮ ત | ૨૯ જુ | ર | બા | | |
| ૩૦ ધુ | ળ | ધા | ણી | | લ્મ | | ૩૧ ન | જ | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | |
| ૮ | | | | | | | ૯ | | |
| | | | | ૧૦ | | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ૧૪ | | ૧૫ | | | | | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | | | | | ૧૯ | |
| ૨૦ | | | | | | ૨૧ | ૨૨ | | |
| ૨૩ | ૨૩અ | | | ૨૪ | ૨૫ | | ૨૬ | | |
| ૨૭ | | | ૨૮ | | ૨૯ | | | | |
| | | ૩૦ | | ૩૧ | | | ૩૨ | | ૩૩ |
| | ૩૪ | | | | | | | | |

**આડી ચાવી**

૧. --- વગરનું એટલે ઠેકાણા વગરનું (૪)
૫. અટકળે બોલનાર, ગપાટિયું (૫)
૮. સતત કામકાજ કરનાર વ્યક્તિ (૪)
૯. અડધાના બે ભાગ (૨)
૧૧. સગવડ (૪)
૧૩. સુરતી વ્યંજન (૨)
૧૫. કોમની દૃષ્ટિએ જ વિચારવું તે (૪)
૧૬. પક્કું, હોશિયાર (૨)
૧૭. રહેવાનું ઠેકાણું (૪)
૧૯. કાળી --- ચોંટવી એટલે બદનામી થવી (૨)
૨૧. --- આપવી એટલે ધમકી આપવી (૨)
૨૩. પાઘડી (૨)
૨૪. છૂટ્ટી (૨)
૨૬. --- કરવી એટલે હિંમત કરવી (૩)
૨૭. બક્ષિસ, સૂચન (૨)
૨૯. વંશ, પત્તો, નિશાની (૩)
૩૦. પંખીઓનો અવાજ (૪)
૩૨. ચિત્ર, ફિલમ (૩)
૩૪. ઠેર ઠેર, જ્યાં ત્યાં (૫)

**ઊભી ચાવી**

૧. સૂરજ વાદળોથી --- હતો (૪)
૨. દુઃખથી ગુંદર સુધી (૨)
૩. ઉત્સાહ, જોમ (૩)
૪. ધમકી, ઠપકો (૨)
૫. ---, ના હોય (૨)
૬. 'લપાવવું'નું આજ્ઞાર્થ (૩)
૭. હવે પોસ્ટ ક્યાં નાખવી? (૫)
૧૦. નાતવરો (૫)
૧૧. આગળ જણાવેલું, પૂર્વોકત (૪)
૧૨. ---થી સુતર કાંતો (૩)
૧૪. ચોરી કરનાર (૨)
૧૫. --- યુદ્ધ એટલે દાવપેચ વાળું યુદ્ધ (૨)
૧૮. પ્રીત, પ્રેમ (૨)
૨૦. લાકડાનું ફાડિયું (૪)
૨૨. બકવાસ કરનાર (૫)
૨૩અ. ખોટી વાત, ગપ્પું (૨)
૨૫. પશુ, ઢોર (૪)
૨૮. તડપ (૩)
૩૦. હાથ આપો કે ટેક્ષ આપો (૨)
૩૧. એને કાઢી નાખો (૨)
૩૩. --- અંબરચુંબી મહેલો --- (૨)

### સુડોકુ-૯૧૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | | | ૧ | | | ૬ | |
| | ૬ | | ૪ | | ૫ | | ૩ | |
| ૩ | | | ૯ | | | | | |
| ૭ | | | | | | | ૮ | |
| ૬ | ૧ | | | | | | ૨ | ૪ |
| | ૪ | | | | | | | ૧ |
| | | | | | ૩ | | | ૨ |
| | ૨ | | ૫ | | ૯ | | ૪ | |
| | ૩ | | | ૮ | | | ૭ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૯ | ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૭ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૨ | ૧ | ૪ | ૮ | ૫ | ૩ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૮ | ૭ | ૯ | ૧ | ૬ |
| ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૮ | ૨ | ૪ | ૧ | ૯ | ૩ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૩ | ૭ | ૨ | ૮ | ૧ | ૯ | ૪ |
| ૭ | ૯ | ૧ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बोरा | કોથળો |
| बोसा | ચુંબન |
| बोया | વાવવું |
| बोदा | નકામું |
| बौछार | વાછટ |

ગુજરાત મોરી મોરી રે: શેતલને કાંઠે

ઓળખાણ પડી?: જાને ભી દો યારો

માઈન્ડ ગેમ: યે જો હૈ ઝિંદગી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: આલાપ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પપ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ડો. પ્રકાશ કટિકયા (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) વિજય આસર (૪૪) કમલ માતલિયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) હમ હૈ રાહી પ્યાર કે, ૨) પરિચય, ૩) બ્રહ્મચારી, ૪) મિસ્ટર ઇન્ડિયા, ૫) ટુનપૂર કા સુપર હીરો, ૬) પાઠશાલા, ૭) થોડા પ્યાર થોડા મેજિક

ક્વિઝ (બ) ૧) બુટ પોલિશ - ડેવિડ, ૨) શ્રી ૪૨૦ - નરગીસ, ૩) જાગૃતિ - અભી ભટ્ટાચાર્ય, ૪) દૂર કી આવાઝ - જોની વોકર, ૫) તારે ઝમીન પર - આમિર ખાન, ૬) ડ્રિમ ગર્લ - હેમા માલિની, ૭) મેરા નામ જોકર - સિમ્મી ગરેવાલ



**ઈન્જર્ડ પ્રતીકા રાવલને સન્માન સાથે મળી ખાસ સુવિધા:** વર્લ્ડ ચૅમ્પિયન ક્રિકેટ ટીમે ગઈ કાલે દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી એ સમારોહમાં ટીમની ઈજાગ્રસ્ત પ્રતીકા રાવલ માટે ખાસ સગવડ કરવામાં આવી હતી. તે પગની ઈજાને લીધે સેમિ ફાઇનલ અને ફાઇનલમાં નહોતી રમી શકી. જોકે ભારતને બૅટર્સમાં સ્મૃતિ ઉપરાંત પ્રતીકાએ જ સેમિમાં પહોંચાડ્યું હતું. (પીટીઆઇ)

# ઑસ્ટ્રેલિયા સામે બાપુએ કમાલ કરી...

## અક્ષર પટેલે ટ્રોફી ગુમાવતાં બચાવ્યા: ભારત સિરીઝમાં ૨-૧થી આગળ

ગોલ્ડ કોસ્ટ: ભારતે અહીં ગઈ કાલે સિરીઝની ચોથી ટી-૨૦માં ઑસ્ટ્રેલિયાને જીતવા ૧૬૮ રનનો સાધારણ લક્ષ્યાંક આપ્યો અને પછી એને માત્ર ૧૧૯ રનમાં ઑલઆઉટ કરીને ૪૮ રનના માર્જિનથી હરાવ્યું એ વિજયમાં ટીમ ઇન્ડિયાના ઘણા ખેલાડીઓના કોઈને કોઈ રીતે મહત્ત્વના યોગદાન હતા, પરંતુ આ અત્યંત જરૂરી જીત ખાસ કરીને મૅન ઑફ ધ મૅચ અક્ષર પટેલના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સને લીધે મળી હતી. ભારત પાંચ મૅચની શ્રેણીમાં ૨-૧થી આગળ છે. ભારત હવે સિરીઝ હારી નહીં શકે. અંતિમ મૅચ શનિવારે બ્રિસ્બેનમાં રમાશે.

ભારતે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૭ રન કર્યા હતા જેમાં અક્ષરનું અણનમ ૨૧ રનનું યોગદાન હતું. તેણે ૧૧ બૉલની ટૂંકી ઇનિંગ્સમાં એક સિક્સર અને એક ફોર ફટકારી હતી. તેણે ટીમની ઇનિંગ્સની અંતિમ ઓવર્સમાં વૉશિંગ્ટન સુંદર સાથે ૧૬ રનની, અર્શદીપ સિંહ સાથે ૧૨ રનની અને વરુણ ચક્રવર્તી સાથે ત્રણ રનની અતૂટ ભાગીદારી કરી હતી. ભારતને ૧૬૭ રનનું ટોટલ અપાવવામાં અક્ષરનું અગત્યનું યોગદાન હતું.

ત્યાર બાદ અક્ષરે ઑસ્ટ્રેલિયાની પહેલી બે વિકેટ અપાવી હતી જેમાં ઓપનર મૅથ્યૂ શૉર્ટ (પચીસ રન) તથા વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૧૨ રન)નો સમાવેશ હતો. એ બે આંચકા બાદ ઑસ્ટ્રેલિયાની ટીમ ક્યારેય પાછી બેઠી નહોતી થઈ અને છેવટે ૧૧૯ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. સુંદરે સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ શિવમ દુબેએ બે વિકેટ અને અર્શદીપ, બુમરાહ, વરુણે એક-એક વિકેટ મેળવી હતી.

# વર્લ્ડ ચૅમ્પિયન ટીમની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભરપૂર પ્રશંસા કરી





રાષ્ટ્રપતિ મુર્મૂ સાથે કૅપ્ટન હરમનપ્રીત. પછીથી હર્લીન સાથે હરમન હળવી પળો માણતી જોવા મળી હતી.

નવી દિલ્હી: હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલાઓની વર્લ્ડ ચૅમ્પિયન ટીમ બુધવારે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા બાદ આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પણ મળી અને તેમની સાથે આ અપ્રતિમ સિદ્ધિના અનુભવો શૅર કર્યા હતા તથા તમામ ચૅમ્પિયન ખેલાડીઓના ઑટોગ્રાફવાળું જર્સી રાષ્ટ્રપતિને ભેટ આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારોહમાં પ્રેસિડન્ટ મુર્મૂએ આ સિદ્ધિ બદલ ભારતીય ટીમની ખૂબ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે 'તમે દેશ માટે માત્ર ઇતિહાસ જ નથી રચ્યો, યુવાપેઢી માટે રોલ મૉડેલ પણ બની ગઈ છો.' ■

# રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુની ટીમ વેચાવાની પ્રક્રિયા શરૂ!

બેંગલૂરુ: ડીઍજીઓ નામની દારૂ બનાવતી બહુરાષ્ટ્રીય કંપનીએ એની માલિકીની આઇપીએલ-ટીમ તથા ડબ્લ્યૂપીએલ-ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ને વેચવાની દિશામાં પ્રથમ પગલું ભર્યું હોવાનું મનાય છે. ડીઍજીઓએ આરસીબીમાં પોતાનો જે ઇક્વિટી હિસ્સો છે એ વેચી દેવાની શરૂઆત કરી છે. આ કંપનીએ આરસીબીમાંના પોતાના ઇક્વિટી સંબંધમાં સમીક્ષા હાથ ધરી રહી છે. જૂન, ૨૦૨૫માં આરસીબીની ટીમ પહેલી જ વખત આઇપીએલમાં ચૅમ્પિયન બની એ અરસામાં જ ડીઍજીઓના ઇક્વિટી હિસ્સાના વેચાણ વિશે અટકળ શરૂ થઈ ગઈ હતી. ■

# સુંદરે પાંચ બૉલમાં લીધી ત્રણ વિકેટ

ગોલ્ડ કોસ્ટ: સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે અહીં ગઈ કાલે ઑસ્ટ્રેલિયાને ચોથી ટી-૨૦માં ૪૮ રનના માર્જિનથી હરાવીને સિરીઝમાં ૨-૧થી અપરાજિત સરસાઈ મેળવી લીધી એમાં અક્ષર પટેલના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સનું સૌથી મોટું યોગદાન હતું, પરંતુ બીજા ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર (૧.૨-૦-૩-૩)નો રોલ પણ નાનોસૂનો નહોતો.

૧૬૮ રનના લક્ષ્યાંક સામે ઑસ્ટ્રેલિયાની ટીમ ૧૮.૨ ઓવરમાં માત્ર ૧૧૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. વૉશિંગ્ટન સુંદરે ટીમ ઇન્ડિયા માટે ચમત્કાર કરી આપ્યો હતો. તેણે પોતાના છેલ્લા પાંચ બૉલમાં એક જ રનના ખર્ચે ત્રણ વિકેટ લીધી હતી અને એ સાથે યજમાન ટીમનો દાવ વહેલો સમેટાઈ ગયો હતો. સુંદરની બોલિંગ ઍનેલિસિસ જાદુઈ હતી, જ્યારે બે-બે વિકેટ અક્ષર તથા દુબેએ અને એક-એક વિકેટ વરુણ, બુમરાહ તથા અર્શદીપે મેળવી હતી.

શુભમન ગિલે ૪૬ અને અભિષેક શર્માએ ૨૮ રન કર્યા હતા. બન્ને વચ્ચે ૫૬ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. કૅપ્ટન સૂર્યકુમારે બૅક-ટૂ-બૅક સિક્સરની મદદથી ૧૦ બૉલમાં ૨૦ રન, અક્ષરે અણનમ ૨૧ રન અને શિવમ દુબેએ બાવીસ રન કર્યા હતા.

# મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ૮ માર્ચની ફાઇનલ અમદાવાદમાં

## પાકિસ્તાન ફાઇનલમાં પહોંચશે તો એ રમાશે શ્રીલંકામાં

નવી દિલ્હી: આગામી ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે બીસીસીઆઇએ ભારતમાં પાંચ સ્થળ શૉર્ટ-લિસ્ટ કર્યાં છે અને ફાઇનલ આઠમી માર્ચે અમદાવાદમાં રમાશે. જો પાકિસ્તાન ફાઇનલમાં પહોંચશે તો એ ફાઇનલ શ્રીલંકામાં રમાશે એવું નક્કી થયું હોવાનું ગુરુવારે પીટીઆઇના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ભારતમાં જે પાંચ સ્થળ શૉર્ટ-લિસ્ટ કરવામાં આવ્યાં છે એમાં અમદાવાદ ઉપરાંત મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નઈનો સમાવેશ છે.

થોડા મહિના પહેલાં એવું નક્કી કરાયું હતું કે ૨૦૨૭ની સાલ સુધી ભારત અને પાકિસ્તાન એકમેક વિરુદ્ધની મૅચ તટસ્થ સ્થળે રમશે. આ સંબંધમાં આઇસીસી તેમ જ બીસીસીઆઇ અને પાકિસ્તાન બોર્ડ દ્વારા સમજૂતી થઈ છે.

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ક્રિકેટ જગતનું સૌથી મોટું સ્ટેડિયમ છે જ્યાં એક લાખથી વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. ૨૦૨૩માં વન-ડેના વર્લ્ડ કપની ફાઇનલ અમદાવાદના આ જ સ્ટેડિયમમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી.

૨૦૨૩ની એ વન-ડે સ્પર્ધાની મૅચો કુલ મળીને ૧૦ સ્થળે રમાઈ હતી. એવું મનાય છે કે આઇસીસી આગામી ટી-૨૦ ટૂર્નામેન્ટનું સત્તાવાર શેડ્યૂલ એક અઠવાડિયાની અંદર જાહેર કરશે.

ટી-૨૦ વર્લ્ડ કપ સાતમી ફેબ્રુઆરીએ શરૂ થશે અને આઠમી માર્ચે ફાઇનલ મુકાબલો થશે. શ્રીલંકામાં કૅન્ડી તથા કોલંબો સહિત ત્રણ સ્થળે વિશ્વ કપની મૅચો રમાશે.

ભારત આ વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે રમશે. ગયા વર્ષે જૂનમાં બાર્બેડોઝમાં ભારતે રોહિત શર્માના સુકાનમાં ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને વર્લ્ડ કપ ટ્રોફી જીતી લીધી હતી. એ ટૂર્નામેન્ટને અંતે રોહિત ઉપરાંત વિરાટ કોહલી અને રવીન્દ્ર જાડેજાએ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી.

# પીએમ મોદીએ હનુમાનજીના ટૅટૂ વિશે પૂછ્યું ત્યારે દીપ્તિ શર્માએ કહ્યું કે તેમના પર મને ખૂબ શ્રદ્ધા છે

નવી દિલ્હી: રવિવાર, બીજી નવેમ્બરનો દિવસ ભારતીય મહિલા ક્રિકેટ માટે ઐતિહાસિક હતો ત્યાર બાદ ભારતની એ જ વર્લ્ડ ચેમ્પિયન ટીમની ખેલાડીઓ માટે બુધવારનો દિવસ પણ અવિસ્મરણીય હતો, જ્યારે તેઓ પાટનગર દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમના નિવાસસ્થાને મળવા ગઈ હતી અને એ દરમ્યાન તેમની વચ્ચે થયેલી હળવી ચર્ચામાં પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ અને ભારતની સર્વોત્તમ મહિલા ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા સાથેની વાતચીત હટકે હતી.

૨૦૧૭માં મિતાલી રાજના નેતૃત્વમાં ભારતીય ટીમ વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડ સામેની દિલધડક ફાઈનલ જરાક માટે હારી ગઈ હતી. ત્યારની રનર-અપ ભારતીય ટીમમાં પણ હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્મા હતી. ભારતીય ટીમ ત્યારે ખૂબ નિરાશ હાલતમાં હતી, પરંતુ પીએમ મોદીએ ત્યારે તેમને જુસ્સો અને આત્મવિશ્વાસ અપાવ્યા હતા.

આ વખતે વિશ્વ કપની ટ્રોફી ઘરઆંગણે આવી અને ભારતીય ટીમે જીતીને દેશ માટે નવો ઇતિહાસ સર્જ્યો.

દીપ્તિ શર્માએ બુધવારે વડા પ્રધાન મોદી સાથેની વાતચીતમાં તેમને કહ્યું કે 'હું તમને ફરી મળવા માટે ૨૦૧૭ના વર્ષથી રાહ જોઈ રહી હતી. ત્યારે તમે અમને હિંમત અપાવતાં કહ્યું હતું કે સપનું પૂરું કરવા માટે તમે બધા તનતોડ મહેનત કરો. તમે મને નિષ્ફળતાના આઘાતમાંથી બહાર આવવાની ખૂબ સરસ સલાહ આપી હતી. તમારું એ મૉટિવેશન અમને બધાને ખૂબ કામ લાગ્યું અને અમે ટ્રોફી જીતીને લઈ આવ્યાં. હું તમારી સ્પીચ ઘણી વાર સાંભળું છું. તમે ખૂબ શાંત સ્વભાવના છો અને તમારા વિશે કોઈ અજુગતું બોલે તો પણ તમે શાંત અને સ્વસ્થ અભિગમથી સ્થિતિને સંભાળી લો છો.'

દીપ્તિ શર્માએ ઇન્સ્ટાગ્રામ પરની બાયોમાં 'જય શ્રી રામ' લખ્યું છે અને હાથ પર હનુમાનજીનું ટૅટૂ બનાવડાવ્યું છે. એ વિશે જ્યારે મોદીએ તેને પૂછ્યું કે 'તમે ક્રિકેટ રમવા માટે બધે ફરતા હો ત્યારે હનુમાનજી તમારી કેવી રીતે મદદ કરતા હોય છે?' દીપ્તિએ હસતાં કહ્યું, 'બજરંગ બલીમાં મને ખૂબ શ્રદ્ધા છે અને હું જ્યારે પણ તકલીફમાં હોઉં છું ત્યારે તેમને યાદ કરું છું, તેમનું નામ લઉં છું ત્યારે મને લાગે છે કે હું તેમની કૃપાથી જ મુશ્કેલીઓમાંથી બહાર આવી ગઈ.'

મોદીએ ત્યારે તમામ ખેલાડીઓને સંબોધતા કહ્યું, 'શ્રદ્ધા આપણા જીવનમાં ખૂબ કામ કરતી હોય છે. એનો ફાયદો એ છે કે તેમને (ઈશ્વરને) આપણે બધું સોંપીને નિશ્ચિંત થઈ જઈએ છીએ કે એ બધું બરાબર કરી આપશે.'

# ઑસ્ટ્રેલિયાએ ૨૮ રનમાં સાત વિકેટ ગુમાવી એટલે હાર્યું

ગોલ્ડ કોસ્ટ: અહીં ગઈ કાલે ભારત સામેની ચોથી ટી-૨૦માં ઑસ્ટ્રેલિયાએ જોરદાર ધબડકો જોયો અને એ સાથે તેઓ જરાય લડત ન આપી શક્યા અને ભારતે જીતીને સિરીઝની હારથી પોતાને બચાવી લીધું હતું. એક તબક્કે પહેલા ૯૧ રનમાં ઑસ્ટ્રેલિયાની માત્ર ત્રણ વિકેટ હતી, પણ ૨૮ રનમાં તેમણે પછીની સાત વિકેટ ગુમાવી હતી.

ભારતે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૭ રન કર્યા પછી કાંગારુઓ ૧૧૯ રનના સ્કોર પર આઉટ થઈ જતાં ભારતનો ૪૮ રનથી વિજય થયો હતો. અક્ષર પટેલે ઑસ્ટ્રેલિયાની પહેલી બે વિકેટ અપાવી હતી જેમાં ઓપનર મૅથ્યૂ શૉર્ટ (પચીસ રન) તથા વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૧૨ રન)નો સમાવેશ હતો. અક્ષરે જે ચાર ઓવર બોલિંગ કરી હતી એમાં ૧૨ ડૉટ-બૉલ હતા અને ૨૦ રનના ખર્ચે તેણે બે મહત્ત્વની વિકેટ મેળવી હતી.

વૉશિંગ્ટન સુંદરે સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ શિવમ દુબેએ બે વિકેટ અને અર્શદીપ, બુમરાહ, વરુણે એક-એક વિકેટ મેળવી હતી. વરુણે ખાસ કરીને કમબૅકમૅન ગ્લેન મૅક્સવેલની વિકેટ લીધી હતી. મૅક્સવેલ કાંડાના ફ્રૅક્ચર બાદ સાજો થઈને ફરી રમવા આવ્યો છે, પણ ફક્ત બે રનના પોતાના સ્કોર પર વરુણના ગૂગલીમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. એક તબક્કે ભારતનો સ્કોર ૧૪ ઓવરમાં ૨/૧૨૧ હતો. સ્પિનર ઍડમ ઝૅમ્પા (૪૫ રનમાં ત્રણ વિકેટ)એ અપાવેલા બ્રેકથ્રુને કારણે કુલ સ્કોર ૧૬૭ રન સુધી જ પહોંચી શક્યો હતો. ઝૅમ્પા બીજા બાળકનો પિતા બન્યા પછી ફરી રમવા આવ્યો છે. તેના ઉપરાંત પેસ બોલર નૅથન ઇંગ્લિસ (૨૧ રનમાં ત્રણ વિકેટ)એ ભારતીય બૅટ્સમેનોને કાબૂમાં રાખ્યા હતા.


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ગાર્ડન વિભાગ

નંબર DySG/Z-VII/૨૪૮/SGMC તા. ૬.૧૧.૨૦૨૫

**'ટેન્ડર નોટિસ'**

**વિષય:-** ૧૨ મહિનાની મુદત માટે અધિકારક્ષેત્રમાં ઝોન-VIIમાં આર/સાઉથ આર/સેન્ટ્રલ & આર/નોર્થ વોર્ડમાં જાહેર તેમજ ખાનગી પ્રિમાઈસિસમાંથી સુકાય ગયેલ અને જોખમી વૃક્ષો/ ડાળીઓને દૂર કરવા અને વૃક્ષોના રક્ષણ અને જાળવણી માટે ઈ-ટેન્ડર મંગાવવા માટે.

**સંદર્ભ:-** DMC/ગાર્ડન્સ/૨૧૧૭ તા. ૩.૧૧.૨૦૨૫

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં, ગાર્ડન વિભાગ ૧૨ મહિનાની મુદત માટે BMC અધિકારક્ષેત્રમાં ઝોન VIIમાં આર/સાઉથ આર/સેન્ટ્રલ & આર/નોર્થ વોર્ડમાં જાહેર તેમજ ખાનગી પ્રિમાઈસિસમાંથી સુકાય ગયેલ અને જોખમી વૃક્ષો/ ડાળીઓને દૂર કરવા અને વૃક્ષોના રક્ષણ અને જાળવણી માટે ઈ-ટેન્ડર મંગાવાય છે.

તેથી તમને મહાટેન્ડર વેબસાઈટ (https://mahatenders.gov.in)ની મુલાકાત લેવા વિનંતી.

સહી/-
ડે. સુપરિટેન્ડન્ટ ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર (Z-VII)

PRO/2126/ADV./2025-26

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**(હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)**

Ch.E/B.M/૧૧૪૫૨/HIC તા. ૦૬.૧૧.૨૦૨૫

**ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ડિપાર્ટમેન્ટ | Ch.E (બિલ્ડિંગ મેન્ટેનન્સ) |
| સબ-ડિપાર્ટમેન્ટ | Dy. Ch.E (HIC) |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૨૪૦૪૪૪_૧ |
| વિષય | R/N વોર્ડ, મુંબઈમાં બોરીવલી મેટરનિટી હોમ (KCL ભણસાલી મેટરનિટી હોમ) હરિશંકર જોષી માર્ગ, દહિસર (પૂ)માં માળખાકીય સમારકામ. |
| ટેન્ડર વેચાણ | ૦૭/૧૧/૨૦૨૫ના સ. ૧૧:૦૦ થી ૧૭/૧૧/૨૦૨૫ના બ. ૧૬.૦૦ સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | AE (HIC) ઝોન VII/SE(HIC)WS |
| નામ | સુનિલ યમગર / નેહા એ. રામટેકે |
| ટેલિફોન નં. | ૯૯૬૭૩૦૭૪૩૦ / ૭૯૭૭૯૮૯૩૪૬ |
| ઈ-મેલ આઈડી | Se32hic.pd@mcgm.gov.in |

સહી/-
Dy. Ch.E. (HIC)

PRO/2117/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

Mumbai Building Repairs & Reconstruction Board,
Unit of MHADA,
Tel. No. 022-24181691

म्हाडा MHADA

**M-TENDER NOTICE**

**M-Tender Notice no. EE/FN/MBRRB/15/2025**

Executive Engineer "F/N" Division/Mumbai Building Repairs & Reconstruction Board, Unit of MHADA, Sonawala Building No. 22, S. A. Palav Marg, Shidewadi, Dadar (E), Mumbai- 400 014. invites offline Tender in form of "B-1" (Percentage Rate) for the 04 works offline tenders from the eligible contractors who are registered with MHADA/M.B.R.& R. Board/ M.C.G.M./ CIDCO/ PWD/ CPWD/ MJP/ MIDC/ BPT/ MES/ Indian Railway or any Govt./ Semi Govt. organization of appropriate classes.

Information of tenders will be available on the notice board of the office.

| Sr. No. | Phase | Timing |
|---|---|---|
| 1. | Starting date of Sale of Blank Tender copies | 07/11/2025, 11: 00 a.m. |
| 2. | Closing date of Sale of Blank Tender copies | 14/11/2025, 01: 00 p.m. |
| 3. | Submission of Tender copies | 17/11/2025 to 18/11/2025 11: 00 a.m. to 1:00 p.m. |
| 4. | Date of Technical Opening | 19/11/2025, 3:00 p.m. onwards |
| 5. | Financial Bid of eligible contractors | 20/11/2025, 11:00 a.m. onwards |

Competent Authority reserves the right to decline 1 or all tender without giving any reason.

**Note:-** 1. Corrigendum/Amendments if any could be published only on notice board.

Sd/-
Executive Engineer "F/N" Divn.,
M. B. R. & R. Board

CPRO/A/899
MHADA-Leading Housing Authority in the Nation

Follow us: mhadaofficial

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી. એન્જિ./M&E/૪૮૫૩ ૦૬.૧૧.૨૦૨૫ના

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ''ટેન્ડર'' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે. ઈ-ટેન્ડર BMC પોર્ટલ (http://portal.mcgm.gov.in) તેમજ NIC પોર્ટલ https://mahatenders.gov.in પર ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| વિષય | ભટવાડી સ્મશાનભૂમિ બર્વે નગર, ઘાટકોપર (પશ્ચિમ) ખાતે O & M અને CSMC (DLP મુદતના ૧ વર્ષ પછી) સાથે લાકડાના થાંભલાઓ અને APC સિસ્ટમનું રિમોવલ અને SITC. ૨૦૨૫_MCGM_૧૨૪૧૦૮૯_૧ |
| ટેન્ડર વેચાણ: | ૦૭/૧૧/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૨૦/૧૧/૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી |
| પ્રી બીડ તારીખ: | ૧૪/૧૧/૨૦૨૫ બ. ૦૩.૦૦ ક. |
| લિગલ/ટ્રેડ નામ: GSTIN નં. | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન 27AAALM0042L3Z4. |
| સંપર્ક વ્યક્તિ: a) નામ b) ટેલિ. નં. c) મોબાઈલ નં. d) ઈ-મેલ સરનામું | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) કંસ. શ્રી. મનોજ વાનખેડે ૨૪૯૫૮૧૫૩ ૯૬૩૭૩૪૧૦૦૪ eemecheiconst.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરોની વધુ વિગતો માટે **http://portal.mcgm.gov.in** ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ કરવામાં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
એક્ષિ. એન્જિ. મિકે. (E.I.) કંસ.

PRO/2123/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**B.Y.L. નાયર ચેરિટેબલ હોસ્પિટલ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૦૮.**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ક્વોટેશન નોટિસ**

**નં. NLE/૬૭૬૭ તારીખ: ૦૬.૧૧.૨૦૨૫**

**ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવે છે. ટેન્ડર ફક્ત મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર સ્ક્રૂટીની ફી | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | ૪૭૧ દિવસ અથવા ૩૧.૦૩.૨૦૨૭ સુધી (કુલ ૧૭૧ નં. MPW)ની મુદત માટે ટોપીવાલા નેશનલ મેડિકલ કોલેજ & B.Y.L.નાયર ચે. હોસ્પિટલ ખાતે કોન્ટ્રાક્ટ ધોરણે બહુહેતુક કામદારોની સપ્લાય. ઈ-ટેન્ડર ID- ૨૦૨૫_MCGM_૧૨૪૦૫૧૬_૧ | રૂ. ૧૮,૧૫૦/- + રૂ. ૩,૨૬૭/- (૧૮% GST = ૨૧,૪૧૭) | રૂ. ૯,૦૦,૦૦૦/- | ૦૭.૧૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. | ૨૪.૧૧.૨૦૨૫ ૧૧.૦૦ ક. |

પ્રી બીડ મીટિંગ ડીન, **B.Y.L. નાયર ચેરિટેબલ હોસ્પિટલ, બોર્ડ રૂમ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-** ૪૦૦ ૦૦૮ ખાતે તા. ૧૩.૧૧.૨૦૨૫ના બ. ૧૨.૦૦ ક. યોજાશે.

મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા બિડ મંગાવવામાં આવશે. ટેન્ડરરે નોંધ લેવી કે આ ટેન્ડર નોટિસ અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત મહાટેન્ડર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
B.Y.L. નાયર ચે. હોસ્પિટલ

PRO/2134/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

લાયસન્સ અતિક્રમણ D વોર્ડ

નં. ACD/૨૫૪૮૩/Lic (અતિ.) તારીખ: ૦૪.૧૧.૨૦૨૫

**EOI**

વિષય : D વોર્ડમાં અનધિકૃત ફેરીયાઓને દૂર કરવા માટે સ્થાનિક બેરોજગાર સેવા સહકારી સંસ્થા દ્વારા કોન્ટ્રાક્ટર લેબરની સપ્લાય અંગેની જાહેર સૂચના.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં લાયકાતની યાદી બનાવીને રજીસ્ટર્ડ સ્થાનિક બેરોજગાર સેવા કો-ઓપ. સંસ્થાઓ પાસેથી કોન્ટ્રાક્ટ લેબરની જોગવાઈ કરવા અરજીઓ મંગાવાય છે. વર્ક ઓર્ડર ઈશ્યૂ તારીખથી ૩૧.૦૩.૨૦૨૬ સુધી (રવિવાર સિવાય) અતિક્રમણ રીમુવલ વાહન પર કામ કરવા લોટરી સિસ્ટમ દ્વારા પસંદગી કરીને આ પસંદ કરેલ દરેક ૨ સંસ્થા પાસેથી દિવસ દીઠ ૬ મજૂરો એટલે કે દિવસ દીઠ ૮ કલાક માટે ૧૨ મજૂરો જોઈએ છે.

અરજીનો નમૂનો ૧૦.૧૧.૨૦૨૫થી ૧૮.૧૧.૨૦૨૫ સુધી સ. ૧૧થી બ. ૨ ક.ની વચ્ચે રૂા. ૩૬૩૦/- + ૧૮% GST રોકડામાં (નોન રીફંડેબલ) ચૂકવીને સીનીયર ઈન્સ્પેક્ટર (અતિક્રમણ) લાયસન્સ વિભાગ D વોર્ડમાં રૂમ નં. ૧૦૭, ૧લો માળ, જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાના ચોક, ગ્રેન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭માં ઉપલબ્ધ છે. લાયકાતની શરતો મુજબ આસીસ્ટન્ટ કમિશનર ડી વોર્ડ કામના નિયમો અને શરતો મુજબ લાયક યાદીમાંથી લોટરી પદ્ધતિ દ્વારા સફળ થયેલ સંસ્થાને કામ આપવામાં આવશે. આસીસ્ટન્ટ કમિશનર, D વોર્ડ લોટરી પદ્ધતિના પરિણામ રદ કરવાનો અધિકાર ધરાવે છે.

અરજીની છેલ્લી તારીખ ૧૮-૧૧-૨૦૨૫ બ. ૩.૦૦ ક. સુધી (સિલબંધ કવરમાં) છે. ત્યાર બાદ કોઈ અરજી ભરાશે તો વિચારણા કરાશે નહીં.

ટેન્ડર ૧૮.૧૧.૨૦૨૫ના સાં. ૪.૦૦ ક. ડ્રૉન (કાઢવામાં આવશે) કરાશે.

કૃપયા નોંધ લેવી કે જે સંસ્થા ઉપરોક્ત લાયકાતની શરતો પૂરી ન પાડે તો કોઈપણ કારણ જણાવ્યા વિના અપાત્ર કરવામાં આવશે.

સહી/-
આસી. કમિશનર 'D' વોર્ડ

PRO/2099/ADV./2025-26

**ચાલો સાથે મળી મુંબઈને મેલેરીયા મુક્ત બનાવીએ**


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**




# ૧,૮૦૦ કરોડની જમીન 300 કરોડમાં

# અજિત પવારના પુત્ર પાર્થ પવારને સંડોવતા જમીન સોદા પર બબાલ

## સબ-રજિસ્ટ્રાર સસ્પેન્ડ, તપાસનો આદેશ

### પ્રથમ દૃષ્ટિએ કેસ ગંભીરઃ ફડણવીસ

જમીન સોદા અંગેના સવાલના જવાબમાં, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે 'પ્રથમ દૃષ્ટિએ, મુદ્દો ગંભીર લાગે છે' આ બાબતે તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું, પ્રથમ નજરે, આ મુદ્દો ગંભીર લાગે છે. મેં સંબંધિત વિભાગો પાસેથી કેસ સંબંધિત બધી માહિતી માંગી છે. તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. હું તેના વિશે અને બધી વિગતો મેળવ્યા પછી શું કાર્યવાહી કરવામાં આવશે તે વિશે કહી શકું છું. ■

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના અધ્યક્ષ અજિત પવારના પુત્ર પાર્થ પવાર પર મફતના ભાવે જમીન પડાવી લેવાનો આરોપ લાગ્યા પછી રાજ્યના રાજકીય વાતાવરણમાં ગરમાટો આવી ગયો છે. વિપક્ષને આ મુદ્દે ટીકા કરવાની તક મળી છે, જ્યારે સત્તાધારીઓને પણ આ કેસમાં ગંભીરતા લાગી રહી છે. ખાસ કરીને અજિત પવારને નીચાજોણું કરાવનારી આ તક છોડવા કોઈ તૈયાર નથી.

મહારાષ્ટ્રના મહેસૂલ

(જુઓ પાનું ૪) ▸▸

### કેવી રીતે બહાર આવ્યું આખું પ્રકરણ?

આરટીઆઈ કાર્યકર્તા વિજય કુંભારના જણાવ્યા અનુસાર, પુણેના ઉચ્ચ બજાર મુંધવા વિસ્તારમાં એક જમીન પાર્થ પવાર સાથે જોડાયેલી કંપની દ્વારા આશરે ૩૦૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી, તેમ છતાં તેનો બજાર ભાવ નોંધપાત્ર રીતે વધારે હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ સોદા પર ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી માફ કરવામાં આવી હતી. કેટલાક લોકો બીજા કરતા વધુ સમાન કેમ છે? તેમણે બુધવારે એક સોશિયલ પોસ્ટમાં પૂછ્યું હતું.■

### ફક્ત ૨૭ દિવસમાં ૧,૮૦૦ કરોડની જમીનનો વ્યવહારઃ શિવસેના (યુબીટી)

શિવસેના (યુબીટી)ના નેતા અંબાદાસ દાનવેએ દાવો કર્યો હતો કે ખાનગી કંપની દ્વારા ખરીદાયેલી જમીન રૂ. ૧,૮૦૦ કરોડની છે. તેમણે કહ્યું કે કંપનીએ ૨૨ એપ્રિલે આઈટી પાર્ક સ્થાપવા માટેનો ઠરાવ પસાર કર્યો અને '૧ લાખ રૂપિયાની

(જુઓ પાનું ૪) ▸▸




### નિયમ બાહ્ય કૃતિનું સમર્થન કરીશ નહીંઃ અજિત પવાર

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની અમેડિયા કંપનીએ પુણેના કોરેગાંવ પાર્કમાં ૪૦ એકરનો પ્લોટ ખરીદ્યા બાદ રાજકીય આક્ષેપોનો દોર શરૂ થયો હતો જેને પગલે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે નિયમ બાહ્ય કૃતિનું હું ક્યારેય સમર્થન કરીશ નહીં.

'મીડિયાએ જે પણ કેસ ચલાવ્યો છે તેની મારી પાસે સંપૂર્ણ માહિતી નથી. હું તે મામલા

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર ૭.૭ ટકાની વૃદ્ધિનો ઈતિહાસ રચશે!

## માથાદીઠ આવક ૩,૧૦,૨૩૩ રહેવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૦૨૪-૨૫ના વર્ષ માટે રાજ્યની કુલ ઉપજ (જીએસડીપી)માં ૭.૭ ટકા જેટલો વધારો થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ વૃદ્ધિદર બની રહેશે. આ પહેલાં ૨૦૨૩-૨૪માં ૬.૫ ટકાનો વૃદ્ધિ દર નોંધાયો હતો જે સૌથી વધુ હતો.

મહારાષ્ટ્ર સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક મંડળ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન (જીએસડીપી)ના કામચલાઉ અંદાજ (પીઈ) સતત (આધાર વર્ષ ૨૦૧૧-૧૨)

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

